# અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો

સન ૨૦૦૮ થી ૨૦૧૨  દરમિયાન

ગુજરાત વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીએ

આપેલા અગત્યના નિર્ણયો

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

વિઠ્ઠલભાઈ પટેલ ભવન,

સેક્ટર–૧૦, ગાંધીનગર–૩૮૨૦૧૦

૨૦૧૩

## પ્રસ્તાવના

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીએ સન ૨૦૦૮ થી ૨૦૧૨ દરમિયાન સભાગૃહમાં આપેલા અગત્યના નિર્ણયોનો આ સંગ્રહમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સંગ્રહમાં સરળતા માટે સંગ્રહને અંતે સૂચિપત્ર આપ્યું છે. આશા છે કે આ સંગ્રહ વિધાનસભાના સભ્યો અને બીજા સંબંધકર્તાઓને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

તા.૨–૧–૨૦૧૩

ડી.એમ.પટેલ

સચિવ

ગુજરાત વિધાનસભા સચિવાલય

# બારમી ગુજરાત વિધાનસભા

## અનુક્રમણિકા


| અનુ. | વિષય | નિર્ણય ક્રમાંક | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | **અરજી સમિતિ** | | |
| | - ઉપાધ્યક્ષનું પદ | ૧ | |
| ૨. | **અવમાન** | | |
| | -અધ્યક્ષશ્રીના નિર્ણયનો અનાદર | ૨ | |
| | -અધ્યક્ષશ્રીના નિર્ણય વિરુધ્ધ સભાત્યાગ | ૩ | |
| | - અધ્યક્ષશ્રીના નિર્ણય વિરુધ્ધ સુત્રોચ્ચાર | ૪ | |
| | -પ્રદર્શન | ૫ | |
| | -રાજ્યપાલશ્રીના સંબોધન દરમિયાન સુત્રોચ્ચાર અને બેનરોનું નિદર્શન | ૬ | |
| | -લોકપ્રતિનિધિનું વર્તન | ૭ | |
| | -સભાગૃહમાં નિદર્શનો અને સુત્રોચ્ચાર | ૮ | |
| ૩. | **અધ્યક્ષના અધિકારો** | | |
| | - ગૃહની બેઠક બોલાવવી | ૯ | |
| | - વિધાનસભા ભવન | ૧૦ | |
| ૪. | **આક્ષેપ** | | |
| | -અંગત આક્ષેપ | ૧૧ | |
| ૫. | **ઔચિત્યભંગ** | | |
| | - અધ્યક્ષ ગૃહને સંબોધતા હોય ત્યારે સભ્યે પોતાનું સ્થાન છોડવું જોઇએ નહીં | ૧૨ | |
| | - નીતિ વિષયક જાહેરાત | ૧૩ | |
| ૬. | **અંદાજપત્ર** | | |
| | - બેઠા બેઠા અંદાજપત્ર પ્રવચનનું વાંચન | ૧૪ | |
| | - અંદાજપત્ર પ્રકાશનોમાં દર્શાવેલ વિગતોના અનુવાદ | ૧૫ | |
| | -રાજવિત્તીય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ હેઠળ સ્વૈચ્છિક રીતે જાહેર કરવાની માહિતીના પત્રકો | ૧૬ | |
| ૭. | **કામકાજ સલાહકાર સમિતિ** | | |
| | - હાજર રહેવા બાબત | ૧૭ | |
| ૮. | **ચર્ચા** | | |
| | - કોર્ટના ચૂકાદાનો ઉલ્લેખ | ૧૮ | |
| | - વકતવ્ય વાંચવુ | ૧૯ | |
| | - અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાની મર્યાદા | ૨૦ | |
| | - કેન્દ્ર સરકારની ટીકા | ૨૧-૨૨ | |
| | - કેન્દ્ર સરકારનો ઉલ્લેખ | ૨૩ | |
| | - બોર્ડ કોર્પોરેશનના વહીવટ અંગે ચર્ચા | ૨૪ | |
| | - સબજ્યુડિસ બાબત | ૨૫ - ૨૬ | |
| | અખબાર આધારિત ઉલ્લેખ | ૨૭ | |
| ૯. | **તસ્વીર** | | |

| | | | |
|---|---|---|---|
| | - ધાર્મિક / સાંસ્કૃત્તિક સ્થળોની તસ્વીર | ૨૮ | |
| ૧૦. | **દીર્ઘા** | | |
| | - અધિકારી દીર્ઘા | ૨૯ | |
| | - પત્રકાર  દીર્ઘા | ૩૦ | |
| ૧૧. | **નિવેદન** | | |
| | - નિયમ-૪૪નું નિવેદન | ૩૧ | |
| ૧૨. | **નુકસાન** | | |
| | - સરકારી / પ્રજાની મિલકતને નુકસાન | ૩૨ | |
| ૧૩. | **પ્રશ્નો** | | |
| | - અભિનંદન/આવકાર, વિશેષણ, ટીકા, વક્રોક્તિ વગેરે | ૩૩ | |
| | - અસંસદીય શબ્દપ્રયોગ | ૩૪ | |
| | - તારાંકિત પ્રશ્નો અને તેના લેખિત જવાબો | ૩૫-૩૬ | |
| | -  તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ટૂંકા હોવા જોઇએ | ૩૭-૩૮ | |
| | - દાખલપાત્રતા | ૩૯ | |
| | - પૂરક પ્રશ્ન | ૪૦-૪૧ | |
| | -  પ્રશ્નકાળના સંચાલન માટે કાર્યશૈલી નક્કી કરવાનો  અધ્યક્ષનો અધિકાર | ૪૨ | |
| | -  પ્રભારી સભ્યની ગેરહાજરી | ૪૩-૪૪ | |
| | - પ્રશ્નના વિષયને સંબધિત જિલ્લાના સભ્યોને પૂરક પ્રશ્નો પૂછવામાં અગ્રતા | ૪૫ | |
| | - પ્રશ્ન પૂછવાના અધિકારની ટીકા ટિપ્પણ | ૪૬ | |
| | - લેખિત રજૂઆત | ૪૭ | |
| ૧૪. | **વિધેયકો** | | |
| | - દાખલપાત્રતા | ૪૮ | |
| | - પ્રીન્ટીંગ ભૂલ | ૪૯ | |
| | - પ્રભારી સભ્ય | ૫૦ | |
| | - પુનઃ વિચારણા માટે પરત કરેલ વિધેયક પાછું ખેંચવુ | ૫૧ | |
| | - વિધાનસભાની કાયદો ઘડવાની સક્ષમતા | ૫૨ | |
| | - વિનિયોગ વિધેયક પર ચર્ચા માટે મુદ્દા આપનાર સભ્યોની ગેરહાજરી | ૫૩ | |
| | - સુધારા | ૫૪ | |
| ૧૫. | **વિશેષાધિકાર ભંગ** | | |
| | - મોક વિધાનસભા | ૫૫-૫૬ | |
| | - સભ્યશ્રીની ઇરાદાપૂર્વક માનહાની કરવાથી થતો  વિશેષાધિકાર ભંગ | ૫૭ | |
| ૧૬. | **સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો** | | |
| | - અધિસૂચનાઓ | ૫૮ | |
| | -  C. A. G. ના અહેવાલો | ૫૯- ૬૦ | |
| | - તપાસ પંચનો અહેવાલ | ૬૧ | |
| | - વાર્ષિક હિસાબો | ૬૨ | |
| ૧૭. | **સભામોકૂફીનો પ્રસ્તાવ** | | |
| | - લઠ્ઠાકાંડ | ૬૩-૬૪ | |
| ૧૮ | **સરકારી સંકલ્પ** | | |
| | - દાખલપાત્રતા | ૬૫-૬૬ | |

| | | | |
|---|---|---|---|
| ૧૯. | **શોકદર્શક ઉલ્લેખ** | | |
| | - અવસાનના સમાચારની અધિકૃતતા | ૬૭ | |
| ૨૦. | **સભ્યોની ગૃહમાં હાજરી** | | |
| | - સભાગૃહનો બહિષ્કાર | ૬૮ | |

## અરજી સમિતિ :

### ૧. ઉપાધ્યક્ષનું પદ –

**અરજી સમિતિના અધ્યક્ષપદે નિયમ મુજબ ઉપાધ્યક્ષને રાખવા બાબત :**

તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ સભ્યશ્રી ચંદુભાઈ ડાભી દ્વારા નંદેસરી વિસ્તારની કેમિકલ ફેકટરીઓમાંથી નીકળતું પ્રદૂષણયુકત પાણી મીની નદીમાં છોડવાથી થતું પ્રદૂષણ અટકાવવા અંગેની અરજીની રજૂઆત થયા બાદ માન. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિહ ગોહિલે અરજી સમિતિના અધ્યક્ષપદે ગુજરાત વિધાનસભાના નિયમ – ૨૪૭ મુજબ ઉપાધ્યક્ષને રાખવાના હોય છે અને તે પદ ઘણા વખતથી ખાલી રહેલ છે તેથી ઉપાધ્યક્ષનું પદ ભરવા બાબતે માન. અધ્યક્ષશ્રીએ સરકાર પર દબાણ લાવવા સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

આ તબકકે મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે પોતાનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું હતું કે વિરોધપક્ષના નેતા ઉપાધ્યક્ષની ચૂંટણી કરવા અને પદ ભરવા માટે માન. અધ્યક્ષશ્રી પર બંધન લાદી શકે નહીં તેમજ ઉપાધ્યક્ષનું પદ ભરવાની જવાબદારી તેઓની થતી નથી.

માન. અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતા જણાવ્યું હતું કે બારમી વિધાનસભાના પ્રથમ સત્ર બાદ અરજી સમિતિની રચના કરવામાં આવેલ છે. નિયમોથી મને મળેલ સત્તાની રૂએ મે અધ્યક્ષપદે સભ્યશ્રી નારાયણભાઈ પટેલને મૂકેલ છે. અરજી સમિતિ હાલમાં કાર્યરત છે. ઉપાધ્યક્ષનું પદ ખાલી કેમ રહેલ છે તે વિવાદમાં ન પડવાનું જણાવી માન. વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો માન. અધ્યક્ષશ્રીએ અસ્વીકાર કર્યો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૮ : ૨૦૦૮)

## અવમાન

### ૨. અધ્યક્ષશ્રીના નિર્ણયનો અનાદર :

**અધ્યક્ષે આપેલા નિર્ણયના અનાદરથી ગૃહનું અવમાન થાય.**

**ગૃહના અવમાન બદલ વિરોધપક્ષના નેતાને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા.**

તા.૨૯–૨–૨૦૧૨ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન માન. વિરોધપક્ષના નેતાશ્રીએ માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી પર અંગત આક્ષેપ કરતાં તે સંબંધમાં માન. વિરોધપક્ષના નેતાશ્રી અંગત આક્ષેપ બદલ ગૃહની માફી માગે તેવો માન. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો. ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચામાં ભાગ લેતાં માન. વિરોધપક્ષના નેતાશ્રીએ જણાવ્યું હતું કે તેમણે માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી પર કોઈ અંગત આક્ષેપ કર્યા હોય તો તે સમયની કાર્યવાહીના રેકોર્ડીંગની ચકાસણી કરવામાં આવે અને જો ચકાસણીમાં અંગત આક્ષેપ કર્યાનું પૂરવાર થાય તો પોતે

સભાગૃહની માફી માગશે. તત્સમયે માન. અધ્યક્ષશ્રીએ પોતે રેકર્ડ જોઈને નિર્ણય આપશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ ગૃહની કાર્યવાહીના રેકર્ડની ચકાસણી કરીને નિર્ણય આપતા જણાવ્યું હતું કે માન.વિરોધપક્ષના નેતાશ્રીએ માન.સંસદીય મંત્રી પર અંગત આક્ષેપ કર્યો છે અને તે બદલ માન. વિરોધપક્ષના નેતાશ્રીને ગૃહની માફી માગવા જણાવ્યું હતું. પરંતુ માન. વિરોધપક્ષના નેતાશ્રીએ પોતાની વાતને વળગી રહીને ગૃહની માફી માગવા ઈન્કાર કર્યો હતો. તેના અનુસંધાને તા. ૨/૩/૨૦૧૨ના રોજ માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી (રા.ક.) એ ગૃહના અવમાનનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે, માન. વિરોધપક્ષના નેતાશ્રીએ ગૃહની માફી માગવાના અધ્યક્ષે કરેલ નિર્ણયનો અનાદર કરીને સભાગૃહનું અવમાન કરેલ છે તેથી માન. વિરોધપક્ષના નેતાશ્રીને ગૃહની માફી માંગે નહિ ત્યાં સુધી અથવા સત્ર સમાપ્ત થાય ત્યાં સુધી ગૃહની સેવામાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને માન. વનમંત્રીશ્રીએ સમર્થન આપ્યું હતું. ઉકત પ્રસ્તાવ માન. અધ્યક્ષશ્રીએ સભાગૃહના મત પર મૂકતાં સભાગૃહે તેનો સ્વીકાર કર્યો હતો. તેના અનુસંધાને માન. વિરોધપક્ષના નેતાશ્રીને સભાગૃહની સેવામાંથી સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક– ૧૬૪ : ૨૦૧૨)

**અવમાન :**

**૩. અધ્યક્ષના નિર્ણય વિરૂધ્ધ સભાત્યાગ :**

**અધ્યક્ષના નિર્ણય વિરૂધ્ધ સભાત્યાગ કરવાથી સભાગૃહનું અવમાન થાય છે.**

તા ૭મી માર્ચ, ૨૦૧૧ના રોજ પૂરક માગણીઓ પરની ચર્ચા દરમિયાન સોલાર પાર્ક અંગે થયેલ ઉલ્લેખો સંબંધમાં માનનીય રાજયકક્ષાના નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે તેમના પ્રવચનમાં સ્પષ્ટતાઓ કરી હતી. માનનીય મંત્રીશ્રીના પ્રવચન બાદ વિરોધપક્ષના નેતા શ્રી શકિતસિંહ ગોહિલે **right to question** ઉપસ્થિત કર્યો હતો આ સંબંધે માનનીય અધ્યક્ષશ્રીએ તેમને નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા ચર્ચાનો જવાબ આપવાના હોવાથી તેમના જવાબ બાદ પ્રશ્ન પૂછવા જણાવ્યું હતું. આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતા સહિત વિરોધપક્ષના તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતાં સભાત્યાગ કરી ગયા હતા. માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય વિરૂધ્ધ સભાત્યાગ અંગે માનનીય સંસદીય મંત્રીશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તત્સમયે નિર્ણય મુલતવી રાખ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી (ગણપતભાઈ વસાવા)એ તા ૧૪મી માર્ચ, ૨૦૧૧ના રોજ મુલતવી રાખેલ નિર્ણય નીચે મુજબ આપ્યો હતો.

"માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સોલાર પાર્ક સબંધમાં કરેલ ઉલ્લેખો અંગે માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી સૌરભભાઈએ સ્પષ્ટતા કરી હતી. આ સ્પષ્ટતાના સંદર્ભમાં માનનીય વિરોધપક્ષના નેતાએ માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી ઉપસ્થિત થતી બાબત અંગે right to question ઉપસ્થિત કરી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા દેવાની પરવાનગી માગી હતી. તત્સમયે માનનીય વિરોધપક્ષના નેતાને પ્રશ્ન પૂછવાની અનુમતિ આપવામાં આવેલ હતી પરંતુ તે દરમિયાન નાણામંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી હતી કે ચર્ચાનો જવાબ તેઓ આપવાના હોવાથી right to question મંત્રીના જવાબ બાદ ઉપસ્થિત થાય છે. માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા અને સંસદીય બાબતોના (રા.ક.) મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપેલા મંતવ્યોને ધ્યાને લઈ વિરોધપક્ષના નેતાને પૂરક માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી આપે ત્યારબાદ પ્રશ્ન પૂછવા જણાવવામાં આવેલ હતું પરંતુ તેઓની રજૂઆત હતી કે ઉર્જા મંત્રીશ્રીએ

ચર્ચામાં દરમિયાનગીરી કરી હોવાથી ઉર્જા મંત્રીને right to question અનુસાર પ્રશ્ન પૂછવાનો તેમનો અધિકાર છે આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને નાણામંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપે ત્યારબાદ પ્રશ્ન પૂછવા જણાવતા, તેઓ નારાજ થઈ વિરોધપક્ષના તમામ સભ્યો સાથે સૂત્રોચ્ચાર કરતાં સભાગૃહનો ત્યાગ કર્યો હતો. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી સખત ઠપકો આપવાની માગણી કરી હતી. આ બાબતમાં મેં સભાગૃહના નિયમો, પ્રણાલિકાઓ તથા પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયોનો અભ્યાસ કર્યો છે. પૂર્વ અધ્યક્ષોના નિર્ણયો ૧૯૬૦–૮૪ના નિર્ણય ક્રમાંક : ૫૭૨માં જણાવ્યાનુસાર અધ્યક્ષશ્રીના નિર્ણયની વિરૂધ્ધમાં સભાગૃહ છોડીને ચાલ્યા જવું કે વોક આઉટ કરવો એ સભાગૃહનું અવમાન છે. ઉપરોકત અવલોકન ધ્યાને લેતા વિરોધપક્ષના તમામ સભ્યોએ મારા નિર્ણય વિરૂધ્ધ કરેલ સભાત્યાગ અનુચિત હતો અને તેને આ સભાગૃહ તેમજ મારું અવમાન લેખુ છું અને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા જણાવું છું."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૬ : ૨૦૧૧)

**અવમાન :**

**૪. અધ્યક્ષશ્રીના નિર્ણય વિરૂધ્ધ સુત્રોચ્ચારઃ**

તા ૧૮મી માર્ચ ૨૦૧૧ના રોજ માગણીઓ પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિધાનસભાની મુલાકાતે આવેલા નિરમાના અસરગ્રસ્ત ખેડૂતોને રોકવા બદલ તેમજ તેમને રક્ષણ આપવા માટે ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર માર્ગદર્શન આપવા માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી

ઉકત બાબતે વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાનો અસ્વીકાર કરતાં જણાવ્યું હતું કે ગૃહ બહાર બનેલી ઘટનાને ગૃહની કાર્યવાહી સાથે કોઈ સંબંધ નથી આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર કરવામાં આવતાં સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ વિપક્ષને ઠપકો આપવા બાબતે મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે સભાગૃહની કાર્યવાહી વિધાનસભાના નિયમો પ્રમાણે ચાલે છે. જે પ્રણાલિકા અને વ્યવસ્થા સ્થપાયેલી છે તેના આધારે કાર્યવાહી ચાલે છે. ગૃહમાં કયા સભ્યને બોલવા માટેની તક આપવી કે નહિ તેના અબાધિત અધિકારો માનનીય અધ્યક્ષશ્રીને આપવામાં આવેલા છે. કયા પક્ષના કયા સભ્યે કયા મુદ્દા પર બોલવું એના માટે પક્ષના દંડકો તરફથી સમયની ફાળવણી સાથેની યાદી અધ્યક્ષને આપવામાં આવે છે. જયારે શાસક પાર્ટીના સભ્યને બોલવા દેવા અંગે પાર્ટીના દંડક તરફથી જણાવવામાં આવેલ ન હોય તેમ છતાં પણ કોઈ મુદ્દા પર બોલવા માટેની સભ્યશ્રીએ પરવાનગી માગી હોય તો તેના માટે માનનીય અધ્યક્ષશ્રીને અધિકાર છે કે તેમને પરવાનગી આપવી કે નહિ પરંતુ વિપક્ષના સભ્યો સત્તાધારી પાર્ટીના સભ્યને બોલવાની તક આપવાના મુદ્દે સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ ઉભો કરે તે બાબત ઉચિત નથી તેથી વિપક્ષના સભ્યોના આવા વર્તન બદલ ઠપકો આપવામાં આવે એવી માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી (ગણપતભાઈ વસાવા)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

"સભ્યશ્રી કનુભાઈ કલસરીયા તથા વિપક્ષના અન્ય સભ્યશ્રીઓએ ગૃહના નિયમો / પ્રણાલિકાનો ભંગ કરી અધ્યક્ષના નિર્ણય વિરૂધ્ધ જે સૂત્રોચ્ચાર કર્યો છે તે ગૃહની ગરીમા સાથે સુસંગત ન હોવાથી તેઓને ઠપકો આપવામાં આવે છે."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૯ : ૨૦૧૧)

**અવમાન :**

**૫. પ્રદર્શન –**

**(૧) સભાગૃહની અંદર કાળાં કપડાં પહેરી પ્રદર્શન કરી શકાય નહીં.**

**(૨) અધ્યક્ષ સ્થાને બેઠેલ વ્યકિત સામે પીઠ ફેરવીને વાત ન કરી શકાય, તે ગૃહ તથા અધ્યક્ષ પદનું અવમાન છે.**

તા.૧૦/૭/૨૦૦૯ ના રોજ વિરોધપક્ષ કોંગ્રેસના સભ્યશ્રીઓએ કાળાં કપડાં પહેરીને સભાગૃહમાં આવી પ્રદર્શન કર્યુ હતુ. આ બાબતે તા.૧૩/૭/૨૦૦૯ ના રોજ સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને સભ્યશ્રી પ્રાગજીભાઈ પટેલે તેને સમર્થન આપ્યું હતુ. ઉકત પ્રદર્શન દરમિયાન વિરોધપક્ષના નેતાશ્રીએ માનનીય અધ્યક્ષશ્રી તરફ પીઠ રાખી જે વર્તન કર્યું હતુ તે બાબતે પોતાના વિચારો રજૂ કરી તા. ૨૫/૧૧/૨૦૦૧ ના રોજ નવી દિલ્હી ખાતે પ્રમુખ અધિકારીઓ, મુખ્ય મંત્રીશ્રીઓ, સંસદીય બાબતોના મંત્રીશ્રીઓ, નેતાશ્રીઓ તથા વિપક્ષના દંડકશ્રીઓની મળેલ અખિલ ભારતીય પરિષદમાં સંસદ અને વિધાનમંડળો બાબતે જે આચારસંહિતા ઘડવામાં આવી હતી તે વાંચી સંભળાવી માનનીય અધ્યક્ષશ્રીને તે બાબત ગંભીરતાથી લેવા શ્રી જાડેજાએ વિનંતી કરતાં માનનીય અધ્યક્ષ(શ્રી અશોક ભટ્ટ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો હતો :–

માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહે જે મુદ્દો ઉઠાવ્યો છે અને શ્રી પ્રાગજીભાઈએ જેને સમર્થિત કર્યો છે તે પ્રશ્ન કાળાં કપડાં પહેરીને આવવાનો અને પ્રદર્શન અંગેનો છે. આ સભાગૃહ એ લોકશાહીનું મંદિર છે. આ સભાગૃહની અંદર અધ્યક્ષના પદ માટે હું પુરુષોત્તમ ગણેશ માવળંકરના વિચારોને જોતો હતો. એમણે બહુ સ્પષ્ટપણે કહયું છે કે, જે દેશમાં લોકતંત્ર છે, જયાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓથી માંડીને રાષ્ટ્રીય સંસદ સુધીના તમામ લોક પ્રતિનિધિ મંડળોમાં ચર્ચા કરવા માટે, વધુ સમય મુકરર કરવામાં આવે છે, એ માટેના નિયમો પણ નકકી કરવામાં આવે છે. એનો મુખ્ય હેતુ અભિવ્યકિતની મોકળાશનો અને એ સતત જાળવવાનો તથા અમલી બનાવવાનો છે. આવી આદર્શ સંસ્થાની સભાના સંચાલન વખતે અધ્યક્ષપદે જે વ્યકિત બેઠી હોય તેની વિશેષ જવાબદારી એ રહે છે કે, તેણે જાગૃત રહીને જવાબદારીપૂર્વક તથા નિષ્પક્ષપણે સભાગૃહ સમક્ષ પ્રશ્નો, મુદ્દા અને ચર્ચાઓના વિવિધ પાસાઓ વ્યકત થવા દેવાં જોઈએ. જે અભિપ્રાયો અણગમતા જેવા લાગતા હોય કે કયારેય તે કેવળ એકલ દોકલ વ્યકિતના તરંગ સમા જણાતા હોય તેની રજૂઆત થતી ન અટકે એ માટે અધ્યક્ષે ખાસ જોવું જોઈએ. એ રીતે જે અભિપ્રાયો કે સૂચનો સત્તાધારી પક્ષની મૂઝવણમાં કે મુશ્કેલીમાં વધારો કરતા હોય તેને દાબી દેવામાં ના આવે એ પણ જોવું જોઈએ. લોકશાહીમાં વાણી સ્વાતંત્રયનું મૂલ્ય ઘણું જ છે અને વાણી સ્વાતંત્રના મૂલ્યમાં વિરોધ વ્યકત કરવાનું સ્વાતંત્ર્ય રહેલું છે એટલે ચર્ચા ચાલવી જ જોઈએ. આ હાર્દને જોઈએ તો આપણે ત્યાં ચર્ચા ચાલવી જોઈએ એનો કોઈ વાંધો નથી. ચર્ચા નિયમોને આધારે થવી જોઈએ એ પણ હું માનું છું અને એ

પછીથી હું જોતો હતો કે જેની હું વારંવાર પુન : ઉકિત કરતો નથી પણ આદરણીય સોનિયાજીએ જે પ્રવચન તા.૨૫મી નવેમ્બર, ૨૦૦૧ના રોજ કર્યુ એમાં સૌથી વધારે ભાર એના પાછલા ભાગમાં કવેશ્ચન અવર્સનો રહયો છે, કે લોકસભામાં કવેશ્ચન અવર્સ એક વખતે સવારના બદલે બપોરના કાળ પછી સાંજે લઈ જવામાં આવ્યો, તે યોગ્ય નથી એવું સોનિયાજીએ લોકસભામાં કહયું હતું. એટલે ત્રણ દિવસ સુધી તા.૮–૯ અને ૧૦ વિશેષ ત્રણેય દિવસની પ્રશ્નોત્તરીકાળમાં, ખલેલ પહોંચેલ છે. આપણે ત્યાં પ્રશ્નોત્તરીકાળ એ સભ્યોનો કાળ ગણાય છે અને પ્રશ્નોત્તરીકાળ અને તાકીદની જાહેર અગત્યની બાબત પછી શૂન્યકાળ આવે છે. ગુજરાત વિધાનસભાની પરંપરાઓ મુજબ શૂન્યકાળમાં જે કોઈ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવે એ પ્રણાલી મુજબ મંત્રીશ્રીની મંજૂરી લઈને કરવામાં આવે છે અને આપણે એની ચર્ચાનો ઉદ્ભવ થવા દેતા હોઈએ છીએ. પહેલે જ દિવસે આ પ્રશ્ન ઉભો થયો ત્યારે માનનીય મંત્રીશ્રી અમિતભાઈની મંજૂરી ન હતી તેમ છતાં પણ પ્રશ્નની ગંભીરતા જોતાં મેં શ્રી સિધ્ધાર્થભાઈને આ મંજૂરી આપી હતી, ત્યાર પછી તે જ દિવસે માનનીય મંત્રીશ્રી અમિત શાહે એમ જણાવ્યું કે હું આ અંગેનું નિવેદન બીજા દિવસે કરીશ. નિયમ–૪૪ નીચે બીજા દિવસે નિવેદન કરવામાં આવ્યું. આપણા નિયમ–૪૪ની મર્યાદા જોતાં, એમાં કોઈ બીજી વિશેષ ચર્ચા ઉપસ્થિત કરી શકાતી નથી છતાં જે ઘટના બની છે એ ઘટનાની ગંભીરતાને જોતાં એ દિવસે મેં, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સહિત ચાર સભ્યોને આ અંગે પ્રશ્નો પૂછીને વાત કરવાની મંજૂરી આપી હતી. આપણે જોઈએ તો લગભગ ૩૦ મિનિટ કરતા વધારે સમય મેં એમાં આપ્યો હતો અને ત્યાર પછી એ પ્રશ્નનો જવાબ પણ માનનીય મંત્રીશ્રીએ આપ્યો હતો હું પુનરોકિત કરતો નથી એટલે આ સભાગૃહની અંદર આવી ચર્ચા થવા જ નથી દીધી અને અમે નિયમોનો આધાર લઈને ચર્ચા કરવા માગીએ છીએ પણ થતી નથી એમ કહેવું ઉચિત નથી. એમણે સભામોકૂફીની વાત કરી. સભામોકૂફીના નિયમ–૧૦૮ પ્રમાણે જોઈએ તો એક કલાક પહેલાં મને દરખાસ્ત આપવી જોઈતી હતી, એક કલાક પહેલાં જો મને આપી હોત તો હું ચોકકસ એ અંગે નિર્ણય કરત. ત્યારપછી બીજે દિવસે જયારે ફરી બીજી દરખાસ્ત આવી ત્યારે મારે એ કહેવું પડયું કે ગઈકાલે આ અંગેનું તપાસ પંચ નિમાઈ ગયું છે એટલે વિધાનસભાના નિયમ પ્રમાણે કમિશન નિમાયું હોય તો હું એને દાખલ કરી શકતો નથી, અહીં જે મુદ્દો છે એ આ છે કે આપણે અધ્યક્ષપદનો આદર નહીં રાખીએ તો એ અધ્યક્ષપદનું અવમાન થતું નથી પરંતુ સમગ્ર ગૃહનું અવમાન થાય છે. અધ્યક્ષપદે કોઈપણ બેઠા હોય આજે અશોક ભટ્ટ છે કાલે બીજા હોય, વિરોધ પક્ષના સભ્ય પણ બેસે પરંતુ પદ એ પદ છે અને આ એનું અવમાન છે. કાળા વસ્ત્રો પહેરીને ગૃહની અંદર આવવું એ પ્રદર્શન છે અને મેં જોયું તો નિર્ણય સામૂહિક હતો. કોઈ એવા એકસીડન્ટ કે આકસ્મિક રીતે બધા કાળાં કપડાં પહેરીને આવ્યાં હોય એવું નહોતું. એકાદ સભ્યશ્રીની તો વર્ષગાંઠ હતી તો પણ એને પહેરવા પડયાં. કેટલાકને ત્યાં લગ્નની કંકોતરી છપાઈ હતી, તેઓ મને આવીને કહી ગયા કે શું કરીએ સાહેબ, અમારે ત્યાં તો લગ્નની કંકોતરી પણ વહેંચાઈ ગઈ છે પણ અમારા પક્ષનો આદેશ છે એટલે અમે કાળાં કપડાં પહેરીએ છીએ. મેં કહયું કે તમે કાળાં કપડાં પહેર્યા એને હું બીજી રીતે ગંભીરતાથી જોઉં છું. વળી, જો આજે આ અંગેનો નિર્ણય ન આપું તો જેમને આ કરવાનું છે એને આ સભાગૃહની અંદર કાળાં કપડાં પહેરીને આવવાની, આવીને પ્રદર્શન કરવાની, એક લાંબાગાળા સુધીની છૂટ મળી જાય જે હું આપી શકતો નથી. જો કાળી પટ્ટીને પણ આપણે પ્રદર્શન ગણતા હોઈએ કે એ ન થઈ શકે તો આ તો બધાં કપડાં જ કાળાં હતાં એટલે વિવિધ રીતે પ્રદર્શનો કરવા માટેનું આ ગૃહ નથી. ગૃહ પોતાની વાત કરવા માટેનું એક ચોકકસ સ્થાન છે અને એટલા માટે હું કોઈપણ સભ્ય આ પક્ષના હોય કે તે પક્ષના એની વાણી સ્વતંત્રતાને રૂંધવા માગતો નથી, એની અભિવ્યકિતને હું રોકવા

માગતો નથી પરંતુ અભિવ્યકિતની સાથેસાથે એ સભ્ય અથવા તો એ પક્ષ  જો આ સભાગૃહને બાનમાં લેવાનો પ્રયત્ન કરે તો એ પણ માત્ર અધ્યક્ષને બાનમાં લેતા નથી, પણ લોકશાહીને સંસદીય લોકશાહીને બાનમાં લેવાય છે તેમ હું માનું છું અને તેથી એવું કૃત્ય આપણે ત્યાં ન થાય એવી હું આશા રાખું છું. જે સભ્યશ્રીઓએ આ કૃત્ય કર્યું છે તેઓએ આ સભાગૃહની પાસે આવીને વાત કરવી જોઈએ. બીજી એક વાત કે આપણે ત્યાં અભિવ્યકિતની જયારે છૂટ આપીએ છીએ ત્યારે બહુ સ્પષ્ટ નિયમો બન્યા છે અને નિયમ ન હોય તો પણ એક વિવેક બન્યો છે અને એ વિવેક એ છે કે જયારે કોઈપણ સભ્યે કોઈને પણ કંઈ કહેવું હોય તો એ અધ્યક્ષ દ્વારા કહેવું, અધ્યક્ષને સંબોધન કરીને કહેવું અને એ આપણા નિયમોમાં પણ છે, વળી જે આચારસંહિતા આપણી પાસે આવી છે એની અંદર પણ છે. મેઈજ પાર્લામેન્ટરી પ્રેકટીસ પણ હું જોઈ ગયો છું અને કોલ શકધરને પણ હું જોઈ ગયો છું કે કેવી રીતે સભ્યએ રજૂઆત કરવી જોઈએ. મને દુઃખ એ વાતનું છે કે આ સભાગૃહની અંદર હું જયારે આ પદ ઉપર બેઠો ત્યારે ફરીથી એક વાર માનનીય શકિતસિંહજી વિરોધપક્ષના નેતાનું પ્રવચન હું વાંચી ગયો અને એ જે અપેક્ષા મારી પાસે રાખતા હતા કે હું નિષ્પક્ષ થાઉં  અને મારા અત્યાર સુધીના નિર્ણયો છે એ બધા જ નિર્ણયોને હું મૂલ્યાંકનના એરણ ઉપર મૂકવા તૈયાર છું અને કોઈપણ સંસદીય બાબતોના નિષ્ણાત એને જુએ અને મારો એક પણ નિર્ણય પક્ષપાતી હોય તો હું એ અંગે મારી ક્ષમ્ય મનોવૃત્તિને ફરી જાગૃત કરીને ક્ષમા માગવા પણ તૈયાર છું પરંતુ આ સભાગૃહની અંદર અધ્યક્ષપદની સામે કાળાં કપડાં પહેરીને જે વ્યકિત, જે નેતા, વિરોધ પક્ષના નેતા મારી સાથે આગ્રહ રાખતા હોય કે તમારી સંસદીય પ્રણાલિકા આ પ્રમાણેની છે એ જ સંસદીય પ્રણાલિકાનો ફરીથી વારંવાર ભંગ કરે, સતત ભંગ કરે અને પીઠ ફેરવીને ઉભા રહે, મને લાગે છે કે એટલા માટે આ આગલા દિવસે ટકોર પણ કરી હતી, કે જે વાત આપે કહી, એની ટકોર જરા સરળ ભાષામાં કહી હતી, હળવાશથી નહોતી કહી, ગંભીરતાપૂર્વક કહી હતી. હું આ ગંભીરતાથી લઉં છું. વિપક્ષના નેતા મારી સાથે આંખ મીલાવીને વાત કરી શકતા નથી. હું શ્રી પ્રદીપસિંહજીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરું છું અને નિર્ણય ઉપર આવું છું કે કોઈપણ સભ્ય આ સભાગૃહની અંદર જે ઉચ્ચ સ્થાન ઉપર જે બેઠા છે, અધ્યક્ષસ્થાને બેઠા છે તેની સામે પીઠ ફેરવીને વાત ન કરી શકે અને જો કોઈ સભ્યશ્રી આવું વર્તન કરશે તો એ ગૃહના અવમાનરૂપ ગણાશે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૩ : ૨૦૦૯)

**અવમાનઃ**

**૬. રાજયપાલશ્રીના સંબોધન દરમિયાન સૂત્રોચ્ચાર અને બેનરોનું નિદર્શન –**

**રાજયપાલશ્રીના સંબોધન દરમિયાન સૂત્રોચ્ચાર કરવો કે બેનરોનું નિદર્શન કરવું એ ગૃહના અવમાન બરાબર છે અને તે અંગે સજા કરવાનો ગૃહને અધિકાર છે.**

તા ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) પૂરી થયા બાદ વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે માન. અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી, તા ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ નામ. રાજયપાલશ્રીના સંબોધન દરમિયાન જયારે તેઓ તેમની બંધારણીય જવાબદારીનું  નિર્વહન કરતા હતા ત્યારે  વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર અને બેનરોનું નિદર્શન કરીને ખલેલ પહોંચાડી હતી જેથી નામદાર રાજયપાલશ્રીએ પોતાનુ પ્રવચન ટૂંકાવી નાંખવું પડયું હતું

વિરોધપક્ષના સભ્યોનું ઉકત કૃત્ય ગૃહના અવમાન સમાન હોઈ માન. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ વિરોધપક્ષના કુલ–૧૬ સભ્યશ્રીઓને નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને નાણામંત્રીશ્રી એ ટેકો આપ્યો હતો.

ઉકત બાબતે આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું કે રાજયપાલશ્રીના સંબોધન વખતે ગૃહની ઉચ્ચ સંસદીય પરંપરા જળવાઈ રહે તે મુજબ સૌ સભ્યોએ વર્તવું જોઈએ. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું કે ભૂતકાળમાં આનાથી પણ ગંભીર કૃત્ય થયા હોવા છતાં ગૃહના અવમાન બદલ પગલાં લેવા સંબંધે કોઈ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો ન હતો. ગઈકાલની ઘટના અંગે નામદાર રાજયપાલશ્રી જ પગલાં લઈ શકે, ગૃહ નહીં. સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પણ વિરોધપક્ષના નેતાશ્રીના મંતવ્યને સમર્થન આપ્યું હતું.

બંને પક્ષના સભ્યોને સાંભળ્યા બાદ માન. અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ જણાવ્યું કેઃ–

"આપણે સૌ સંસદીય લોકશાહીને વરેલા છીએ. આપણે સૌ સાથે મળીને એક આદર્શ પ્રણાલિકા અને પરંપરાની દિશામાં જવાનું છે. ગઈકાલે બનેલી ઘટનાના અવતરણને આધારે રાજયપાલશ્રીનું અવમાન છે એ આપણે સ્વીકારીએ છીએ. નામદાર રાજયપાલશ્રી રાજયના બંધારણીય વડાની હેસિયતથી ગૃહને સંબોધન કરતા હોય ત્યારે સૌ સભ્યોએ તેમને શાંતિ અને આદરપૂર્વક સાંભળવા જોઈએ અને ગૃહની પ્રસ્થાપિત ઉચ્ચ સંસદીય પરંપરાને જાળવવી જોઈએ. પ્રેકિટસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટ, કૌલ અને શકધર તથા લોકસભાના પૂર્વ સેક્રેટરી જનરલ શ્રી સી. કે. જૈને લખેલા પુસ્તક મુજબ વર્ષના સૌ પ્રથમ સત્રની શરૂઆત નામદાર રાજયપાલશ્રીના પ્રવચનથી કરવાની બંધારણીય જોગવાઈ હોવાથી તેઓ તેમની ફરજ બજાવતા હોય ત્યારે તેમાં ખલેલ પહોંચાડવાનું વર્તન કોઈપણ રીતે વાજબી ગણી શકાય નહીં, જે ગૃહના અવમાન બરાબર છે. કૌલ અને શકધરના પુસ્તકમાં જણાવ્યા મુજબ નામદાર રાજયપાલશ્રી તેમના પ્રવચન દરમિયાન કાર્યવાહીના ચાર્જમાં હોય છે. તેથી સ્વાભાવિકપણે અણછાજતા વર્તન સંબંધમાં પગલાં લેવાનો અધિકાર તેઓને છે પરંતુ તેમણે પગલાં ન લીધા હોવાથી ગૃહને પગલાં લેવાનો અધિકાર નથી તેવી દલીલ સ્વીકારી શકાય નહીં. શ્રી સી. કે. જૈને લખેલા પુસ્તક Code of Conduct for the Legislators during the President's addressમાં જણાવ્યાનુસારઃ–

"When the president addresses either house of parliament or both houses of parliament assembled together under article 86 or article 87 of the Constitution, he delivers his address in his capacity as the Head of the state and as part of the parliament and in pursuance of his constitutional duty. It is as much a constitutional obligation on the part of the members to listen to the President's address with solemnity, dignity and decorum as it is on the part of the President to address the Members of parliament. Therefore, observance of solemnity, dignity and decorum by each and every Member or any other person present on the occasion of the President's address is of utmost importance.

Any action on the part of a member or any other person which mars in any form or manner the dignity or solemnity of the occasion of the President's address or creates disturbances shall be tantamount to an act of discourtesy and disrespect to the President as well as contempt of the Houses."

ગઈકાલે બનેલ ઘટના નામદાર રાજયપાલશ્રી તથા ગૃહના અવમાન સમાન છે. હવે આવનારા દિવસો માટે, આવનારી પેઢી માટે સંસદીય પ્રણાલિકા, સંસદીય જીવન અને સંસદીય સંસ્કાર કેવા પ્રસ્થાપિત કરવા માગીએ છીએ તે બાબતે આપણા સૌની તથા ગૃહની ચિંતા છે. આ જ આપણા ગૃહની ચિંતા હોય એ આપણે સ્વીકારેલ છે. અગાઉ પણ સન ૨૦૦૦માં આવી ઘટનાના સંદર્ભમાં સજા કરવામાં આવી હતી, એ સ્વીકારી લીધેલ છે. મારે સભાગૃહના સભ્યોને કહેવું છે કે આપણે એ દિશા તરફ જવું છે, જે દિશા દેશને ગુજરાત બતાવી શકે વળી, જેમાં સંસદીય સંસ્કાર, સંસદીય જીવન આપણે દેખાડી શકીએ એ માટે આપણે જયારે ઉદાહરણ ટાંકતા હોઈએ છીએ ત્યારે હંમેશા સંસ્કારીતાના ઉદાહરણ ટાંકીએ છીએ.

વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે પાર્લામેન્ટરી પ્રેકટીસની અંદર વિશ્વના કોઈપણ દેશમાં આક્ષેપાત્મક ઉચ્ચારણ કે આક્ષેપાત્મક પ્રદર્શન અને દેખાવો સ્વીકાર્ય નથી. આવા દેખાવો માટે આપણે સૌએ સભાગૃહની માફી માગવી જોઈએ. આપણા નિયમ પ્રમાણે જે કાર્યવાહી થતી હોય તેનો સ્વીકાર કરવો જોઈએ.

બારમી વિધાનસભામાં આ દિશા અપનાવીને લોકશાહીની અંદર સંસદીય પ્રણાલિકા મુજબ બંધારણે આપેલ અને ગૃહને મળેલ સત્તાના આધારે જે સિસ્ટમ છે તે જાળવવાની જવાબદારી ટકાવવા આ નિર્ણય આપવામાં આવે છે કે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દ્વારા લાવવામાં આવેલ પ્રસ્તાવનો હું સ્વીકાર કરું છું અને પ્રસ્તાવમાં જણાવેલ વિરોધપક્ષના ૧૬ સભ્યશ્રીઓને સત્રના અંત સુધી સસ્પેન્ડ કરવામાં આવે."

પ્રસ્તાવનો સ્વીકાર થતાં, પ્રસ્તાવમાં જણાવેલ કોંગ્રેસ પક્ષના કુલ–૧૬ સભ્યશ્રીઓને સત્રના અંત સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૯ : ૨૦૦૯)

**અવમાન :**

## ૭. લોક પ્રતિનિધિનું વર્તન–

**(૧) ગુજરાતની પ્રજાની સાર્વજનિક મિલકત સાચવવાની જવાબદારી લોક પ્રતિનિધિની છે.**

**(૨) અધ્યક્ષશ્રી સામે પીઠ કરીને ઉભા રહેવું તે ગૃહ તથા અધ્યક્ષ પદનું અવમાન છે.**

તા. ૯મી જુલાઈ, ૨૦૦૯ના રોજ વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં તોફાનો–તોડફોડ કરવામાં આવી હતી. ત્યારબાદ તા.૧૦/૭/૨૦૦૯ ના રોજ પણ તેમણે સભાગૃહમાં ગેરશિસ્ત આચરતાં અને વિપક્ષી નેતાશ્રીએ માનનીય અધ્યક્ષશ્રી સામે પીઠ રાખી વાતચીત કરવાનો પ્રયાસ કરતાં માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ તે અંગે નીચે મુજબ અવલોકન કર્યું હતું.

"મેં ગઈ કાલે કહયું હતું અને આજે પણ ફરીથી રિપીટ કરું છું કે, વેલમાં આવી જવું એ ગેરશિસ્ત છે અને ગઈ કાલે મેં મારા રૂલિંગમાં કહયું હતું કે આપણે ત્યાં ભૂતકાળમાં આવી ઘટનાઓ બની ત્યારે મારા પુરોગામી અધ્યક્ષ શ્રી ધીરૂભાઈએ લોકસભાના તત્કાલિન અધ્યક્ષશ્રી બાલયોગીને એક પત્ર લખીને એક કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. સંસદ અને રાજ્ય

વિધાનમંડળોમાં શિસ્ત અને ગરીમા જળવાય એ માટે ચિંતન કરવા અખિલ ભારતીય પરિષદ મળી હતી અને ૨૫ નવેમ્બર, ૨૦૦૧ના રોજ એનો અહેવાલ આવ્યો હતો. તેમાં યુ.પી.એના ચેરપરસન શ્રીમતી સોનિયા ગાંધીએ જે પ્રવચન કર્યું હતું અને જે આગ્રહપૂર્વક કહયું હતું તે આ પ્રમાણે હતું.

"To minimize the disruption, there must be absolute ban on entering the well of the House and automatic enforcement of strict disciplinary action in the event of this fundamental rules being breached. I strongly feel that any disturbance during President's Address should not be allowed. એટલે વેલમાં આવી જવું એ સ્ટ્રીકલી ડિસિપ્લીનનો ભંગ છે, ગઈકાલે પણ આ થયું હતું ત્યારે પણ મેં કહયું હતું અને આજે પણ મેં ફરીથી કહયું. આજે વિધાનસભા ગૃહના પ્રવેશદ્વાર ના ચાર મેઈન ગેટ ઉપર કાચ તોડવાની પણ ઘટના બની છે. વિધાનસભાના ગેટ ઉપર મૂકવામાં આવેલા કાચ પૈકી કેટલા ગેટ ઉપર કાચ તોડવાની ઘટના બની છે એની તપાસનો આદેશ સાર્જન્ટને આપું છું અને સાર્જન્ટ તેનો રિપોર્ટ કરશે. ગઈકાલે પણ મેં કહયું હતું કે, આ સભાગૃહની અંદર માઈક તોડવાની જે ઘટનાઓ બની હતી, તે માઈકો આ સભાગૃહની સાર્વજનિક મિલકત છે, તે ગુજરાતની પ્રજાની મિલકત છે, આપણે લોકપ્રતિનિધિ તરીકે જયારે આ સભાગૃહમાં આવીએ છીએ ત્યારે સમગ્ર સાર્વજનિક મિલકતોને સાચવવાની જવાબદારી આપણી છે, લોકપ્રતિનિધિ તરીકે આપણે ગાંધી વિચારધારાને વરેલા છીએ, ટ્રસ્ટીશીપની ભાવના સાથે જોડાયેલા છીએ અને એ જ સભ્યો જયારે આ સભાગૃહની અંદર બેઠા હોય ત્યારે એનું વર્તન જવાબદારીપૂર્વકનું હોય અને પ્રજાની મિલકતને કોઈ નુકશાન કરતું હોય તો લોકપ્રતિનિધિની એ ફરજ રહે છે કે એને રોકવું પરંતુ જયારે લોકપ્રતિનિધિ પોતે જ એ મિલકતને નુકશાન કરતા હોય ત્યારે તે બાબત અત્યંત ગંભીર અને દુઃખદ ગણાય. ગઈકાલે માઈક તોડયાં જેના માટે મારે વસૂલાતના હુકમો કરવા પડયાં અને આજે ફરીથી કાચ તોડયાની મને માહિતી મળી છે, ત્યારે હું એની સંપૂર્ણ તપાસ કરવાનો સચિવશ્રીને આદેશ આપું છું અને સચિવશ્રીનો અહેવાલ આવશે ત્યારે હું તુરત જ પગલાં ભરીશ. જયારે આ ગૃહમાં આ પ્રકારની ઘટનાઓ માટે વિપક્ષ દ્વારા વારંવાર પ્રયાસ થઈ રહયો છે ત્યારે હું તેમને ફરીથી અપીલ કરું છું કે, સભાગૃહમાં શિસ્ત, સંયમ અને સંવેદનાઓની સાથે, સંસદીય પરંપરાઓના જે ઉચ્ચતમ માર્ગદર્શક સિદ્ધાંતો છે તે અને આપણા સભાગૃહના નિયમો છે, એ નિયમો પ્રમાણે વર્તન કરીશું તો જ એ ચાલશે. આજે નિયમ–૫૨ નીચેના પગલાંની જે દરખાસ્ત મૂકી છે, એ દરખાસ્તને હું સ્વીકારું છું અને ફરીથી અપીલ કરું છું. વિપક્ષના નેતાશ્રીને માટે મારે બીજા પણ મારા અવલોકન કહેવા છે. એ અવલોકન એ છે કે, વિપક્ષના નેતા પોતે સંસદીય બાબતોના ખૂબ આગ્રહી છે અને છેલ્લા બે દિવસથી હું જોઉં છું કે મારી સાથે આંખમાં આંખ મિલાવીને ઉભા રહી શકતા નથી, પણ જે આચાર સંહિતા નકકી કરવામાં આવી છે, આચાર સંહિતાનું જે મોડેલ મળ્યું છે એમાં, આચાર સંહિતાના ભંગના કિસ્સામાં અધ્યક્ષશ્રી કે ગૃહ પરિસ્થિતિ મુજબ નીચે મુજબની સજા કે દંડ લાદી શકે છે. (૧) ચેતવણી આપવી, જે મેં ગઈકાલે આપી હતી અને આજે પણ, (૨) ઠપકો, સીધો ઠપકો આપવો, ગૃહમાંથી દૂર કરવા, કોઈ ખાસ સમયગાળા પૂરતી ગૃહમાંથી ફરજ મોકૂફી કરવી અને ગૃહને યોગ્ય લાગે તે સજા કરવી અને બીજી એક વસ્તુ એવી છે કે કયારેય આપણે અધ્યક્ષશ્રી સામે પીઠ કરીને ઉભા રહેતા નથી. આપણા નિયમોમાં પણ છે કે વિધાનસભાના અધ્યક્ષશ્રીની સામે પીઠ રાખીને ઉભાં રહેવું જોઈએ નહિ, એ આમાં બહુ સ્પષ્ટ છે, ભાગ–૨ ની અંદર, જયારે અધ્યક્ષશ્રીને સંબોધતા હોય ત્યારે પોતે અધ્યક્ષશ્રીની સામે રહે, અહીંયા બે દિવસથી હું જોઉં છું કે, ગૃહના વિરોધપક્ષના નેતા એ મારી સામે પીઠ ફેરવીને ઉભા રહે છે. મને લાગે છે કે આ સંસદીય આદરને ખૂબ નુકશાન કરનારું

છે. આ મારું અપમાન એ અધ્યક્ષના પદનું અપમાન છે અને અધ્યક્ષશ્રીના પદનું અપમાન એ વ્યકિતગત શ્રી અશોક ભટ્ટનું અપમાન નથી પરંતુ અધ્યક્ષપદનું અપમાન છે. અધ્યક્ષપદની ગરીમા જાળવવાની જવાબદારી આ સભાગૃહના પ્રત્યેક સભ્યની છે, ત્યારે વિપક્ષના નેતા ગૃહમાં ખૂબ જવાબદારીભર્યુ સ્થાન ધરાવતા હોવાના કારણે હું એમનું ધ્યાન દોરવા માગું છું કે, એમણે જે કંઈ કહેવું હોય અથવા આ સભાગૃહમાં આવવું હોય ત્યારે અધ્યક્ષ તરફ પીઠ રાખીને ઉભા રહેવાના જે પ્રયાસો કરે છે એ યોગ્ય નથી અને સંસદીય આદરને અનુરૂપ નથી.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૩ : ૨૦૦૯)

**અવમાન**

**૮. સભાગૃહમાં નિદર્શનો અને સુત્રોચ્ચારઃ**

**– સમાન પ્રકારના સુત્રોવાળા કાળા પટ્ટા ખભા ઉપર ધારણ કરીને કરેલ સુત્રોચ્ચાર અને દેખાવોથી ગૃહનું અવમાન**

**– ગૃહના અવમાનનો મુદ્દો પ્રશ્નોત્તરી દરમિયાન પણ ઉપસ્થિત કરી શકાય.**

તા.૨૬–૩–૨૦૧૨ના રોજ પ્રશ્નકાળ દરમિયાન વિરોધપક્ષના તમામ સભ્યોએ સમાન પ્રકારના સુત્રોવાળા કાળાપટ્ટા ખભા ઉપર ધારણ કરીને કરેલ સુત્રોચ્ચાર અને દેખાવો સંબંધે માનનીય રાજયકક્ષાના સંસદીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સભાગૃહના અવમાનનો મુદ્દો ઉપસ્થિત કરવા ઉભા થતાં, વિરોધપક્ષના દંડકશ્રી ઈકબાલ પટેલે તેની સામે વાંધો લઈને રજૂઆત કરી કે પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણય અનુસાર પ્રશ્નોત્તરી દરમિયાન કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય નહિ. દરમિયાનમાં ગૃહમાં બંને બાજુથી સામ સામે સુત્રોચ્ચાર થતાં માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહને પ્રશ્નકાળ પૂરો થાય ત્યાં સુધી મોકૂફ રાખ્યું. પ્રશ્નકાળ બાદ સંસદીય મંત્રી (રાજયકક્ષા)એ ગૃહના અવમાનનો મુદ્દો ઉપસ્થિત કર્યો. ઉકત મુદ્દા પર પોતાનું મંતવ્ય વ્યકત કરતાં વિરોધપક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે જણાવ્યું કે પ્રશ્નકાળ દરમિયાન કોઈ પણ મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહિ તેવો પૂર્વ અધ્યક્ષશ્રીએ નિર્ણય કર્યો છે. **(પાના નંબર–૨૦૯, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન–૧૯૬૦ થી ૧૯૮૪)** તેમ છતાં પણ માનનીય સંસદીય મંત્રીશ્રી (રાજયકક્ષા)એ પ્રશ્નકાળ દરમિયાન મુદ્દો ઉપસ્થિત કરીને પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયનો અનાદર કર્યો છે. માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ, સંસદીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી અને સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પણ ઉકત મુદ્દા પર પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવાએ નિર્ણય આપતા જણાવ્યું કે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભાગૃહના અવમાનનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે અને સભાગૃહના અવમાનનો મુદ્દો ગમે તે સમયે ઉપસ્થિત કરી શકાય. પ્રશ્નોત્તરી દરમિયાન વિરોધપક્ષના સભ્યોએ સમાન પ્રકારના સુત્રોવાળા કાળાપટ્ટા ખભા ઉપર ધારણ કરીને કરેલ સુત્રોચ્ચાર અને દેખાવોથી સભાગૃહનું અવમાન થાય છે અને અવમાનનો મુદ્દો પ્રશ્નોત્તરી દરમિયાન પણ ઉપસ્થિત કરી

શકાય તેમ જણાવી માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉપસ્થિત કરેલ મુદ્દાનો સ્વીકાર કરી વિરોધપક્ષના તમામ સભ્યોને અવમાન બદલ ઠપકો આપ્યો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક– : ૨૦૧૨)

**અધ્યક્ષના અધિકારો :**

**૯. ગૃહની બેઠક બોલાવવી–**

**કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયેલ ન હોય તેમ છતાં અધ્યક્ષ નિયમ–જથી મળેલ સત્તાની રૂએ ગૃહની બેઠક બોલાવી શકે.**

તારીખ ૧૫–૦૩–૦૮ના રોજ પહેલી બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક : ૯૨, ૯૫ તથા રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી ક્રમાંક–૯૮ની ચર્ચા દરમિયાન સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૩(૪) તરફ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી જણાવ્યું હતું કે, જયારે સભાગૃહ કોઈ પ્રસ્તાવ, સુધારા સહિત કે સુધારા વગર પસાર કરે ત્યારે સભાગૃહે મંજૂર રાખેલી સમિતિની ભલામણો એ સભાગૃહનો આદેશ ગણાય. તેમણે ઉમેર્યુ હતું કે, કામકાજ સલાહકાર સમિતિએ જયારે જે તે દિવસે કામ હાથ ધરવાનું નકકી કર્યુ હોય ત્યારે તેમાં માત્ર સભાગૃહ જ ફેરફાર કરી શકે અથવા તો કામકાજ સલાહકાર સમિતિ બોલાવીને નિર્ણય લેવો જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં કામકાજ સલાહકાર સમિતિએ આજે (એટલે કે તા.૧૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ) બેઠક રાખવાનું ઠરાવેલ ન હતું તેમ છતાં બેઠક રાખવામાં આવી છે તેથી આજની બેઠક ગેરકાયદેસર છે. આ ઉપરાંત તેઓએ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો (૧૯૮૫ થી ૨૦૦૨) ના નિર્ણય ક્રમાંક :–૯૨નો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, એક કિસ્સામાં તત્કાલિન અધ્યક્ષશ્રીએ બેઠકનો સમય બપોરે ૧–૦૦ વાગ્યાને બદલે સવારે ૮–૩૦ વાગ્યે કરવાનું યોગ્ય નથી એવું ટેકનીકલી સ્વીકાર્યુ હતું.

આ તબકકે માન. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે આ સભાગૃહના બંને દંડકોએ મને લેખિતમાં સભ્યોને સળંગ રજાઓ મળે તે હેતુથી ગૃહની બેઠકમાં ફેરફાર કરવા જણાવ્યું હતું અને તા.૧૫મી માર્ચના રોજ બેઠક રાખવાનું નકકી થયું હતું. વધુમાં, વિધાનસભા સચિવાલયે આ ફેરફારની જાણ લેખિતમાં સર્વે સભ્યશ્રીઓને કરી હતી. આ ઉપરાંત માન. અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૪ તથા ૫૬નો ઉલ્લેખ કરી જણાવ્યું કે, "ગૃહના કામકાજની સ્થિતિ તથા ગૃહના સર્વે સભ્યોની લાગણીને ધ્યાનમાં લઈને તા.૧૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ ગૃહની બેઠક રાખવાનો મેં નિર્ણય કર્યો છે ત્યારે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ઉભો કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર અકાલીન છે અને યોગ્ય પણ નથી તેથી તેનો હું સ્વીકાર કરતો નથી."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૫ : ૨૦૦૮)

**અધ્યક્ષશ્રીના અધિકારો :**

## ૧૦. વિધાનસભા ભવન –

### વિધાનસભા ભવનનો ઉપયોગ રાજકીય મતમતાંતર માટે થવો જોઈએ નહીં.

તા.૧૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ તાકીદની જાહેર અગત્યની બાબત પૂરી થયા પછી સભ્યશ્રી રણજીતભાઈ ગિલીટવાલાએ વિપક્ષના સભ્યોએ તા.૧૦/૩/૦૮ના રોજ વિધાનસભા ભવનની લોબીમાં ધર્મ સ્વાતંત્ર્યના વિધેયકની નકલો ફાડીને સૂત્રોચ્ચાર કર્યો હતો તે અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી વિનંતી કરી હતી કે, આપની હકુમત હેઠળના વિસ્તારમાં આ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ ન થાય તે જોવા આપને વિનંતી છે. ત્યારબાદ આ તબકકે વિપક્ષના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાનું મંતવ્ય રજૂ કર્યુ હતું કે, ગૃહની અંદર માન. અધ્યક્ષશ્રીની હાજરીમાં બનેલી ઘટના ન હોઈ તે અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તો માન. નાણામંત્રીશ્રીએ પણ તેઓનું મંતવ્ય રજૂ કર્યું હતું કે ગૃહની અંદર બનેલી ઘટના જ નહીં પરંતુ આખું વિધાનસભા ભવન માન. અધ્યક્ષશ્રીની હકૂમત હેઠળ છે, ફકત હાઉસની અંદર જ ઘટના બને તો તેનો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો હોય તેવું ભૂતકાળમાં ન હતું. માન. અધ્યક્ષશ્રીએ ચર્ચાને અંતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતા એવું દિશાસૂચન કર્યુ હતું કે, સમગ્ર વિધાનસભા ભવન અધ્યક્ષના તાબા હેઠળનું ગણાય. પરંતુ આપણે ત્યાં વિધાનસભાના નિયમો પ્રમાણે અધ્યક્ષ કેટલીક હદો નકકી કરે છે અને તેને "within the precincts" ગણીએ છીએ. કેટલીક હદ બહાર ગણીએ છીએ અને કેટલીક હદની અંદર ગણીએ છીએ. આમ નિયમો હેઠળ અધ્યક્ષ સંપૂર્ણ ભવનને સભાગૃહની હદની અંદર જાહેર કરી શકે છે. ગૃહની લોબીઓ તથા ગેલેરીઓ અધ્યક્ષના ક્ષેત્રાધિકારમાં આવે છે.

શ્રી રણજીતભાઈની વાતનો આખો વિષય આપણને એ સૂચવે છે કે, સૌ પહેલાં તો આપણે પોતે સંસદીય પ્રણાલિકાઓની એક નવી દિશા અપનાવવી જોઈએ અને તેથી ભૂતકાળની કોઈપણ બાબત ન જોતાં એક નવી દિશા તરફ જઈએ, જે દિશા તરફ દેશ જાય અને તે દિશા આવનારી પેઢી માટે દિશાદર્શક બની રહે. શ્રી રણજીતભાઈના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર હું મારા નિર્ણયમાં જણાવું છું કે, આપણે સૌએ એક વસ્તુ નકકી કરી દેવી પડશે કે, આ ભવનનો ઉપયોગ રાજકીય મતમતાંતર માટે થવો જોઈએ નહિ, પરંતુ પ્રજાના અવાજનો પ્રતિઘોષ પાડવા આપણે અહીં આવ્યાં છીએ. આપણા વિરોધને વ્યકત કરવા માટે આપણે શું કરવું જોઈએ એ આપણી જવાબદારી છે. વિરોધપક્ષ કે શાસકપક્ષ તરીકે પ્રતિઘોષની મર્યાદા જો આપણે સાથે મળીને નકકી કરીશું તો આ મર્યાદા નકકી કરીને તેની અંદર માત્ર સૂત્રોચ્ચાર સુધીની મર્યાદા સ્વીકારીએ. આટલી મર્યાદા આપણે રાખીએ આપણી પ્રજાના અવાજને રજૂ કરવાનું ચિંતન આ પોઈન્ટ ઓફ ઓર્ડરમાંથી આવે છે. તેમાંથી ચિંતા કરી આપણું ગૌરવ વધે તે માટે પ્રજાના અવાજને રજૂ કરીએ તે આપણી દિશા બને અને તેથી હું આ પોઈન્ટ ઓફ ઓર્ડરને સ્વીકારીને સૌને આવનારી આવતીકાલની સંસદીય પરંપરાઓને નવી દિશા પાડવા માટે આજનો પોઈન્ટ ઓફ ઓર્ડર યોગ્ય છે અને તેમની ચિંતા સાચી છે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૪ : ૨૦૦૮)

**આક્ષેપ :**

**૧૧. અંગત આક્ષેપ :**

**મંત્રીશ્રી સામે અંગત આક્ષેપ બદલ વિરોધપક્ષના નેતાશ્રીને ગૃહની માફી માગવા જણાવીને અંગત આક્ષેપ કાર્યવાહીમાંથી દૂર કર્યો.**

તા.૨૯–૨–૨૦૧૨ના રોજ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલિપભાઈ સંઘાણીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તા.પ્ર. ક્રમાંક–૨૫૨૯૭ પર પૂરક પ્રશ્ન પૂછતી વખતે અમૂક કંપની સાથે તેઓની ભાગીદારી છે તેવો વ્યકિતગત આક્ષેપ કરેલ છે. જે પૂરવાર કરે અથવા તો તેઓ ગૃહની માફી માગે તેવી માનનીય અધ્યક્ષશ્રી પાસે રજૂઆત કરી હતી. આ મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પણ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા હતા. તત્સમયે માનનીય અધ્યક્ષશ્રીએ કાર્યવાહીનો રેકોર્ડ જોઈને નિર્ણય આપીશ એમ જણાવ્યું હતું.

ગૃહની કાર્યવાહીનો રેકોર્ડ જોયા બાદ આ બાબતે પોતાનો નિર્ણય આપતા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જે સંદર્ભ આપીને વિરોધપક્ષના નેતાશ્રીએ પૂરક પ્રશ્ન પૂછયો હતો તે સંદર્ભ પરથી વિરોધપક્ષના નેતાશ્રીએ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી સામે ગંભીર પ્રકારનો અંગત આક્ષેપ કર્યો છે. આ પ્રકારના અંગત આક્ષેપ બદલ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને માફી માગવાનું જણાવીને અંગત આક્ષેપ ગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યો અને ગૃહના તમામ સભ્યોનું નિયમ–૩૭ની જોગવાઈઓ તરફ ધ્યાન દોરી ભવિષ્યમાં ગૃહના કોઈપણ સભ્ય સામે અંગત આક્ષેપ કરવાથી દૂર રહી ઉચ્ચ સંસદીય પ્રણાલીઓનું જતન કરવાની શીખ આપી.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક– ૧૬૪ : ૨૦૧૨)

**ઔચિત્ય ભંગઃ**

**૧૨. અધ્યક્ષ ગૃહને સંબોધતા હોય ત્યારે સભ્યે પોતાનું સ્થાન છોડવું જોઈએ નહીં.**

**અધ્યક્ષ સ્થાનેથી ગૃહના તમામ સભ્યોને પોતાનુ સ્થાન લેવા જણાવ્યા બાદ મુખ્યમંત્રી પોતાનું સ્થાન છોડી ગયા હોવાથી ઔચિત્યભંગનો કોઈ મુદ્દો ઉપસ્થિત થતો નથી.**

તા.૨૯–૨–૨૦૧૨ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રી સભાગૃહને સંબોધન કરતા હતા તે સમયે મુખ્યમંત્રીશ્રી સભાગૃહ છોડીને ગયા હતા. વિધાનસભાના નિયમ–૩૦(૨) મુજબ અધ્યક્ષ જયારે ગૃહને સંબોધતા હોય ત્યારે કોઈપણ સભ્ય પોતાનું સ્થાન છોડી શકતા નથી કે પોતાનું સ્થાન લઈ શકતા નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતાનું સ્થાન છોડીને ઔચિત્યનો ભંગ કર્યો છે તેમ જણાવી આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. ઉકત મુદ્દામાં સંસદીય મંત્રી શ્રી સંઘાણી, નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા અને સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોત પોતાના મંતવ્યો વ્યકત કર્યાં હતાં. તત્સમયે અધ્યક્ષશ્રીએ નિર્ણય મુલતવી રાખ્યો હતો.

મુલતવી રાખેલ નિર્ણય આપતા અધ્યક્ષે જણાવ્યું હતું કે તેઓએ ગૃહના સૌ સભ્યોને પોતાનું સ્થાન લેવા વિનંતી કરતાં સૌ સભ્યોએ પોતાનું સ્થાન લીધા બાદ સભાગૃહના નેતા પોતાનું સ્થાન છોડીને ગૃહની બહાર ગયા હતા, તેમ જણાવી વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ ઔચિત્ય ભંગના મુદ્દાનો અસ્વીકાર કર્યો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૬૪ : ૨૦૧૨)

## ઔચિત્ય ભંગ :

## ૧૩. નીતિ વિષયક જાહેરાતઃ

### સત્ર ચાલુ હોય ત્યારે નીતિવિષયક નિર્ણયની જાહેરાત સભાગૃહમાં કરવી જોઈએ.

તા.૧૨/૩/૦૮ (બીજી બેઠક)ના રોજ તારાંકિત પ્રશ્નના જવાબમાં સુધારો કરતું નિવેદન માન.મંત્રીશ્રી દ્વારા થઈ ગયા બાદ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ માન.અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી (ઔચિત્ય ભંગનો) મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે પાવર ઓફ એટર્નીથી વેચાણ થયેલા ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનોના દસ્તાવેજોની નોંધણી તા.૩૧/૩/૦૮ સુધીમાં કરવાની હતી. આ મુદતના કારણે મુશ્કેલી પડે તેમ હોઈ તેને નિવારવા માટે આ સમયમર્યાદામાં વધારો કરવાની જાહેરાત તેઓએ ગૃહમાં રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરના પ્રવચન કે બજેટ ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન ન કરતાં સભાગૃહની બહાર કરીને ઔચિત્ય ભંગ કરેલ છે તેથી આ બાબત અંગે માન.અધ્યક્ષશ્રીને નિર્ણય આપવા વિનંતી કરી હતી.

ઉકત મુદ્દાના સમર્થનમાં વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું કે, આ બાબત અગત્યની અને ગૃહના સન્માનને સીધી અસર કરતી છે, સભાગૃહ ચાલુ હોય ત્યારે કોઈ પણ મહત્વનો નિર્ણય રજૂ કરવામાં આવે તો ગૃહ પોતાના વિચાર દર્શાવીને સરકારના આ નિર્ણયમાં ફેરફાર કરી શકે છે પરંતુ વારંવાર પબ્લીસીટી અર્થે ગૃહ બહાર જાહેરાત કરવામાં આવે તેને હળવાશથી લઈ શકાય નહિ.

ઉકત બાબતે માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિત શાહ અને આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતાં. જયારે શહેરી વિકાસ મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન ધારકોને પાવર ઓફ એટર્નીથી વેચાણ થયેલા મકાનોને નિયમિત કરવા માટેની કામગીરીમાં પ્રજાને / લાભાર્થીઓને પડતી તકલીફના કારણે ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂઆત કરવામાં આવતા ૧૫ દિવસનો સમય લંબાવવાનો વહીવટી નિર્ણય લેવાયેલ હતો, જેના કારણે નીતિ નિયમો બદલવા કે ગૃહની અવગણના કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ તબકકે માન.અધ્યક્ષ(શ્રી અશોક ભટ્ટ)એ જણાવ્યું કે, "સભાગૃહના ઔચિત્યભંગને લાગેવળગે છે ત્યાં સુધી પ્રસ્થાપિત પ્રણાલિકા મુજબ વિધાનસભાનું સત્ર ચાલુ હોય અથવા એક બે દિવસમાં મળવાનું હોય ત્યારે તમામ નીતિવિષયક અને જાહેર અગત્યની બાબતોની સૌ પ્રથમ જાહેરાત સભાગૃહમાં થવી જોઈએ. પરંતુ આ બાબત જાહેર અગત્યની નથી પણ વહીવટી બાબત છે તેથી તેને નીતિવિષયક ગણવી યોગ્ય ગણાશે નહિ અને તેથી હું ઔચિત્યભંગના મુદ્દાને સ્વીકારતો નથી."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૪ : ૨૦૦૮)

**અંદાજપત્ર :**

**૧૪ . બેઠા બેઠા અંદાજપત્ર પ્રવચનનુ વાંચન તથા તેની નકલોની હોળી**

**(૧) અધ્યક્ષની પરવાનગી મેળવી નાણામંત્રીશ્રી ગૃહમાં પોતાની જગ્યા પર બેઠા–બેઠા અંદાજપત્ર પ્રવચનનું વાંચન કરી શકે.**

**(૨) વિધાનસભામાં રાજકીય પ્રદર્શન કરવાનો કોઈ પક્ષને અધિકાર નથી.**

**(૩) વિધાનસભા ભવનમાં અંદાજપત્રની નકલો સળગાવવી, સૂત્રોચ્ચારો તથા દેખાવો યોજી સરઘસ કાઢવું તે સંસદીય લોકશાહીનું અવમાન છે.**

તા. ૨૫–૨–૨૦૧૦ ના રોજ સભાગૃહમાં અંદાજપત્રની રજૂઆત કરતી વખતે નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ માનનીય અધ્યક્ષશ્રી પાસે એમની માંદગીના કારણે બેસીને અંદાજપત્ર વાંચવાની પરવાનગી માગતાં, વિધાનસભાના નિયમોના નિયમ–૨૯ પ્રમાણે માનનીય અધ્યક્ષશ્રીએ પોતાને મળેલી સત્તાની રુએ નાણા મંત્રીશ્રીને બેસીને પ્રવચન વાંચવાની પરવાનગી આપી હતી. આ પરવાનગી આપતાં નાણા મંત્રીશ્રી જયારે બેસીને પ્રવચન વાંચતા હતા ત્યારે વિપક્ષી નેતા શ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી નાણા મંત્રીશ્રી બેસીને પ્રવચન કરે તે વિધાનસભાગૃહનું અવમાન છે, ભૂતકાળમાં નાણા મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાને તેઓની નાદુરસ્ત તબિયતના કારણે તત્કાલિન અધ્યક્ષશ્રીએ બેઠાં બેઠાં અંદાજપત્ર પ્રવચન વાંચવાની પરવાનગી આપવા છતાં તેઓએ તેનો અસ્વીકાર કર્યો હતો અને તેમના બદલે રાજય કક્ષાના નાણા મંત્રીશ્રી અંદાજપત્ર પ્રવચન ઉભા ઉભા વાંચશે એવો નિર્ણય કર્યો હતો, તેથી નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પણ અંદાજપત્ર ઉભા ઉભા વાંચવું જોઈએ એવી રજૂઆત કરી હતી પરંતુ માનનીય અધ્યક્ષશ્રીએ નાણા મંત્રીશ્રીને બેઠાં બેઠાં અંદાજપત્ર પ્રવચન વાંચવાની પરવાનગી આપી હોવાથી તેઓશ્રી શકિતસિંહ ગોહિલની ઉકત રજૂઆત સાથે સંમત થયા ન હતા અને જણાવ્યું હતું કે, તેમણે આ અંગેની પરવાનગી આપેલી છે. આના વિરોધમાં વિપક્ષના સભ્યો સભાત્યાગ કરીને બહાર નીકળી ગયા હતા અને વિધાનસભા ભવનમાં તેમણે અંદાજપત્રની નકલો સળગાવી હતી, વળી સૂત્રોચ્ચારો તથા દેખાવો યોજીને તેમણે સરઘસ કાઢયું હતું. આ બાબતે મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તા. ૨–૩–૨૦૧૦ ના રોજ માનનીય અધ્યક્ષશ્રીને પત્ર લખીને રજૂઆત કરી હતી કે, વિપક્ષે ગૃહની લોબીમાં નાણા મંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચનની નકલો બાળીને ગૃહ સમક્ષ રજૂ થયેલા રાજયની જનતાના અત્યંત મહત્વના સરકારી દસ્તાવેજનું જાહેરમાં અવમૂલ્યન કરીને ગૃહના સભ્ય તરીકેની પ્રતિષ્ઠાને લાંછન લગાડયું છે અને તેના પરિણામે ગૃહના ગૌરવ અને પ્રતિષ્ઠાને લોકોની નજરમાં ઉતારી પાડી છે. કોગ્રેંસ પક્ષના સભ્યોનું આપની હકૂમત હેઠળના વિસ્તારમાં જાણીજોઈને ઈરાદાપૂર્વક કરવામાં આવેલ કૃત્ય ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડનારું અને ગૃહના અવમાન સમાન છે. આમ જણાવી તેમણે સભાગૃહના અવમાનની બાબત ગૃહમાં ઉપસ્થિત કરવાની પરવાનગી આપવા માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી. માનનીય અધ્યક્ષશ્રીએ મુખ્ય દંડક દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ ગૃહના અવમાન અંગેના મુદ્દા સંબંધે વિપક્ષી નેતાનું શું મંતવ્ય છે તે જણાવવા અને સંપૂર્ણ સ્પષ્ટતા કરવા માટે વિપક્ષી નેતાને એક પત્ર પાઠવ્યો હતો, તે પત્રના જવાબમાં શ્રી શકિતસિંહ ગોહિલે તા.૪–૩–૨૦૧૦ના રોજ જણાવ્યું હતું કે નાણા મંત્રીશ્રીને પોતાના સ્થાન પર બેસીને અંદાજપત્ર વાંચવાની પરવાનગી આપવાના વિરોધમાં, વિરોધ પક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરી, સભાત્યાગ કરી, ગૃહની બહાર સતત સૂત્રોચ્ચાર તથા દેખાવો યોજીને, ગૃહના ગૌરવ તથા પ્રતિષ્ઠાને લોકોની નજરમાં ઉતારી પાડવાનું, ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોચાડનારું અને ગૃહના અવમાન સમું કૃત્ય કરવામાં આવેલ છે તેવું જણાવી તે બાબત ગૃહમાં ઉપસ્થિત

કરવાની મુખ્ય દંડકશ્રીએ આપશ્રીને પરવાનગી આપવાની જે વિનંતી કરેલી છે તેના સંબંધમાં આપશ્રીને નમ્રતાપૂર્વક જણાવવાનું કે, વિધાનસભામાં થઈ રહેલી અલગ અલગ પ્રકારની કાર્યવાહીઓના સંદર્ભમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને કે બીજી કોઈ રીતે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરવાનો હકક સભ્યોને વિધાનસભાના નિયમોથી મળેલો છે. સંસદીય લોકશાહી પધ્ધતિમાં સરકારની કે સરકારના મંત્રીશ્રીની કાર્યરીતિ કે વિધાનસભાની કાર્યરીતિના સંદર્ભમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને વિરોધ વ્યકત કરવાની તંદુરસ્ત પ્રણાલિકા દેશમાં અને રાજયની વિધાનસભાઓમાં અને ગુજરાત વિધાનસભામાં ચાલી આવી છે. ભારતની સંસદ અને ગુજરાત વિધાનસભાના ઈતિહાસ તરફ દ્દષ્ટિ નાંખવામાં આવે તો જણાશે કે, આ રીતે સૂત્રોચ્ચાર, સભાત્યાગ કરવાની કે દેખાવો કરવાના બનાવો ભૂતકાળમાં બનેલા છે. સંસદીય લોકશાહી પધ્ધતિમાં આવા બનાવો બનતા આવ્યાં છે અને બને તે સ્વાભાવિક અને અપેક્ષિત છે. વધુમાં, તેમણે જણાવ્યું હતું કે વિધાનસભાના સભ્યોને વિશેષાધિકારો સ્વરૂપે અધિકારો મળેલા છે. આવા બનાવોથી સભાગૃહનું અવમાન, કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું કૃત્ય બનતું નથી કે સભાગૃહનું કોઈ અવમાન પણ થતું નથી. તેથી મુખ્ય દંડકશ્રીની સૂચનાના સંદર્ભમાં કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી ઉલટાનું વિપક્ષની લાગણી એવી છે કે, મુખ્ય દંડકશ્રીએ આ રીતે વિધાનસભાના સભ્યોને સંસદીય લોકશાહીમાં મળેલા અધિકારો ઉપર તરાપ મારવાનો પ્રયત્ન કરેલ છે તેથી મુખ્ય દંડક સામે સભ્યોના વિશેષાધિકાર પર તરાપ મારવાના કરેલા પ્રયત્ન બદલ વિશેષાધિકાર ભંગની કાર્યવાહી કરવા આપને વિનંતી કરી શકું પરંતુ તેમ અમે કરતા નથી. અમારી ઈચ્છા હંમેશા ગૃહનું સન્માન કરવાની હોય છે પરંતુ સાથે સાથે વિરોધપક્ષની ભૂમિકા પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની હોવાથી સ્વાભાવિક રીતે ઉગ્રતા આવે. ભૂતકાળમાં આવા ક્ષુલ્લક બનાવો અવારનવાર ભારતીય જનતા પાર્ટી જયારે વિપક્ષમાં હતી ત્યારે બનતા હતા. આ પ્રકારના બનાવોને વિશેષાધિકારના ભંગ ગણવા કોઈએ પણ ચેષ્ટા કરી નથી માટે આ પ્રકરણ અમારા ખુલાસા પછી અહીં જ બંધ કરવું જોઈએ.

મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાની રજૂઆત તથા તેની સામે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલનું લેખિત મંતવ્ય જાણ્યા બાદ વિચારણાના અંતે માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ) એ તા.૩૦–૩–૨૦૧૦ ના રોજ નીચે મુજબ નિર્ણય આપ્યો હતોઃ–

" વિધાનસભા ગૃહને આપણે લોકશાહીનું મંદિર ગણીએ છીએ. સંસદીય લોકશાહીમાં આપણને પ્રાપ્ત થયેલા બંધારણીય અધિકારો વિધાનસભાના નિયમો અને સંસદીય પ્રણાલિકાઓ ઉપર અવલંબિત છે અને મારા માટે આ સભાગૃહનું ગૌરવ જાળવવા અને સંસદીય લોકશાહીની ઉચ્ચતમ પ્રણાલિકાઓને સુરક્ષિત રાખવી એ મારી જવાબદારી છે તેમ આ સભાગૃહના સૌ સભ્યોની પણ સંસદીય જવાબદારી છે, ત્યારે માન. મુખ્ય દંડકશ્રીએ ઉઠાવેલ મુદ્દાને અને વિપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આપેલ જવાબને એકી સાથે લઈને સંસદીય પ્રણાલિકાની ગૌરવવંતી દિશાઓનું ગુજરાત વિધાનસભા ઉદાહરણ બની રહે એ જ આપણા સૌનું લક્ષ છે એમ આ સભાગૃહ માને છે. આ સભાગૃહના સૌ સભ્યોએ ગુજરાત વિધાનસભાનું ગૌરવ વધારવું અને ઉચ્ચતમ પ્રણાલિકાઓ સ્થાપીને દેશની લોકશાહીની દીવાદાંડી બનવાનું આપણા સૌનું લક્ષ છે અને એ લક્ષ આપણે સૌ સ્વીકારીએ તો તા.૨૫મી ના રોજ ગૃહની બહાર કોંગ્રેસ પક્ષે કરેલ દેખાવો, અંદાજપત્રની થયેલ હોળીના કૃત્યને હું ખૂબ જ ગંભીરતાથી લઉં છું. કોઈપણ સંજોગોમાં કોઈપણ સરકાર કે જુથોએ ગુજરાત વિધાનસભા ભવનમાં કોઈ પણ પ્રકારના સરઘસ, દેખાવો કે સૂત્રોચ્ચારો કરવા એ માત્ર ગૃહના અવમાનનું કૃત્ય નથી પરંતુ સંસદીય લોકશાહીની પ્રક્રિયાનું અવમાન છે. કારણ કે આપણે સૌએ એકી અવાજે સ્વીકાર્યું છે કે વિધાનસભા ભવન એ લોકશાહીનું મંદિર છે અને આપણે બધા આ

વિધાનસભા ગૃહને લોકશાહીનું મંદિર ગણીએ છીએ ત્યારે લોકશાહીના મંદિરમાં લોકશાહીની પૂજા હોય ત્યારે બધાએ સાથે મળીને એક સૂરે લોકશાહીના ગીતો ગાવાના હોય પરંતુ દેખાવો, સુત્રોચ્ચાર કે અંદાજપત્ર બાળવા જેવી ઘટનાઓ કરવી તે યોગ્ય નથી. શ્રી શકિતસિંહજીએ આપેલા તા.૪/૩/૧૦ ના જવાબમાં કયાંય વિધાનસભા ભવનમાં કોંગ્રેસ પક્ષે તા. ૨૫–૨–૧૦ ના રોજ અંદાજપત્ર બાળીને દેખાવ કરવાની ઘટનાનો ઉલ્લેખ પણ કર્યો નથી તેનું મને દુઃખ છે કે વિપક્ષના નેતા સત્યનો સ્વીકાર કેમ કરતા નથી? લોકશાહીમાં વિપક્ષને રચનાત્મક વિરોધ કરવાનો અધિકાર છે. ભૂતકાળમાં જયારે જયારે આ પ્રકારની ઘટનાઓ બની ત્યારે વિપક્ષના તત્કાલીન નેતાશ્રીઓએ ગૃહ બહાર બનેલી ઘટનાઓ માટે પણ ગૃહમાં આવીને માફી માગેલ હતી. તે ભૂતકાળનો પુનરોચ્ચાર કરતો નથી પરંતુ સંસદીય લોકશાહીમાં આપણને સૌને શ્રધ્ધા છે ત્યારે તા. ૨૫–૨–૧૦ ના રોજ વિધાનસભા ભવનમાં અંદાજપત્ર બાળવાની ઘટનાને સંસદીય લોકશાહીમાં વિરોધપક્ષનો અધિકાર છે તેવા શકિતસિંહજીના મંતવ્ય સાથે હું સંમત થતો નથી. વિધાનસભા ભવનમાં અંદાજપત્ર બાળવાની ઘટનાને હું ખૂબજ ગંભીરતાથી વખોડું છું કારણ કે માન. નાણામંત્રીશ્રીએ બેસીને પ્રવચન કરવાની પરવાનગી માગેલ હતી અને મને મળેલ સત્તા પ્રમાણે વિધાનસભાના નિયમોના નિયમ– ૨૯ હેઠળ મેં નાણામંત્રીશ્રીને બેસીને પ્રવચન કરવાની પરવાનગી આપી હતી. એટલે સમગ્ર દેખાવો અને અંદાજપત્ર બાળવા સુધીની ઘટના એ અધ્યક્ષના નિર્ણયનું અવમાન છે. વિધાનસભા ભવનમાં સુત્રોચ્ચાર, દેખાવો, અંદાજપત્ર બાળવા સુધીની ઘટનાઓ સંસદીય લોકશાહીની ઘટનાઓ ના ગણાય પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવેલા દેખાવોને રાજકીય પ્રદર્શન હું ગણું છું અને તેથી જ વિધાનસભામાં રાજકીય પ્રદર્શન કરવાનો કોઈ પણ પક્ષને અધિકાર નથી અને તેથી હું શકિતસિંહજીના એ મંતવ્ય સાથે સંમત થતો નથી કે લોકશાહીમાં, સંસદીય પધ્ધતિમાં આવા બનાવો બનતા આવ્યા છે અને બને તે સ્વાભાવિક અને અપેક્ષિત છે. ગુજરાત વિધાનસભા ભવનમાં અત્યાર સુધીની થયેલી ઘટનાઓ હું જોઈ ગયેલ છું અને ૧૯૭૫ પછી હું આ સભાગૃહના સભ્ય તરીકે રહયો છું, તેનો સાક્ષી છું તેથી ગુજરાત વિધાનસભા ભવનમાં ૧૯૬૦ પછી કોઈપણ રાજકીય પક્ષે કોઈપણ પ્રકારના સુત્રોચ્ચાર કે દેખાવો કર્યા હશે પણ કયારેય વિધાનસભા ગૃહમાં પ્રવર્તમાન સત્રમાં બન્યો તેવો અંદાજપત્ર પ્રવચનની નકલો બળવાનો બનાવ બન્યો નથી. જો આપણે સૌ આ અંગે ચિંતા કરીશું નહિ અને મૌન જાળવીશું તો શેરીઓમાં જેમ રાજકીય નેતાઓના પૂતળાઓનું દહન થાય છે, તેવી ઘટનાઓ વિધાનસભા ભવનમાં અને તેની હદમાં બનશે માટે જ હું તા.૨૫–૨–૧૦ ના રોજ બનેલી ઘટનાને ખૂબજ ગંભીરતાપૂર્વક લઈને આ ઘટના માત્ર સંસદીય લોકશાહીનું અવમાન કે ગૃહના અવમાનની ઘટના નથી પરંતુ સંસદીય લોકશાહીમાં શ્રધ્ધા રાખનાર સૌને માટે ચિંતાનો અને આઘાતનો વિષય છે એમ હું સ્પષ્ટપણે માનું છું. ભવ્ય હોય એવો જ ભૂતકાળ યાદ રાખવો જોઈએ, પ્રેરણા આપે તેવા જ ભૂતકાળમાં બનેલા બનાવો નજર સમક્ષ રાખીને વર્તમાનમાં તેનું આચરણ કરીશું તો સંસદીય પરંપરાઓને સાચા અર્થમાં જાળવી શકીશું, તેનું જતન કરી શકીશું. આશા રાખું છું કે હવે પછી આવી ઘટનાઓનું પુનરાવર્તન ના થાય અને સંસદીય લોકશાહીમાં વિધાનસભા ગૃહને લોકશાહીનું મંદિર ગણ્યું છે ત્યારે આવા અઘટિત કૃત્ય માટે ખેદ થવો જોઈએ."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૮ : ૨૦૧૦)

## અંદાજપત્ર :

### ૧૫. અંદાજપત્ર પ્રકાશનોમાં દર્શાવેલ વિગતોના અનુવાદ –

**અંદાજપત્ર પ્રકાશનોમાં દર્શાવેલ વિગતોના અનુવાદ ગુજરાતી–અંગ્રેજી બંનેમાં હોવા જરૂરી છે.**

તા.૨૪/૩/૦૮ના રોજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને લગતી માગણીઓની ચર્ચા દરમિયાન સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિભાગના અંદાજપત્ર પ્રકાશન નં.૨૬ સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે ઉકત પ્રકાશનના પાના નં.૪૩, ૪૮ અને ૬૯ ઉપર ગરીબ સમૃધ્ધિ યોજના લખ્યું છે તેનું અંગ્રેજી માં અનુવાદ કરવામાં આવ્યું નથી અને પાના ૪૨ ઉપર સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજનાનું જે અંગ્રેજીમાં અનુવાદ છે તે ભૂલ ભરેલું છે. આ બંને યોજનાઓ કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ છે. વધુમાં તેમણે આગળ જણાવ્યું કે આ યોજનાનું અંગ્રેજીમાં અનુવાદ નહિ કરવાનું કારણ એ છે કે એ કેગના અધિકારીઓ તે વાંચવાના છે અને ગુજરાતી છે એ ધારાસભ્યો વાંચવાના છે. અહીંયા ગુજરાતના લોકોને એમ થાય કે આ ગરીબ સમૃધ્ધિની યોજના છે. જે સંસ્થા કેન્દ્ર સરકારની સ્વતંત્ર એજન્સી છે એને એમ થાય કે આ જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના છે. આ રીતે મીસ લીડીંગ શબ્દો મૂકયા છે. ગરીબ સમૃધ્ધિ યોજના, કોઈ જગ્યાએ સાગરખેડુ યોજના એ સ્પષ્ટ થવું જોઈએ, નહિ તો કેગના અધિકારીઓના ધ્યાનમાં આવશે તો ખર્ચ કરવાની મંજૂરી મળી શકશે નહિ. એટલે રાજય સરકારે આ રીતે એમના બજેટ પ્રકાશનની અંદર આ અસત્ય શબ્દો છે એને આ યોજના સાથે લેવાદેવા નથી એવું ન કરી શકો અને આ યોજનાનું નામ ન બદલી શકો.

વિપક્ષી સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડર સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ તે પોઈન્ટ ઓફ ઓર્ડર ગ્રાહય નહીં રાખતા નીચે મુજબ જણાવ્યું હતું.

" રાજય સરકારને પોતાની યોજના વિશે એનું નામકરણ કરવાનો અધિકાર છે બીજુ કે કેન્દ્ર પુરસ્કૃત યોજના ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં પ્રકાશનમાં દર્શાવેલ છે. ત્રીજી ખૂબ જ દુઃખદ બાબત એ કે, પ્રકાશનની અંદર ગુજરાતી છે તે ધારાસભ્યો માટે છે અંગ્રેજી છે તે એ. જી. માટે છે એવું જે તારણ કાઢયું છે તે યોગ્ય નથી."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૬ : ૨૦૦૮)

**અંદાજપત્ર :**

**૧૬. રાજવિત્તીય જવાબદારી અધિનિયમ–૨૦૦૫ હેઠળ સ્વૈચ્છિક રીતે જાહેર કરવાની માહિતીના પત્રકો –**

**ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ–૨૦૦૫ હેઠળ સ્વૈચ્છિક રીતે જાહેર કરવાની માહિતીમાં રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનને લગતા પત્રકો અધિનિયમ હેઠળ ઘડાયેલ નિયમોની જોગવાઈ મુજબ ચાલુ ભાવે આપવાના હોય છે.**

તા. ૨૫–૨–૨૦૧૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૧૦–૧૧ના અંદાજપત્રને લગતા પ્રકાશન નં. ૩૦ "ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ–૨૦૦૫ હેઠળ રજૂ કરવાના પત્રકો" માં મુખ્ય સદરવાર રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનને લગતા પત્રકો (પાના નં.૭) માં વિગતો માત્ર 'ચાલુ ભાવે' આપવામાં આવી હતી. આ સંબંધમાં તા. ૯–૩–૨૦૧૦ના રોજ અંદાજપત્રની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યુ હતું કે, ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ–૨૦૦૫ હેઠળ મુખ્ય સદરવાર રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનને લગતા પત્રકોમાં વિગતો અગાઉના વર્ષોમાં 'ચાલુ ભાવે' તથા 'સ્થિર ભાવે' એમ બંને રીતે આપવામાં આવી હતી. રાજયની સાચી નાણાકીય સ્થિતિની ગણતરી માત્ર 'સ્થિર ભાવે' જ થઈ શકે

વળી બંને ભાવના પત્રકો આપવાથી રાજયની નાણાકીય સ્થિતિનું સાચું ચિત્ર સ્પષ્ટ થાય. ભૂતકાળમાં આવા પત્રકો બંને ભાવોએ આપવામાં આવતાં હતાં. શ્રી મોઢવાડિયાએ પોતાની દલીલના સમર્થનમાં દેશની પાર્લામેન્ટ તથા કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરી પ્રકાશન નં.૩૦માં આપેલ પત્રકો F.R.B.M. એકટ વિરુધ્ધ હોઈ તે 'ચાલુ ભાવે' તથા 'સ્થિર ભાવે' આપવાની અધિનિયમ/ નિયમોની જોગવાઈનું પાલન થતું નથી એમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

ઉકત મુદા સંબંધમાં વિરોધ પક્ષના નેતા શ્રી શકિતસિંહ ગોહિલ તથા નાણા મંત્રી શ્રી વજુભાઈ વાળાના મંતવ્યો જાણ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ તત્સમયે પોતાનો નિર્ણય મુલત્વી રાખ્યો હતો ત્યારબાદ તા. ૨૫–૩–૨૦૧૦ના રોજ માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ) એ તેમનો નિર્ણય નીચે મુજબ જાહેર કર્યો હતો:–

"શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો મુદ્દો અંદાજપત્ર અને રાજયની સરકાર પર વિધાનસભા ગૃહના અંદાજપત્રીય–નાણાકીય અંકુશોને લગતો હોઈ તેના નિર્ણય પર આવતાં પહેલાં ઉપસ્થિત થયેલા આ મુદ્દા ઉપર મેં **રાજવિત્તીય જવાબદારી અધિનિયમ–૨૦૦૫** અને તે હેઠળ ઘડાયેલા **રાજવિત્તીય જવાબદારી નિયમો–૨૦૦૬**ની જોગવાઈઓ તપાસી છે. આ ઉપરાંત તાજેતરમાં લોકસભામાં રજૂ થયેલા ભારત સરકારના બજેટ સાથે રજૂ થયેલ મધ્યમ મુદતના રાજવિત્તીય પત્રકોનો તથા તેરમા નાણાપંચના અહેવાલનો પણ મેં અભ્યાસ કર્યો છે. ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમની કલમ–૩ મુજબ રાજય સરકારે દરેક નાણાકીય વર્ષમાં અંદાજપત્ર રજૂ કરતી વખતે મધ્યમ મુદતનું રાજવિત્તીય પત્રક તથા રાજવિત્તીય વ્યુહ પત્રક તે હેઠળ ઘડાયેલા નિયમોના નિયમ–૪ અને ૫ હેઠળ નિયત નમૂનામાં વિધાનસભા સમક્ષ રજૂ કરવાના રહે છે. આ જોગવાઈ મુજબ સન ૨૦૧૦–૧૧ના અંદાજપત્ર સાથે પ્રકાશન–૩૦ના પાના નં ૧૬ તથા ૨૩ ઉપર આ પત્રકો નિયત થયેલ પર્ફોમામાં રજૂ થયા છે અને તેમાં કોઈપણ જાતનો ફેરફાર નથી. જયારે અધિનિયમની કલમ–૬ મુજબ રાજય સરકારે નાણાકીય પ્રક્રિયાઓમાં જાહેર હિતમાં વધુ પારદર્શકતા લાવવા માટે અંદાજપત્ર તૈયાર કરતી વખતે ખાનગી રાખવાની બાબતોમાં શકય તેટલો ઘટાડો કરીને અંદાજપત્ર રજૂ કરતી વખતે તે કલમ હેઠળ નિર્દિષ્ટ થયેલ બાબતોની માહિતી નિયત થયેલ નમૂનાના પત્રકોમાં જાહેર કરવાની રહે છે, તે મુજબ નિયમ–૭ હેઠળ રાજય સરકારે અંદાજપત્ર રજૂ કરતી વખતે જાહેર કરવાની થતી માહિતી પણ નિયત થયેલ પર્ફોમા બી–૧ થી બી–૯ મુજબ અંદાજપત્ર પ્રકાશન નં ૩૦ના પાના નં ૨૭ થી ૩૨ પર જાહેર કરી છે. આમ નાણા વિભાગ દ્વારા રાજવિત્તીય જવાબદારી અધિનિયમ તથા નિયમો હેઠળ નિયત થયેલ પર્ફોમામાં માહિતી જાહેર કરવામાં આવી છે અને તેમાં અધિનિયમ તથા નિયમોની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે, આથી કાયદાની જોગવાઈનું પાલન થયું નથી તેવો માન. સભ્યશ્રી મોઢવાડિયાનો મુદ્દો રહેતો નથી."

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેમના પોઈન્ટ ઓફ ઓર્ડરમાં બીજો એવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે, રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનને લગતા અંદાજપત્ર પ્રકાશન નં ૩૦ના પાના નં ૭ પર આપેલ પત્રક ૩.૧ અને ૩.૨ અગાઉના વર્ષોમાં 'ચાલુ ભાવે' અને 'સ્થિર ભાવે' આપવામાં આવતાં હતાં. રાજવિત્તીય જવાબદારી નિયમોના નિયમ–૨(ઘ) મુજબ " રાજયનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન એટલે પ્રવર્તમાન દરે રાજયનું ઘરગથ્થુ ઉત્પાદન" અર્થ થતો હોઈ અધિનિયમ તથા તે હેઠળ ઘડાયેલા નિયમોની જોગવાઈઓ કે તે હેઠળ મુકાયેલ મર્યાદાનો ભંગ થાય છે તેવી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની

રજૂઆતને અધિનિયમ અને તે અન્વયેના નિયમોનું કોઈ સમર્થન મળતું નથી અને તેથી તેમનો તે મુદ્દો પણ હું સ્વીકારી શકતો નથી.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેમની રજૂ કરેલી વાતના સમર્થનમાં તેમણે "અગાઉના વર્ષના એટલેકે ૨૦૦૯–૧૦ના વર્ષના અંદાજપત્ર પ્રકાશન નંબર ૨૮ના પાના નં ૫ અને ૬નો ઉલ્લેખ કરીને સ્થિર અને ચાલુ એમ બંને ભાવે અગાઉ આવા પત્રકો આપ્યા છે" તેનો ઉલ્લેખ પણ કર્યો હતો. એમની આ હકીકત સાચી છે. સન ૨૦૦૯–૧૦ના વર્ષના અંદાજપત્ર પ્રકાશન નંબર ૨૮માં અગાઉ ઘરગથ્થુ ઉત્પાદનને લગતા પત્રકો સ્થિર અને ચાલુ ભાવે આપવામાં આવ્યાં હતાં પરંતુ તે પત્રકો સને ૨૦૦૬ના ગુજરાત રાજવિત્તીય જવાબદારી નિયમોના નિયમ–૨(ઘ)ની જોગવાઈ પ્રમાણે સ્થિર ભાવે આપવા જરૂરી નથી. નિયમ–૨(ઘ)ની જોગવાઈ મુજબ રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનને લગતા પત્રકો પ્રવર્તમાન દરે આપવાના હોય છે. જે નાણા વિભાગ દ્વારા અંદાજપત્ર પ્રકાશન નં ૩૦માં આપ્યા છે તેથી નિયમોની જોગવાઈઓનું પાલન થયું છે. આ જ પ્રમાણે તાજેતરમાં લોકસભામાં રજૂ થયેલ કેન્દ્ર સરકારના અંદાજપત્ર સાથે રજૂ થયેલ મધ્યમ મુદતના રાજવિત્તીય નીતિના પત્રકોનો પણ મેં અભ્યાસ કર્યો છે, જે પ્રવર્તમાન દરના આધારે રજૂ થયા છે. આ ઉપરાંત ૧૩મા નાણાપંચના અહેવાલમાં પણ રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનને લગતા પત્રકો પ્રવર્તમાન દરે અપાયા છે. આથી માન. સભ્યશ્રીએ ઉપસ્થિત કરેલા મુદ્દાનો તલસ્પર્શી અભ્યાસ કરતાં જણાયું છે કે, રાજય સરકારના નાણા વિભાગ તરફથી ૨૦૧૦–૧૧ના વર્ષના અંદાજપત્ર સાથે રજૂ થયેલ અંદાજપત્ર પ્રકાશન નં ૩૦માં પત્રકો કે જેનો શ્રી અર્જુનભાઈએ ઉલ્લેખ કર્યો છે, તે કાયદાકીય જોગવાઈઓ પ્રમાણે છે.

વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ " જાહેરખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ" પુસ્તકનો સંદર્ભ ટાંકી નાણાંકીય બાબતોમાં સભ્યોને વધુમાં વધુ માહિતી આપવાની અનુકુળતા કરવી જોઈએ એવી જે રજૂઆત કરી તે રજૂઆત સાથે એટલા કારણસર સંમત ન થઈ શકાય કે રાજવિત્તીય જવાબદારી અધિનિયમ તથા નિયમો હેઠળ રજૂ કરવાની થતી માહિતી તે અધિનિયમ તથા નિયમો મુજબ જ રજૂ કરી શકાય. અંદાજપત્ર સાથે રજૂ થતા કોઈપણ સાહિત્યને કાયદાની જોગવાઈનું સમર્થન હોવું જોઈએ અને તેથી રાજયના નાણા વિભાગે જે સાહિત્ય આપ્યું છે, તે અધિનિયમ તથા નિયમોની જોગવાઈઓ સાથે સુસંગત છે તેથી શ્રી શકિતસિંહજીએ જે પુસ્તકમાંથી સંદર્ભ ટાંકયા છે તે અપ્રસ્તુત છે કારણકે અંદાજપત્રની સાથે રજૂ થયેલ સાહિત્ય રાજવિત્તીય જવાબદારી અધિનિયમ તથા નિયમો નીચે રજૂ થયું છે અને તે કારણસર હું માન. સભ્યશ્રી મોઢવાડિયાએ ઉપસ્થિત કરેલ મુદ્દાનો અસ્વીકાર કરું છું."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૮ : ૨૦૧૦)

## કામકાજ સલાહકારસમિતિ :

### ૧૭. હાજર રહેવા બાબત –

**(૧) કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં સમિતિના દરેક સભ્યશ્રીએ અનુકૂળતા કરીને હાજર રહેવું જોઈએ.**

(૨) **કામકાજ સલાહકાર સમિતિની બાબતો પ્રચાર માધ્યમોને ન જણાવતા સમિતિ સમક્ષ રજૂ કરવી જોઈએ.**

(૩) **કામકાજ સલાહકાર સમિતિ સહિતની બધી સમિતિઓમાં થયેલ કાર્યવાહી પરંપરા મુજબ ગુપ્ત રાખવી જોઈએ.**

તા ૧૬મી જુલાઈ, ૨૦૦૯ના રોજ કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં પોતાની અનુપસ્થિતિ બાબતે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે એક પત્ર માન. અધ્યક્ષશ્રીને લખ્યો હતો આ પત્ર અધ્યક્ષશ્રીને મળે તે પહેલાં પ્રેસમાં વહેંચાયો હતો. આ બાબતે તા.૧૭–૭–૦૯ના રોજ સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિત શાહે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે, કામકાજ સલાહકાર સમિતિના સભ્ય તરીકે અને વિરોધપક્ષના નેતા તરીકે અધ્યક્ષશ્રી સાથે થયેલ પત્ર વ્યવહાર અને તેના મુદ્દાઓ પ્રેસને આપવા અને પ્રેસની અંદર છપાવવા પ્રયત્ન કરવો તે આપણી પરંપરાઓ વિરૂધ્ધ છે. આ પ્રકારની નવી પરંપરા પાડવા જેવી નથી. આમ જણાવી તેમણે વિધાનસભાના નિયમો અને પરંપરાઓને ધ્યાનમાં રાખી સભાગૃહને માર્ગદર્શન આપવા માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી.

ઉકત મુદ્દા બાબતે માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તા ૧૬–૭–૦૯ના રોજ અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર તેઓને મળે તે પહેલાં પત્રકારો દ્વારા તેમને મળેલ. સામાન્ય શિરસ્તા મુજબ અધ્યક્ષ અને સભ્યો વચ્ચે જે પત્ર વ્યવહાર થાય તે પ્રેસને અપાતો નથી, એ ઔચિત્ય નથી પણ અરૂચિકર છે. તા. ૧૫–૭–૨૦૦૯ ના રોજનો કામકાજ સલાહકાર સમિતિની બેઠક બોલાવવા અંગેનો વિધાનસભા સચિવાલયનો પત્ર તેમને મળ્યા બાદ તેઓએ તા ૧૬–૭–૨૦૦૯ના રોજ તેનો જવાબ મને પત્રથી આપેલ છે એનો મતલબ એ થાય કે તેઓ ગાંધીનગરમાં હતા. તેમના પત્રમાં બે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા (૧) બેઠક બુધવારે જ બોલાવવાનો શિરસ્તો છે અને (૨) સમિતિની બેઠક સત્ર ટૂંકાવવા માટે બોલાવવામાં આવેલ હતી. પત્રના પહેલા મુદ્દા બાબતે હું સમિતિની અગાઉની બેઠકો અંગેનો રેકર્ડ જોઈ ગયો છું અને રેકર્ડ પ્રમાણે હકીકતમાં અગાઉ આઠમી, નવમી, દસમી અને અગિયારમી વિધાનસભામાં કામકાજ સલાહકાર સમિતિની બેઠકો બુધવાર સિવાય અન્ય દિવસોએ પણ મળી હોય તેવું જોવા મળેલ છે. એટલે કામકાજ સલાહકાર સમિતિની બેઠક બુધવારે જ બોલાવવાનો કોઈ શિરસ્તો નથી. બીજું કે બેઠકમાં તેઓ હાજર રહી શકે એટલા માટે મેં ખૂબજ કાળજી લીધી હતી. કામકાજ સલાહકાર સમિતિની બેઠક માટે મારું સચિવાલય સામાન્ય રીતે વિરોધપક્ષના કાર્યાલયને પત્ર પાઠવે છે પરંતુ મેં એમને એસ.એમ.એસ. અને ટેલિગ્રામ દ્વારા પણ ખબર આપી હતી. સભાગૃહની ખૂબજ અગત્યની એવી કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં હાજર રહેવું એ વિરોધપક્ષના નેતા અને સમિતિના સૌ સભ્યો કે જેઓ આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય તેમના માટે જરૂરી છે તેથી એમણે પોતે એની અનુકૂળતા કરીને હાજર રહેવું જોઈએ. બીજો મુદ્દો એટલે કે સત્ર ટૂંકુ કરવાની બાબતે જણાવવાનું કે ગઈકાલે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો, જેને સભાગૃહે મંજૂરી આપેલ છે. તે અહેવાલની વિગતો મુજબ તો ગૃહ લંબાવવામાં આવ્યું છે, એટલે પત્ર દ્વારા જે વિવાદ ઉભો કરવામાં આવ્યો છે એ ઔચિત્ય ધરાવતો નથી અને અરૂચિકર છે એટલે સમિતિના સભ્યોને વિનંતી કરવાની કે સમિતિની બેઠકમાં હાજર રહીને

પોતાનો મુદ્દો રજૂ કરે તે યોગ્ય રહેશે. સંસદીય કાર્યરીતિ અને પરંપરા અનુસાર કામકાજ સલાહકાર સમિતિ સહિતની બધી સમિતિઓમાં જે કંઈ કાર્યવાહી થાય છે તે ગુપ્ત રાખવામાં આવે છે. તેને આપણે પ્રેસને જણાવતા નથી, વળી મને કહી શકે તેવી બાબતો માધ્યમો દ્વારા મને ન કહે તે વધારે ઉચિત થશે અને આ બાબત ધ્યાનમાં લેવા વિરોધપક્ષના નેતાશ્રીને હું વિનંતી કરું છું."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૪ : ૨૦૦૯)

**ચર્ચા :**

## ૧૮. કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ

### કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરી શકાય પણ તેની ટીકા કરી શકાય નહિં.

તા ૪મી માર્ચ, ૨૦૧૧ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ત્રીજા અને છેલ્લા દિવસની ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા આપતા હતા તે વખતે તેમણે સુપ્રિમ કોર્ટના જજમેન્ટનો સંદર્ભ આપી ન્યાયાધિશોના નામનો ઉલ્લેખ કરી કેન્દ્ર સરકારની ટીકા કરતાં ઉચ્ચારણો કર્યા હતાં. આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે સભાગૃહમાં સુપ્રિમ કોર્ટના જજમેન્ટની ચર્ચા કરી શકાય નહિ અને જે વ્યકિત સભાગૃહની બહાર બોલ્યા હોય તેમજ ગૃહમાં હાજર ન હોય તેના વિશેના ઉચ્ચારણોનો ઉલ્લેખ કરી શકાય નહિ કે તેનો સંદર્ભ પણ ટાંકી શકાય નહીં.

ઉકત મુદ્દા સબંધમાં નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોતાનું મંતવ્ય આપતા જણાવ્યું કે ગૃહમાં જે વ્યકિત હાજર ન હોય એની ટીકા કરી શકાય નહીં પણ પોઝિટીવ વાત કરી શકાય છે.

ઉકત બાબતે માનનીય અધ્યક્ષશ્રી (ગણપતભાઈ વસાવા)એ નિયમ–૩૪(૧૧)નો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ભારતના કોઈપણ ભાગમાં ક્ષેત્રાધિકાર ધરાવતા કોઈપણ ન્યાયાધીશ પોતાની ફરજ બજાવતા હોય તે વખતના વર્તન ઉપર અથવા ભારતના કોઈપણ ભાગમાં ક્ષેત્રાધિકાર ધરાવતા કોઈપણ ન્યાયાલય ઉપર આક્ષેપ કરી શકાય નહિ એમ જણાવી મંત્રીશ્રીને ટીકાત્મક ઉચ્ચારણો ટાળી તેમનું પ્રવચન ચાલુ રાખવા જણાવ્યું હતું, તેના વિરૂધ્ધમાં વિરોધપક્ષના નેતા સહિત ગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયાં હતાં.

વિરોધપક્ષના તમામ સભ્યોના સભાત્યાગ બાદ સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ વિરોધપક્ષના સભ્યોએ અધ્યક્ષશ્રીના નિર્ણય સામે દેખાવો કરીને સભાત્યાગ કર્યો એ વાજબી નથી એમ જણાવી યોગ્ય નિર્ણય આપવા માનનીય અધ્યક્ષશ્રીને જણાવ્યું હતું. આ મુદ્દા સબંધે સંસદીય બાબતોના મંત્રી (રા.ક.) શ્રી પ્રદિપસિંહ જાડેજા તથા આરોગ્ય મંત્રીશ્રી જય નારાયણભાઈ વ્યાસે પોતાના મંતવ્યો આપ્યા હતા કે માનનીય ફકીરભાઈ વાઘેલા જે વાત કરી રહયા છે તે ન્યાયાધિન બાબત નથી પણ ન્યાય થઈ ગયેલ ચુકાદાની બાબત છે. જેથી નિયમ–૩૪નું ઉલ્લંઘન થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી (ગણપતભાઈ વસાવા)એ આ બાબતે નિર્ણય આપતાં જણાવ્યું હતું કે " ચર્ચા દરમિયાન કોર્ટે આપેલ ચુકાદાનો ઉલ્લેખ કરી શકાય પણ તેની ટીકા કરી શકાય નહિં."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૬ : ૨૦૧૧)

**ચર્ચા :**

**૧૯. વકતવ્ય વાંચવુ–**

**અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતે મંત્રીશ્રી લખેલું વકતવ્ય અક્ષરશઃ વાંચી શકે નહીં.**

તા.૧૦મી માર્ચ, ૨૦૧૦ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના ત્રીજા દિવસે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા વાંચીને પોતાનું વકતવ્ય આપી રહયા હતા ત્યારે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢ વાડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા એક સીનિયર મંત્રી છે તેમણે મૌલિક પ્રવચન કરવું જોઈએ, અક્ષરશઃ વાંચે છે તે યોગ્ય નથી વળી તેઓ એક સભ્યશ્રી તરીકે વકતવ્ય આપે છે.

ઉકત બાબતે માન. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીએ અધ્યક્ષના અગત્યના નિર્ણયો સન ૧૯૬૦–૮૪ પુસ્તકના પાનાનં. ૧૪૩ પરનો નિર્ણય ટાંકીને પોતાનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું હતુ કે મંત્રીશ્રીને લખેલુ વાંચવાનો અધિકાર છે. ત્યારબાદ મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજા અને વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલના મંતવ્યો જાણ્યા બાદ માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

પહેલા તો આપણે એ નકકી કરવું પડશે કે મંત્રીશ્રી વકતવ્ય આપે છે કે નિવેદન કરે છે. જો મંત્રીશ્રી નિવેદન કરતા હોય તો નિયમ–૩૮ મુજબ તેઓ પોતાનું નિવેદન વાંચી શકે છે પરંતુ જો તેઓ પ્રવચન કરતા હોય તો તેઓ પોતાનું પ્રવચન વાંચી શકે નહીં. અહીં મંત્રીશ્રી અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતે એક સભ્યશ્રી તરીકે તેમનું વકતવ્ય આપી રહયા છે અને નિયમ–૩૮માં જણાવેલ અપવાદો સિવાય કોઈ પણ મંત્રી કે સભ્ય પોતાનું વકતવ્ય વાંચી શકે નહીં.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૦ : ૨૦૧૦)

**ચર્ચા :**

**૨૦. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાની મર્યાદા –**

**અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માનનીય અધ્યક્ષશ્રીએ ચર્ચાના પ્રથમ દિવસે આપેલ માર્ગદર્શનને ધ્યાનમાં રાખીને જ કરવી જોઈએ.**

તા.૧૦મી માર્ચ, ૨૦૧૦ ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના ત્રીજા દિવસે વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ તેમના વકતવ્યમાં બાજપાઈજીની સરકાર અને એ વખતના કાયદા વિશે કહેલી બાબતો અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં કોઈપણ સંજોગોમાં આવી શકે નહીં, માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં કરેલી જાહેરાત મુજબ આ પ્રકારનો ઉલ્લેખ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાની મર્યાદા સાથે સુસંગત નથી, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

ઉકત બાબતે પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, સભ્યશ્રી આત્મારામ પરમાર તથા સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અભિપ્રાયો જાણ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ) એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

આ એક ગંભીર મુદ્દો ઉપસ્થિત થયો છે. તેમાં લાંબા ગાળાની ગૃહ વ્યવસ્થાનું માર્ગદર્શન ખૂબ જ જરૂરી બન્યું છે અને આવું માર્ગદર્શન માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોમાંથી મળતું હોય છે, સંસદીય પ્રણાલિકાઓમાંથી મળતું હોય છે. આ માર્ગદર્શનનો મુખ્ય આધાર વિધાનસભાના નિયમો ઉપર રહેલો હોય છે. કોઈ પણ અધ્યક્ષશ્રીનો નિર્ણય અને પરંપરા તે આપણા નિયમથી પર નથી અને એટલા માટે આ સભાગૃહની અંદર અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાની શરૂઆત થાય ત્યારે એક પ્રસ્થાપિત માર્ગદર્શિકા આપવામાં આવે છે અને તે માર્ગદર્શિકા બંને પક્ષ માટે એક આચારસંહિતારુપ રહે છે. ભૂતકાળનાં વકતવ્યો પણ લક્ષ્મણરેખા હોઈ શકે પરંતુ જયારે તે લક્ષ્મણરેખાની બહાર કોઈ પણ સભ્ય પોતાનું વકતવ્ય લઈ જાય છે અને તેમાંથી જે પરિસ્થિતિ પેદા થાય છે તેનો આપણને સહુને અનુભવ છે. આપણો નિયમ–૨૨૧ બહુ સ્પષ્ટ છે કે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માટે નકકી કરેલા દિવસોએ આખા અંદાજપત્ર પર અથવા તો તેમાં આવી જતા સિધ્ધાંતોના પ્રશ્ન ઉપર ચર્ચા કરવાની વિધાનસભાને છૂટ હોય છે પણ આ તબકકે કોઈપણ પ્રસ્તાવ રજૂ કરી શકાશે નહિ અથવા અંદાજપત્ર વિધાનસભાના મત માટે મૂકાશે નહીં. પ્રશ્ન એટલો જ છે કે આપણી ચર્ચાની જે મર્યાદા છે એ બહુ સ્પષ્ટ છે અને તે મુજબ સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર પર અથવા તો તેમાં સમાયેલા કોઈપણ સિધ્ધાંત ઉપર ચર્ચા કરી શકાય, તેમાં સમાવિષ્ટ જુદાજુદા વિષયો ઉપર સેવાની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી થઈ છે કે નહીં, કર નાખવાની નીતિ અને નાણા મંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની સામાન્ય ચર્ચા વખતે નહીં પણ અનુદાનોની માગણીઓ પરની ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરોકિત થશે નહીં અને ચર્ચા ઉપયોગી થશે. આપણે ચર્ચાને ઉપયોગી બનાવવી છે. ચર્ચાને જો ઉપયોગી બનાવવી હોય તો કેટલીક મર્યાદા આપણે પોતે નકકી કરવી પડશે અને તે મર્યાદા બહાર જઈશું તો સામે પણ મર્યાદાનું ઉલ્લંઘન થશે. આ આખી દિશા અંદાજપત્રમાં સમાવિષ્ટ સિધ્ધાંતોની મર્યાદા અંદાજપત્રની નીતિની ચર્ચા, અંદાજપત્ર પર કર નાખવાની નીતિની ચર્ચાની વિરુધ્ધ જશે. અંદાજપત્રમાં ગરીબો, દલિતો માટે કરેલી વાત એ સિધ્ધાંતની વાત છે, એ વ્યૂહ–નીતિ બાજુ પર રહી જશે અને મુખ્યત્વે જે આવશે તે જુદા પ્રકારનું આવશે અને એટલે કે શ્રી શકિતસિંહ ગોહિલે જે વાત કરી છે એને જરા સમજવાનો પ્રયત્ન કરીએ. જો આ બાજુથી આક્ષેપ થશે તો એનો એ જ પ્રકારે જવાબ આવશે. હું આક્ષેપને આક્ષેપ પણ નથી ગણતો. આક્ષેપ કદાચ હકીકત હોય તો આ બાજુની હકીકત ઘટનાક્રમ રૂપે રજૂ થશે તો બીજી બાજુથી બીજા ઘટનાક્રમો આવશે માટે આપણે નિરીક્ષણ કરીને નકકી કરવું પડશે કે આપણે અંદાજપત્રની સામાન્ય ચર્ચાને કઈ દિશા ઉપર લઈ જવી છે અને આમાં જો આ દિશા ઉપર આપણે આત્મસંયમ રાખીને ચર્ચાને અંદાજપત્રના સિધ્ધાંતોને, સિધ્ધાંતની છણાવટને અને સિધ્ધાંતોના માર્ગદર્શન તરફ લઈ જઈશું તો કોઈ પ્રશ્ન પેદા નહીં થાય અને એટલે જ આ દિશાની અંદર આપણે સૌ સાથે મળીને નિર્ણય કરીશું તો જે દિશા ઉપર આખા ગૃહની ચર્ચા આ સત્ર દરમિયાન થઈ રહી છે તે માત્ર આપણા માટે નહીં પરંતુ આવનારા અનેક સત્રો માટે માર્ગદર્શક બની રહેશે અને મારા માટે માર્ગદર્શક એ છે કે આપ સૌના એટલે કે શાસક પક્ષ અને વિપક્ષના સહયોગી વલણના કારણે, સંવાદિત વલણના કારણે, સમયનો સૌથી વધુ ઉત્પાદક ઉપયોગ થયો છે. સભ્યો સૌથી વધુ સંખ્યામાં

બોલી શકયા છે, બંને પક્ષના સભ્યશ્રીઓ ખૂબ માહિતીપૂર્ણ વિગતો સભાગૃહમાં રજૂ કરી શકયા છે અને ચર્ચાના સ્તરને સભ્યશ્રીઓ ઉંચુ લઈ જઈ શકયા છે એટલે હું ચર્ચાનુ સ્તર નીચું ગયું છે એમ માનતો નથી. ઉલટાનું ચર્ચાનું સ્તર ઉંચું આવતું જાય છે. એની દિશા નકકી છે, સંસદીય દિશા એ બહુ સ્પષ્ટ છે અને દરેક સભ્યશ્રી એ દિશા તરફ આગળ જાય એ જ મારું માર્ગદર્શન છે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૦ : ૨૦૧૦)

**ચર્ચા:**

## ૨૧. કેન્દ્ર સરકારની ટીકા –

**કેન્દ્ર સરકારની કામગીરીની ટીકા ગૃહમાં થઈ શકે નહિ.**

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેતાં સભ્યશ્રી કમાભાઈ રાઠોડે બી.પી.એલ. કાર્ડ બાબતે જણાવ્યું કે ગુજરાતના ગરીબો, દલિતો, શોષિતો અને આદિવાસીઓ માટે સરકાર ઝડપી કાર્યવાહી કરવા માંગે છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા બી.પી.એલ. કાર્ડના નિયમોથી રૂકાવટ આવી છે તે દૂર કરવામાં આવે. શ્રી રાઠોડની આ વાત સાંભળી વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજી ગોહિલે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પૈકી નિર્ણય ક્રમાંક : ૪૮૩ (૧૯૬૦–૮૪) ટાંકીને શ્રી કમાભાઈ રાઠોડે તેમના વ્યકતવ્ય દરમિયાન કેન્દ્ર સરકારની કરેલી ટીકા સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને સભાગૃહમાં ચર્ચા દરમિયાન કેન્દ્ર સરકારની થતી ટીકાઓ રોકવા વિનંતી કરી હતી.

ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં તત્પૂરતો નિર્ણય આપવાનું મુલત્વી રાખી માન. અધ્યક્ષ(શ્રી અશોક ભટ્ટ)એ તા.૧૦/૩/૦૮ના રોજ પોતાનો નિર્ણય આપતાં જણાવ્યું કે માન. વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા ઉલ્લેખ કરવામાં આવેલ નિર્ણય–૪૮૩ના હાર્દ મુજબ "જે વ્યકિત ગૃહમાં હાજર ના હોય તે વ્યકિતની ટીકા થઈ શકે નહિ તેમજ કેન્દ્ર અને રાજય સરકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે " તે પ્રકારનો હોય તેમ લાગે છે. કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે એ ઉમદા હેતુને ધ્યાનમાં રાખીને માન. વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ મુદ્દાના હાર્દનો સ્વીકાર કરી દરેક સભ્યશ્રીને વિનંતી કરી હતી કે રાજય સરકારના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની જ ગૃહમાં ચર્ચા કરે અને કેન્દ્ર સરકાર કે અન્ય રાજય સરકારની કામગીરી અંગે ટીકા ટિપ્પણ કરવાથી દૂર રહે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૨ : ૨૦૦૮)

**ચર્ચા :**

## ૨૨. કેન્દ્ર સરકારની ટીકા–

**કેન્દ્ર સરકારની ટીકા કરી શકાય નહીં પરંતુ રાજયના હિતને વિપરીત અસર થતી હોય તેવી માહિતી કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરી ગૃહના સભ્યોને આપી શકાય.**

મંગળવાર તા.૨૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ સન ૨૦૦૮–૦૯ના વર્ષના અનુદાન માટેની માગણીઓ પર ચર્ચા (બારમો અને છેલ્લો દિવસ) દરમિયાન ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તની ચર્ચાના પ્રત્યુતર દરમિયાન ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીએ દસમી પંચવર્ષિય યોજનામાં રાજયની ઉર્જા અંગેની કામગીરી સંબધમાં માહિતી આપતાં એમ જણાવ્યું હતું કે, હાલમાં રાજયમાં, કેન્દ્ર અને ખાનગી કંપનીના સહયોગથી ૨૧૦૦ મેગાવોટ વીજ શકિત ઉત્પન્ન કરી શકાય એમ છે જો કેન્દ્ર સરકાર તેની પ્રવર્તમાન નીતિમાં ફેરફાર કરીને સહકાર આપે તો ૩ ટર્મીનલ નાખવાની રાજય સરકાર ધ્વારા તૈયારી કરવામાં આવેલ છે પરંતુ કેન્દ્ર સરકારની નીતિને કારણે ગુજરાતની પ્રજાને અને રાજયને હેરાનગતિ થાય છે અને રાજયને લગભગ ૨૦૦૦ કરોડનું નુકસાન થયું છે.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ઉર્જા મંત્રીશ્રીના શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ બાબતે પોતાનું મંતવ્ય કર્યુ હતું. આ તબકકે મેં એમ કહી નિર્ણય મુલત્વી રાખ્યો હતો કે આ બાબત હકીકતલક્ષી છે કે કેમ તેની હું તપાસ કરીશ.

આ અનુસંધાને વિધાનસભાના નિયમો તથા મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ આપેલ નિર્ણયોનો મેં વિગતવાર અભ્યાસ કર્યો છે. મારા પુરોગામી અધ્યક્ષે (સન ૧૯૬૦–૮૪ના નિર્ણય ક્રમાંક : ૪૮૩) એવો નિર્ણય આપ્યો હતો કે કેન્દ્ર સરકારની ગૃહમાં ટીકા થઈ શકે નહિ. આ નિર્ણયમાં તેમણે સ્પષ્ટ શબ્દો વાપર્યા છે કે બીજી કોઈ સ્ટેટ ગવર્મેન્ટ, સેન્ટ્રલ ગવર્મેન્ટને ક્રિટીસાઈઝ કરી શકે નહિ પરંતુ રાજયની કોઈ તકલીફ હોય તો તે રજૂ કરી શકાય. આ નિર્ણય પાછળનો હેતુ બહુ સ્પષ્ટ છે અને તે સ્વીકારી આ ગૃહના કોઈ મંત્રી કે સભ્ય દ્વારા સભાગૃહની અંદર કેન્દ્ર સરકારની ટીકા થઈ શકે નહીં પરંતુ જયારે કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરવો અનિવાર્ય હોય અને કોઈ હકીકતલક્ષી અથવા મુલ્યાંકનલક્ષી બાબત ગૃહ સમક્ષ રજૂ કરવાની હોય ત્યારે તેઓ કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરી શકે. તે બાબત નિર્વિવાદ છે કે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સંબંધો સુસંવાદિત હોવા જોઈએ અને કોઈને પણ કેન્દ્ર સરકારની ટીકા કરવાનો અધિકાર મળે નહિ પરંતુ સાથે સાથે એ બાબત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે આ ગૃહના સભ્યો પ્રજાના પ્રતિનિધિઓ છે અને જો કોઈ બાબત રાજયના હિતને વિપરીત અસર કરે તેવી હોય તો રાજયના પ્રજાજનોને તે જાણવાનો અધિકાર છે અને પ્રજાના પ્રતિનિધિ તરીકે રાજયની પ્રજા સમક્ષ સત્ય બહાર આવે તેવું કૃત્ય કરવાની રાજયના પ્રતિનિધિઓની પવિત્ર ફરજ છે. જો તેમને તેમ કરતાં અટકાવવામાં આવે તો લોકપ્રતિનિધિના અધિકાર ઉપર સીધી તરાપ મારવા જેવું ગણાશે અને તેથી તેમ કરવા ઉપર કાપ મૂકી શકાય નહીં. આ નિર્ણય તથા આવા બીજા નિર્ણયો કે જયાં કેન્દ્ર સરકારની સીધી ટીકા કરવામાં આવી હોય ત્યારે બહુ સ્પષ્ટ શબ્દોમાં તેને પ્રતિબંધિત કરવામાં આવી છે પરંતુ જયારે સભાગૃહની અંદર રાજયની યોજના, યોજનાનું મુલ્યાંકન અને સાધેલા વિકાસની વાતો થતી હોય ત્યારે વિકાસમાં અવરોધરૂપ અથવા વિકાસને વિપરીત અસર કરી રાજયનું હિત અવરોધાય તેવી કોઈ બાબત બની હોય અને લોકોના પ્રતિનિધિ તરીકે જયારે ગૃહને તેનાથી અવગત કરવામાં આવે ત્યારે માત્ર કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરવા ઉપર પ્રતિબંધ મૂકવો મને વાજબી જણાતું નથી.

આમ, આ તબકકે મારે ટીકા અને હકીકતનું મુલ્યાંકન એ બે વચ્ચે રહેલી પાતળી ભેદરેખા સ્પષ્ટ કરવી છે. જેમ કે, તા.૨૬–૨–૦૮ના રોજ નામદાર રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેતાં

સભ્યશ્રી કમાભાઈ રાઠોડે બી.પી.એલ. કાર્ડ બાબતે ઉલ્લેખ કરી કેન્દ્ર સરકારની ટીકા કરી હતી ત્યારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આ બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો હતો તેના અનુસંધાને તા.૧૦–૦૩–૦૮ના રોજ મેં નિર્ણય આપતાં જણાવ્યું હતું કે જે વ્યકિત ગૃહમાં હાજર ન હોય તે વ્યકિતની ટીકા થઈ શકે નહિ તેમજ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર વચ્ચે સુમેળભર્યા સંબંધ જળવાઈ રહે તે જરૂરી હોઈ બંને સરકારો વચ્ચે સંવાદિતાના ઉમદા હેતુસર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉભો કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર મેં ગ્રાહય રાખ્યો હતો અને ગૃહના સભ્યશ્રીઓને વિનંતી કરી હતી કે રાજય સરકારના કાર્યક્ષેત્ર અંગે જ ગૃહમાં ચર્ચા કરવી જોઈએ અને કેન્દ્ર સરકાર કે અન્ય રાજય સરકારની કામગીરી અંગે ટીકા ટીપ્પણ કરવાથી દૂર રહેવું જોઈએ. આ બાબત સ્પષ્ટ રીતે કેન્દ્ર સરકારની ટીકા હતી અને તેથી હું મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ આપેલા નિર્ણયને સ્પષ્ટપણે વળગી રહયો હતો. જયારે પ્રસ્તુત કિસ્સામાં માનનીય મંત્રીશ્રીએ કરેલ ઉચ્ચારણોને " કેન્દ્ર સરકારની ટીકા " કહેવા કરતાં હકીકતલક્ષી આંકડાઓ દ્વારા રાજયની પરિસ્થિતિ અંગે ગૃહને અવગત કરવાના હેતુને પ્રાધાન્ય આપ્યું હોય તેમ મને લાગે છે.

આમ સમગ્ર હકીકત જોતાં મને એમ લાગે છે કે કેન્દ્ર સરકારની આ સભાગૃહમાં ટીકા કરવી તે યોગ્ય નથી અને તેથી પ્રતિબંધિત છે પરંતુ જયારે કોઈ યોજના, તેનો અમલ અને ધ્યેય પ્રાપ્તિ બાબતની વાત કરતા કેન્દ્ર સરકાર દ્વારા દાખવવામાં આવેલા રાજય સરકાર પ્રત્યેના વલણની જયારે લોક પ્રતિનિધિ ગૃહ સમક્ષ રજૂઆત કરે ત્યારે તેને તેમ કરતાં અટકાવવું તે લોક પ્રતિનિધિના મૂળભૂત અધિકાર ઉપર તરાપ મારવા બરાબર છે અને તેથી આ તબકકે હું સ્પષ્ટતાપૂર્વક નિર્ણય આપું છું કે કેન્દ્ર અને રાજય સરકારની વચ્ચે વિસંવાદિતા ઉભી થાય અને સુમેળભર્યા સંબંધોને વિપરીત અસર પહોંચે તેવી ટીકાને ગૃહમાં કોઈ સ્થાન નથી પરંતુ જયારે કોઈ મંત્રી અથવા સભ્ય દ્વારા હકીકતલક્ષી બયાન કરતી વખતે કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે તેને પ્રતિબંધિત કરી શકાય નહીં.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૭ : ૨૦૦૮)

**ચર્ચા :**

**૨૩. કેન્દ્ર સરકારનો ઉલ્લેખ–**

**ચર્ચામાં કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરવો અનિવાર્ય હોય અને કોઈ હકીકતલક્ષી કે મૂલ્યાંકનલક્ષી બાબત ગૃહ સમક્ષ રજૂ કરવાની હોય ત્યારે કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરી શકાય –ટીકા ન કરી શકાય.**

તા.૬ઠ્ઠી જુલાઈ, ૨૦૦૯ના રોજ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે ચર્ચામાં ભાગ લેતાં સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમના વકતવ્યમાં કેન્દ્ર સરકારને સંબોધીને કરેલા ટીકાત્મક ઉલ્લેખ બાબતે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે કેન્દ્ર સરકારની ટીકા થઈ શકે નહીં તેથી શ્રી જાડેજાએ કેન્દ્ર સરકારને સંબોધીને કરેલા ટીકાત્મક ઉચ્ચારણો રેકર્ડ પરથી દૂર કરવા જોઈએ.

વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરેલ ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધે સભાગૃહની તે દિવસની કાર્યવાહી તપાસી, નિર્ણય પછીથી આપવાનું જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય મુલતવી રાખ્યો હતો. ત્યાર બાદ તારીખ ૧૦–૭–૦૯ના રોજ માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

મારા પુરોગામી અધ્યક્ષશ્રીએ આપેલ નિર્ણય ૪૮૩(૧૯૬૦–૮૪)અનુસાર " કેન્દ્ર સરકારની ટીકા થઈ શકે નહીં પરંતુ રાજયની કોઈ તકલીફ હોયતો તે રજૂ કરી શકાય છે "you can't criticize the act of the central Government" પણ કેન્દ્ર સરકારના કેટલાક નિર્ણયો પ્રતિ પોતાનો પ્રતિભાવ આપવો હોય તો તે આપી શકાય છે અને તે અયોગ્ય લેખી શકાય નહીં. ગૃહ સમક્ષની ચર્ચામાં ભાગ લેતી વખતે કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરવો અનિવાર્ય હોય અને કોઈ હકીકતલક્ષી કે મૂલ્યાંકનલક્ષી બાબત ગૃહ સમક્ષ રજૂ કરવાની હોય ત્યારે સભ્યશ્રી કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરી શકે છે પરંતુ તેમ કરતી વખતે કેન્દ્ર સરકારની ટીકા કરવાથી દૂર રહેવું જોઈએ. આ બાબતમાં બીજા સત્રમાં તા ૨૫–૩–૦૮ના રોજ સભાગૃહમાં મેં આપેલ નિર્ણય તરફ આપ સૌ સભ્યોનું ધ્યાન દોરું છું. તે નિર્ણય મુજબ કેન્દ્ર સરકારના જે નિર્ણયો રાજયની શાસન વ્યવસ્થાને અસરકર્તા હોય તેવા નિર્ણયોનો ઉલ્લેખ ટીકા, આક્ષેપો કે વ્યંગથી દૂર રહીને સભ્યશ્રીઓ કરી શકે છે. આમ કહી માન. અધ્યક્ષશ્રીએ કેન્દ્ર સરકારની ટીકા કરતાં ઉલ્લેખો તા. ૬–૭–૦૯ના રોજની ગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતાં.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૩ : ૨૦૦૯)

**ચર્ચા :**

## ૨૪. બોર્ડ / કોર્પોરેશનના વહીવટ અંગે ચર્ચા –

### બોર્ડ / કોર્પોરેશને લગતી માગણી પર તેના વહીવટ અંગે ચર્ચા કરી શકાય.

તા. ૩જી માર્ચ, ૨૦૦૮ના રોજ પૂરક માગણીઓ પરની ચર્ચા દરમ્યાન વિરોધપક્ષના નેતાશ્રીએ બંદરો અને વાહન વ્યવહાર વિભાગની પૂરક માગણીઓ પૈકી પરિવહનની માગણી ક્રમાંક :–૭૪ ઉપરની ચર્ચા દરમ્યાન સન ૧૯૯૪–૯૫ના વર્ષ દરમ્યાન રોડ પર દોડતી બસોની સંખ્યા, આ અગાઉના મુખ્યમંત્રીઓના શાસનકાળમાં ફરતી બસોની સંખ્યા અને અત્યારે રોડ પર દોડતી બસોની સંખ્યાનો ઉલ્લેખ કર્યો ત્યારે નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી જણાવ્યું હતું કે, ગૃહમાં બોર્ડ–કોર્પોરેશનના અહેવાલ રજૂ થાય ત્યારે તેના પર વિસ્તૃત ચર્ચા થઈ શકે છે, રાજયના વહીવટમાં આ વસ્તુ નથી આવતી અને રાજયના વહીવટનો ભાગ પણ થતો નથી. નિગમ પાસે કેટલી બસો છે તે અહીં દર્શાવવાની જરૂર નથી. નિગમે કેટલી બસો લેવી, કેટલી બસો ન લેવી તે રાજયના વહીવટનો ભાગ થતો હોય તો જ તેના પર ચર્ચા થઈ શકે. આ બાબતમાં વિરોધપક્ષના નેતાશ્રીએ પોતાનું મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું હતું કે આજની ચર્ચામાં વાહન વ્યવહાર વિભાગને લગતી માગણી ક્રમાંકઃ–૭૪ નિગમને નવી બસો ખરીદવા ફંડ ફાળવવાના હેતુ માટે લાવવામાં આવી છે ત્યારે નિગમના વહીવટને લગતી બાબતોની ચર્ચા કરી શકાય છે. ભૂતકાળમાં પણ માગણીઓ પરની ચર્ચા દરમ્યાન જે તે નિગમના વહીવટને લગતી બાબતોની ચર્ચા થઈ છે. માનનીય અધ્યક્ષશ્રીએ તત્સમયે આ બાબત અંગેનો નિર્ણય મુલતવી રાખી તા.૧૭/૩/૦૮ના રોજ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

" સોમવાર, તા.૩/૩/૦૮ના રોજ પૂરક માગણીઓ પરની ચર્ચા દરમ્યાન વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેમના પ્રવચન દરમ્યાન પરિવહન અને બંદરો પરની માગણીઓ સંબંધે અવલોકન કર્યું હતું. આ તબકકે માન. નાણામંત્રી શ્રી વજુભાઈ વાળાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે, સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન એ અલગ

કોર્પોરેશન છે. તેને માત્ર રાજય સરકાર ગ્રાન્ટ આપે છે. માન. વિરોધપક્ષના નેતાશ્રી તેના વહીવટને લગતી બાબતો અંગે ચર્ચા કરી શકે નહીં. માન. વિરોધપક્ષના નેતાશ્રીએ એવી દલીલ કરી હતી કે, માન. નાણા મંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે તેમાં જી. એસ. આર. ટી. સી. માટે ઉલ્લેખ છે. તેથી તેઓ આ બાબતે ચર્ચા કરી શકે છે.

માન. નાણા મંત્રીશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડર પર નિર્ણય આપતા પહેલા નીચેના ત્રણ મુદ્દાઓ વિગતવાર વિચારણા માગી લે છે.

૧. બોર્ડ/કોર્પોરેશનો કેટલી હદે સ્વાયત્ત છે,

૨. સ્વાયત્ત બોર્ડ/કોર્પોરેશનને લગતી કઈ બાબતો અંગે વિધાનસભામાં ચર્ચા કરી શકાય,

૩. વિધાનસભાનો કારોબારી તંત્ર પર સંસદીય અંકુશ/નિયમન કેટલે અંશે પ્રતિપાદિત કરી શકાય?

વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩)ની જોગવાઈ મુજબ પૂરક અનુદાનની ચર્ચા તે અનુદાનમાં આવી જતી બાબતો પૂરતી મર્યાદિત રહે છે અને તેના પર અસલ અનુદાન અથવા તે અનુદાન પાછળની અંતર્ગત નીતિ પર ચર્ચા કરી શકાતી નથી. આ સંબંધમાં સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ પુસ્તકના પાના નં.૬૬૮ ઉપર પણ સ્પષ્ટપણે આ બાબતે જણાવ્યું છે.

આ ત્રણેય મુદ્દાઓ અને પૂરક માગણીઓ પરની ચર્ચા સંબંધિત નિયમો હું તપાસી ગયો છું. આપણા બંધારણે વિધાનસભાના કારોબારી ઉપરના સંસદીય અંકુશને ખૂબ જ મહત્વ આપ્યું છે. જુદા જુદા વિભાગોની માગણીઓ દરમ્યાન બોર્ડ/કોર્પોરેશનને ફાળવવામાં આવતા નાણાં અંગેની માગણીઓની ચર્ચા દરમ્યાન બોર્ડ/કોર્પોરેશનના વહીવટને લગતી બાબતોની ચર્ચાઓ ભૂતકાળમાં થઈ છે. સંબંધિત પૂરક માગણી ક્રમાંક :–૭૪ જી.એસ.આર.ટી.સી.ને નવી બસો ખરીદવા ફંડ ફાળવવાને લગતી છે. આ પૂરક માગણીઓની ચર્ચા સમયે માન. વિરોધપક્ષના નેતાશ્રીએ ૧૯૯૪–૯૫ની સ્થિતિએ બસોની સંખ્યા, શીડયુલો વગેરેનો ઉલ્લેખ કર્યો હતો અને નિગમની સ્થાપના થયા બાદ દર વર્ષે ૧૦% વિકાસ સાધવાની વાત કરી હતી. આ બાબતને પૂરક માગણીથી અલગ કરી શકાય તેમ નથી અને તેને તેના રોજબરોજના વહીવટની બાબત પણ ગણી શકાય નહી. જો આ તબકકે માન. વિરોધપક્ષના નેતાશ્રીને આ મુદ્દો ઉભો કરવા દેવામાં ન આવે તો બોર્ડ/કોર્પોરેશન ઉપર વિધાનસભાના સંસદીય અંકુશના અબાધિત અધિકારમાં બાધ આવે તેમ જણાય છે અને તે રીતે વિધાનસભાના બંધારણ દ્વારા પ્રસ્થાપિત અધિકાર પર પરોક્ષ રીતે કાપ આવે તેમ મને લાગે છે. બોર્ડ/કોર્પોરશન તેના રોજીંદા વહીવટ માટે સ્વાયત્તતા ધરાવે છે પરંતુ તે સ્વાયત્તતા પર પણ જરૂર પડે નિયંત્રણ મૂકી શકાય. બોર્ડ/કોર્પોરેશનના રોજ બરોજના વહીવટને લગતા પ્રશ્નો દાખલ કરવામાં આવતા નથી. પ્રશ્નો દાખલ કરવા અંગેની આ મર્યાદા આપણે નિયમોથી સ્વીકારી છે પરંતુ પ્રશ્નો સિવાય અન્ય કોઈ બાબતો અંગે નિયમો હેઠળ બોર્ડ/કોર્પોરેશનના વહીવટને લગતી બાબતોની ચર્ચા પર નિયંત્રણ નથી. ભૂતકાળમાં આવી બાબતોની ગૃહમાં ચર્ચા થઈ છે. બોર્ડ/કોર્પોરેશનના વહીવટ પર વિધાનસભાનો સંસદીય અંકુશ રહે તે અત્યંત જરૂરી છે અને તેથી જ તેના વાર્ષિક અહેવાલો, હિસાબોને ગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે. જેને જાહેર સાહસો માટેની સમિતિ તપાસે છે અને તેનો અહેવાલ વિધાનસભા ગૃહમાં રજૂ કરે છે. આ બાબત સ્પષ્ટ કરે છે કે બોર્ડ/કોર્પોરેશનો તેમના રોજીંદા વહીવટમાં સ્વાયત્ત હોવા છતાં વિધાનસભાના

સંસદીય અંકુશથી પર નથી. બંધારણે આપેલી સત્તાઓ અને સંસદીય પરંપરા જોતા લોકશાહીમાં વિધાનસભાગૃહ સર્વોપરી છે અને તેથી તેના સંસદીય અધિકારો બંધારણે લાદેલ મર્યાદા સિવાય સંપૂર્ણ અને અનિયંત્રિત છે.

આમ સમગ્ર પરિસ્થિતિ જોતાં મને લાગે છે કે માન. વિરોધપક્ષના નેતાશ્રી નિયમોની મર્યાદામાં રહીને ચર્ચા કરતા હતા. તેથી માન. નાણામંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલા પોઈન્ટ ઓફ ઓર્ડરને હું સ્વીકારતો નથી."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૩ : ૨૦૦૮)

**ચર્ચા :**

**૨૫. સબજ્યુડિસ બાબત–**

**સબજ્યુડિસ બાબતનો નિયમ ધારા ઘડવાની કાર્યવાહીને લાગુ પડતો નથી.**

તા.૩૦મી માર્ચ, ૨૦૧૦ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી પ્રથમ વાંચનના સમર્થનમાં મંતવ્ય વ્યકત કરી રહયા હતા તે દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરશન દ્વારા હરવા ફરવા માટે ડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ કાંકરીયા લેકનો વિકાસ કરવામાં આવેલ છે, એવા ઉલ્લેખો કરતાં, માનનીય મંત્રીશ્રી જે ઉલ્લેખો કરી રહયા છે તેની સામે નામદાર હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લીકેશન એડમિટ થઈ છે અને વિચારણા માટે પડેલ છે, આપણા નિયમોની જોગવાઈ મુજબ જે બાબત ન્યાયાધિન હોય તેની ચર્ચા આ ગૃહમાં થઈ શકતી નથી, આથી આ વિધેયકની ચર્ચા કરી શકાય નહીં કે તેને પસાર પણ કરી શકાય નહીં, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દા સંબંધે સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિત શાહ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ તથા સભ્યશ્રી શૈલેષ પરમારે પોતાના અભિપ્રાય વ્યકત કર્યા હતાં.

માનનીય અધ્યક્ષશ્રીએ, નિર્ણય આપતાં જણાવ્યું હતું કે આ સભાગૃહને બંધારણની કલમ–૧૯૪ હેઠળ સંસદીય વિશેષાધિકારો અને કલમ–૧૯૬ હેઠળ ધારા ઘડવાના અધિકારો છે, વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના પહેલા વાંચનના પ્રવચનમાં વિધેયક પાછળના હાર્દને સ્પષ્ટ કર્યો છે એ મુજબ કાંકરીયા લેકની જે મેટર ફીના મુદ્દા ઉપર સબજયુડિસ છે, એનો ઉલ્લેખ શકય હોય ત્યાં સુધી નહીં કરવો જોઈએ, તેમ છતાં સબજયુડિસ બાબતોનો નિયમ ધારા ઘડવાની કાર્યવાહીને લાગુ પડતો નહીં હોવાથી આ વિધેયકની ચર્ચા કે વિધેયક પસાર થતું રોકી શકાય નહીં, એમ જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો અસ્વીકાર કર્યો હતો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૩ : ૨૦૧૦)

**ચર્ચા :**

**૨૬. સબજ્યુડીસ બાબત –**

**જે બાબત ન્યાયાલયમાં વિચારણાધીન હોય તે અંગે સભાગૃહમાં ચર્ચા કરી શકાય નહીં.**

તા.૧૨–૩–૦૮ (પહેલી બેઠક)ના રોજ ગૃહ વિભાગની માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં વિરોધપક્ષના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પૂર્વ મંત્રીશ્રી સ્વ. શ્રી હરેન પંડયાની હત્યાના કેસનો ઉલ્લેખ કરતાં સંસદીય બાબતોના (રા.ક) મંત્રીશ્રી અમીતભાઈ શાહે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે, જે બાબત સબજયુડીસ હોય અને હાઈકોર્ટ તેના પર વિચારણા કરી રહી હોય ત્યારે તેની ઉપર સભાગૃહમાં ચર્ચા કરી શકાય નહીં.

ઉકત બાબતે ચર્ચા વિચારણા બાદ માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ સંસદીય બાબતોના મંત્રીશ્રી (રા.ક.) ના પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને ગ્રાહય રાખી નિર્ણય આપતાં જણાવ્યું કે, સભાગૃહના નિયમો કર્યા પછી તેને જાળવવાની આપણી પરંપરા રહી છે અને તેનો હેતુ કોર્ટમાં પડેલા કેસો ઉપર સભાગૃહની ચર્ચાની અસર થાય નહિ તેવો છે. કેસ સાથે સંકળાયેલ વ્યકિતના નામ સાથે અથવા નામ લીધા વિના ચર્ચા કરીએ તો પણ સબજયુડીસ બાબતોના નિયમોની મર્યાદાનો ભંગ થતો હોય તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. આમ જણાવી માધ્યમો બાબતને પ્રસિધ્ધિ આપતાં પહેલાં સંયમ જાળવે તે હેતુથી સબજયુડીસ બાબત અંગે સભ્યશ્રી મોઢવાડિયાએ કરેલા ઉચ્ચારણો માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતાં.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૪ : ૨૦૦૮)

**ચર્ચા :**

**૨૭. અખબાર આધારિત ઉલ્લેખ –**

**અખબાર આધારિત વાત ન કરી શકાય પરંતુ તેનો રેફરન્સ આપી શકાય.**

તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ નામદાર રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની બીજા દિવસની ચર્ચાની શરૂઆત વખતે સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા પાકિસ્તાનના ડોન સામયિકનો દાખલો આપી બોલી રહયા હતા ત્યારે માન.વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે અખબાર આધારિત વાત કરી શકાય નહિં.

આ તબકકે માન.અધ્યક્ષ(શ્રીઅશોક ભટ્ટ)એ જણાવ્યું હતું કે  અખબાર વાંચવું એ અલગ બાબત છે. સભ્યશ્રી અખબાર આધારિત વાત નથી કરતા પણ અખબારનો સંદર્ભ આપે છે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૨ : ૨૦૦૮)

**તસ્વીર :**

**૨૮. ધાર્મિક / સાંસ્કૃતિક સ્થળોની તસ્વીરો –**

**લોકશ્રદ્ધાના કેન્દ્રો  અને ગુજરાતના ગૌરવ સમી તસ્વીરો પ્રત્યે આદરપૂર્વક વર્તવુ જોઈએ.**

ગુજરાત વિધાનસભાના મકાનમાં લોકશ્રદ્ધાના કેન્દ્રો સમી તથા ગુજરાતના ગૌરવ સમી કેટલીક તસ્વીરો મૂકવામાં આવેલ છે તેમાં પાલીતાણા જૈન મંદિરની પવિત્ર પ્રતિકૃતિ સમાન એક તસ્વીર પણ છે. જૈન સમાજ તથા જૈનેતર

સમાજ માટે પવિત્ર એવા આ સ્થળની તસ્વીરને વિરોધપક્ષના કોઈ સભ્યએ તા.૧૦/૭/૨૦૦૯ ના રોજ તોડી નાખતાં તા.૧૩/૭/૨૦૦૯ના રોજ સભ્યશ્રી મહેન્દ્રસિંહ સરવૈયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ઉકત મુદ્દે માર્ગદર્શન માગ્યું હતું. ઉકત મુદ્દા સંબંધમાં સભ્યશ્રી રાકેશ શાહ, સભ્યશ્રી રજનીકાન્ત પટેલ તથા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના અભિપ્રાયો સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ નીચે મુજબ પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહજીએ સભ્યશ્રી રાકેશભાઈ, શ્રી રજનીકાન્તભાઈ અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ સમર્થિત જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો, તે અંગેનું દુઃખ મેં તે જ દિવસે મારા નિર્ણયની અંદર જાહેર કર્યું હતું અને ફરીથી થોડીક પુનરોકિત સાથે મારી વેદનાને હું વ્યકત કરું છું. લોકશાહીની અંદર આપણે, લોકોની, લોકો માટેની અને લોકો વડે ચાલતી લોકશાહી જયારે કહીએ ત્યારે બધા લોકો લોકશાહીને ચલાવવા નથી આવતા પણ લોક પ્રતિનિધિ કે જે આ સભાગૃહમાં, લોકોના લોકપ્રતિનિધિ તરીકે આવે છે એ લોકશાહીને ચલાવે છે. લોકશાહીની શોભા એ લોક પ્રતિનિધિ છે, લોકશાહીની શોભા એ વિધાનસભા છે, લોકશાહીની શોભા એ સંસદ છે, લોકશાહીની શોભા એ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે. આ એક હકીકત છે અને એ જ ભારતીય લોકશાહીની સૌથી મોટી શોભા છે. આપણે એને ખંડિત કરવી છે? ભારતના બંધારણની અંદર અને ભારતના પ્રજાજીવનની અંદર પ્રત્યેક ધર્મ પ્રત્યે સમભાવની લાગણી વ્યકત કરવામાં આવી છે ત્યારે હું તેને તસ્વીર કે કોઈ મંદિરના દ્રશ્યની તસ્વીર ગણતો નથી અને તેથી મેં જયારે આ સભાગૃહની અંદર ગુજરાતના સાંસ્કૃતિક સ્થળોની તસ્વીરો મૂકવાનો નિર્ણય કર્યો અને દેવસ્થાન વિભાગે એને સમર્થન આપીને અહીંયા એ તસ્વીરો મૂકી ત્યારે તે તસ્વીરોને જાળવવાની જવાબદારી મારી છે. મને ભરોસો હતો કે આ સભાગૃહની અંદર આવી લોકશ્રદ્ધાના કેન્દ્રો સમી, આસ્થાના કેન્દ્રો સમી, ગુજરાતના ગૌરવ સમી, તસ્વીરો હું જયારે મૂકું છું ત્યારે તેને પ્રત્યેક સભ્ય અને સભાગૃહમાં આવતો પ્રત્યેક નાગરિક આદરપૂર્વક જોશે. આપણે ગમે ત્યારે આ સભાગૃહની બહાર નીકળીને ગમે તેવા દેખાવો કરતા હોઈએ પરંતુ ગુજરાતના અને દેશના આસ્થાના કેન્દ્રો ઉપર આપણે હુમલો કરીએ અથવા તો એને તોડવાનો પ્રયત્ન કરીએ ત્યારે મને લાગે છે કે દુનિયાના કોઈ પણ લોકશાહી વિચારનો તત્વજ્ઞ આ વાત જોડે સંમત નહીં થાય અને એટલા માટે આપણે આ જે સંસ્થાની અંદર આવ્યા છીએ અને ભારતની લોકશાહીમાં ગુજરાત એક માર્ગદર્શક રાજય છે એ ગર્વથી કહેતા હોઈએ ત્યારે એ જ રાજયની વિધાનસભા ગૃહની અંદર એક ધર્મની નહીં, જૈન ધર્મના એક મંદિરની આ તસ્વીર હતી એમ નહીં પરંતુ ગુજરાતની પ્રજાના અને દેશની પ્રજાના આસ્થાના કેન્દ્ર અને શ્રદ્ધા કેન્દ્રનું આ પ્રતિક હતું, એના ઉપર જેમણે હુમલો કર્યો હોય તેમણે આવીને માફી માગવી જોઈએ, હું જાણું છું કે આને કારણે જૈન ધર્મના અનેક લોકોને અને જે લોકો ધર્મની અંદર આસ્થા રાખે છે એ સૌને દુઃખ થયું છે, મને પણ દુઃખ થયું છે અને ગુજરાત વિધાનસભા ભવનની અંદરની આ તસ્વીર, આ શ્રદ્ધાકેન્દ્ર ઉપર હુમલો થયો છે એને કારણે જેમને દુઃખ થયું હોય એવા સૌની સાથે હું પણ જોડાવું છું અને જે લોકોએ આ કૃત્ય કર્યુ છે, એ લોકો માફી માગે એવી હું એમને અપીલ કરું છું કારણ કે આખરે એમણે માફી માગવી જ જોઈએ, એ ન માગે તો ગુજરાતની પ્રજાની હું માફી માગું છું. ક્ષમા માગું છું કે આ મારી જવાબદારી છે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૪ : ૨૦૦૯)

દીર્ઘા :

૨૯. અધિકારી દીર્ઘા :

**અધિકારી દીર્ઘામાં બેઠેલા સંસદીય બાબતોના વિભાગના સચિવ બાબતમાં ઉલ્લેખો**

**અધ્યક્ષના ક્ષેત્રાધિકાર હેઠળની બાબત ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહિ.**

તા.૨૮–૨–૨૦૧૨ના રોજ બીજી બેઠકમાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલિપભાઈ સંઘાણીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું કે વિરોધપક્ષના નેતાશ્રીએ રાજયપાલના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના તેમના પ્રવચન દરમિયાન અધિકારી ગેલેરીમાં બેઠેલા સંસદીય બાબતોના વિભાગના સચિવ મંત્રીશ્રીને ચિઠ્ઠીઓ મોકલીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી રહયા છે, તેમને ગેલેરીમાં બેસવાનો અધિકાર નથી, તેઓ પુનઃનિયુકત થયેલ અધિકારી છે વગેરે જેવા ઉલ્લેખોથી અધ્યક્ષના અધિકારો પર તરાપ મારવાનો પ્રયત્ન કર્યો છે. સરકાર પક્ષે જે અધિકારીની જરૂર હોય તેવા અધિકારીઓ માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરીથી જ અધિકારી દીર્ઘામાં બેસતા હોય છે તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું આ બાબતમાં માર્ગદર્શન માગ્યું હતું. તત્સમયે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય મુલતવી રાખ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨૯–૨–૨૦૧૨ના રોજ મુલતવી રાખેલ નિર્ણય આપતા જણાવ્યું હતું કે, વિધાનસભાની કોઈપણ દીર્ઘામાં પ્રવેશ આપવાની બાબતનું નિયમન સંપૂર્ણપણે તેઓશ્રીના ક્ષેત્રાધિકારની બાબત છે. વિધાનસભાની અધિકારી દીર્ઘામાં પ્રવેશ આપવા બાબતના નિયમોના નિયમ–૩ની જોગવાઈ મુજબ આ દીર્ઘામાં નાયબ સચિવ અને તેમનાથી ઉપલી કક્ષાના અધિકારીઓને પાસ આપવામાં આવે છે. આ ઉપરાંત સંપર્ક અધિકારી તરીકે નિમણૂંક કરી હોય તેવા ઉપસચિવનો દરજજો ધરાવતા અધિકારીને પણ પાસ આપવામાં આવે છે. આ સિવાયના અધિકારીને તેમણે જે બેઠક માટે પાસ આપવાની વિનંતી કરી હોય તે બેઠક પૂરતા અધિકારી દીર્ઘામાં બેસવા માટેના પાસ આપવામાં આવતા હોય છે.

સંસદીય બાબતોના વિભાગના સચિવ શ્રી વ્યાસ ચિઠ્ઠીઓ લખીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી રહયા હોવાની વિરોધપક્ષના નેતાની રજૂઆત બાબતે જણાવ્યું કે, વિધાનસભાની અધિકારી દીર્ઘામાં બેઠેલા તમામ અધિકારીઓએ ગૃહમાં ઉપસ્થિત થતા પોતાના વિભાગને લગતા મુદ્દા અંગે મંત્રીશ્રીને અદ્યતન માહિતીથી વાકેફ કરવાની ફરજો બજાવવાની હોય છે. આ પ્રકારે માહિતી પૂરી પાડવાની આપણી સ્વીકૃત પ્રણાલી રહી છે. શ્રી વ્યાસે સંસદીય બાબતોના વિભાગના સચિવની હેસિયતથી પોતાના મંત્રીશ્રીને ચિઠ્ઠી લખીને માહિતી પૂરી પાડીને પોતાની ફરજો બજાવી છે તેને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી ગણી શકાય નહીં અને તેનાથી ગૃહના નિયમો, પ્રણાલીઓ કે ઔચિત્યનો કોઈ પણ રીતે ભંગ થતો નથી. આ ઉપરાંત અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકાર હેઠળની કોઈપણ બાબત ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહિ તેમ જણાવી વિરોધપક્ષના નેતાને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવ્યું.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક– ૧૬૩ : ૨૦૧૨)

દીર્ઘા :

૩૦. **પત્રકાર દીર્ઘાઃ –**

**પત્રકારોની ગેરહાજરી : –**

**અધ્યક્ષના ક્ષેત્રાધિકાર બહાર બનેલ ઘટના અંગે અધ્યક્ષ કોઈ દરમ્યાનગીરી કરી શકે નહિ.**

તા ૮મી માર્ચ, ૨૦૧૦ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, સરકારી હોસ્પિટલોમાં પત્રકારોને પ્રવેશ ન આપવા બાબતના સરકારના પરિપત્રના કારણે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ૩૪ મિનિટ સુધી પત્રકાર ગેલેરીમાં પત્રકારો ઉપસ્થિત રહયા ન હતા એ બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીને આદેશ આપવા વિનંતી કરી

ઉકત બાબતે માન. અધ્યક્ષ (શ્રી અશોક ભ ĩ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો :–

"સામાન્ય રીતે આપણે પત્રકાર ગેલેરી કે બીજી કોઈ ગેલેરી માટે પ્રશ્ન ઉપસ્થિત થવા દેતા નથી. આજે એ પ્રશ્ન ઉભો થયો છે પત્રકાર મિત્રો માટે એક અલગ ગેલેરીની વ્યવસ્થા કરવામાં આવી છે એમાં એમણે કયારે આવવું અને કયારે ન આવવું એ એમનો સ્વતંત્ર અધિકાર છે. હાજર ન રહેવા બાબતે પત્રકારોએ કોઈ કારણની મને અધિકૃત રીતે જાણ કરી નથી. આપને જાણ કરી હોય તો એ આપની અંગત જાણ હશે. શ્રી શકિતસિંહે ઉપસ્થિત કરેલો મુદ્દો ગૃહનો નથી તેથી આ બાબત ક્ષેત્રાધિકારમાં આવતી નથી, મારા ક્ષેત્રાધિકાર બહાર બનેલ ઘટના સંબંધમાં તેઓની અનુપસ્થિતિ અંગે હું કોઈ દરમિયાનગીરી કરી શકું નહીં.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૦ : ૨૦૧૦)

## નિવેદન :

## ૩૧. નિયમ – ૪૪નું નિવેદન

**મંત્રીશ્રીને ગૃહમાં નિવેદન કરવાની પરવાનગી આપી હોય ત્યારે ગૃહનું સન્માન જાળવવાની પરંપરાના ભાગરૂપે તેની સામે વાંધો લઈ શકાય નહીં.**

ગુરુવાર, તા ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૯(બીજી બેઠક)ના રોજ શોક દર્શક ઉલ્લેખ પૂરા થયા પછી ઉર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાજયની વીજ કંપનીઓને મળેલ એવોર્ડ બાબતે ઉર્જા મંત્રીશ્રી સૌરભ પટેલ નિયમ–૪૪ અન્વયેનું નિવેદન કરવા ઉભા થયા ત્યારે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે નિવેદનની બાબત આજની પ્રશ્નોત્તરીમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં આવી જાય છે. આ ઉપરાંત નિવેદનની બાબત અંગેની જાહેરાત આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન પણ કરી શકયા હોત. પ્રસ્તુત કિસ્સામાં આ બાબત કોઈ નવી નથી કે ગૃહને તાત્કાલિક જાણ કરવી જોઈએ. આ પ્રકારે અલગ રીતે નિવેદન કરવાથી ગૃહનો સમય વ્યતીત થાય છે. પ્રશ્નના જવાબમાં નિવેદનની વિગતો આવી જતી હોવાથી નિવેદનની બાબત જાહેર અગત્યની રહેતી નથી એમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત બાબતે સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિત શાહે મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું કે એવોર્ડ અંગેના નિવેદનની વિગતો તા ૨૪–૨–૨૦૦૯ની છે. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ નિર્ણય આપતાં જણાવ્યું કે નિયમ–૪૪ હેઠળ નિવેદન કરવાની મંજૂરી આપવાની જવાબદારી તેઓની છે. સુસ્થાપિત સંસદીય પરંપરા અનુસાર સત્ર દરમિયાન જાહેર અગત્યની બાબતોની સૌ પ્રથમ જાહેરાત ગૃહમાં કરવાની રહે છે. આ પરંપરાના ભાગરૂપે મંત્રીશ્રીને

ગૃહમાં નિવેદન કરવાની પરવાનગી આપી હોય ત્યારે તેની સામે વાંધો લઈ શકાય નહિ ગૃહનું સન્માન જાળવવાની પરંપરાના ભાગરૂપે મંત્રીશ્રી ગૃહમાં નિવેદન કરવાની પરવાનગી માંગે છે તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કર્યો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૧ : ૨૦૦૯)

**નુકસાન :**

## ૩૨. સરકારી – પ્રજાની મિલકતને નુકસાન

**(૧) સભાગૃહમાં સભ્યો તોફાન કરી મિલકતને નુકશાન કરે તો નુકસાન કરનાર સભ્યશ્રીએ નુકસાની ભરપાઈ કરવી જોઈએ.**

**(૨) જે વસ્તુ સભાગૃહની કાર્યવાહીનો ભાગ ન હોય તેને પ્રદર્શિત કે પ્રસારિત ન કરી શકાય.**

તા. ૯મી જુલાઈ, ૨૦૦૯ના રોજ અગ્રતા ક્રમ–૧ ઉપરના તારાંકિત પ્રશ્નની પ્રશ્નોત્તરી ચાલતી હતી ત્યારે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સભ્યશ્રી અર્જુનભાઈની સભામોકૂફીની દરખાસ્ત પેન્ડિંગ છે, તેમજ આજરોજ ૧૦૦ કરતાં વધુ લોકોનાં, નવા વિસ્તારોમાં લઠ્ઠાકાંડથી મૃત્યુ થયાં છે ત્યારે ગૃહનું તમામ કાર્ય બંધ રાખી લઠ્ઠાકાંડ જેવી સંવેદનશીલ બાબતે બે કલાકની ચર્ચા રાખવી જોઈએ એમ જણાવી ગૃહમાં સતત સૂત્રોચ્ચાર કરી ખલેલ પહોંચાડી હતી, આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીની સમજાવટ છતાં વિરોધપક્ષના નેતા સહિત કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓનું વર્તન અતિ તોફાની બનતાં ગુજરાત વિધાનસભાના નિયમ–૫૧ હેઠળ માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને સભાગૃહ છોડી જવા આદેશ આપવા છતાં વિરોધપક્ષે આક્રમક બની સભાગૃહમાં તોડફોડ ચાલુ કરતાં મુખ્ય દંડકશ્રીએ ગૃહના માઈક તોડી નુકસાન કરનાર સભ્યશ્રીઓ પાસેથી નુકસાન ભરપાઈ કરવાની તથા તેઓને પૂરા સત્ર માટે સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની દરખાસ્ત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમ–૫૨ હેઠળ નેઈમ કરી પ્રજાની મિલકતને નુકસાન પહોંચાડનાર સભ્યશ્રીઓને નુકસાન ભરપાઈ કરવાના આદેશ સાથે પૂરા સત્ર માટે સસ્પેન્ડ કરવાની સાથે નીચે પ્રમાણે અવલોકન કર્યું હતું.

તા.૭/૭/૨૦૦૯ના રોજ સભાગૃહની શરૂઆત પહેલાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ મને ટેલિફોન કર્યો હતો અને ઝીરો અવર્સની માગણી કરી હતી, ઝીરો અવર્સની મંજૂરી માટે આપણા ત્યાં પરંપરા રહી છે કે જયાં સુધી સંબંધિત મંત્રીશ્રી મંજૂરી ના આપે ત્યાં સુધી મુદ્દો ઉપસ્થિત થઈ શકતો નથી. બીજું આપણે ત્યાં, લોકસભાની અંદર પણ શૂન્ય કાળનો મુદ્દો પ્રશ્નોત્તરીકાળ પૂરો થાય ત્યાર પછી ઉપસ્થિત કરી શકાય છે. ત્રીજો પ્રશ્ન એ છે કે સભામોકૂફીની દરખાસ્ત વિશે એમણે એમ કહયું કે, તે પેન્ડીંગ પડી છે પરંતુ એ હકીકત ખોટી છે. તેનો નિકાલ થઈ ગયો છે અને ગઈ કાલે સભામોકૂફીની દરખાસ્ત નામંજૂર કરતો પત્ર પણ સંબંધિત સભ્યને પાઠવવામાં આવ્યો છે. સભામોકૂફીની દરખાસ્ત નિયમ–૧૦૮ નીચે એક કલાક પહેલાં એટલે કે સભાગૃહ શરૂ થાય તેના એક કલાક પહેલાં મને આપવી જોઈતી હતી પરંતુ માત્ર પાંચ મિનિટ પહેલા જ મને દરખાસ્ત આપી હતી એ કારણોસર તેને મેં અનુમતિ આપી ન હતી. આજે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન વિરોધ પક્ષના નેતા સહિત જે વાત, જે રીતે ઉપાડી છે એ યોગ્ય નથી, જે માઈકો તૂટયા છે એ તૂટેલા

માઈકોનો બધો ખર્ચો એ જે તે સભ્યના સ્થાન ઉપર માઈક તૂટયા છે તેની પાસેથી અને જેમણે માઈકો તોડયા છે એ તોડતા દ્રશ્યની કાર્યવાહી હું સાંજે જોઈ લઈશ અને એમાં જે મળી આવશે એની પાસેથી એના પૈસા વસૂલ કરવામાં આવશે. દંડક કોન્ફરન્સમાં અને લોકસભાએ નકકી કરેલી આચાર સંહિતામાં આ પ્રકારના આદેશ છે જ કે વિધાનસભા ગૃહમાં જે કાંઈ નુકસાન થાય તેની વસૂલાત જે તે સભ્ય પાસેથી કરવાની ફરજ પડે છે. આજે બીજી પણ રીતે ચર્ચા ઉપસ્થિત કરી શકાય તેવી પરિસ્થિતિ ન હતી એટલા માટે કે હું પરવાનગી પણ ન આપી શકું. નિયમ—૩૪ જે છે એ આપણો નિયમ બહુ સ્પષ્ટ છે. નિયમ—૩૪(૨) નીચે, "કોઈ પણ ન્યાયિક અથવા અંશતઃ ન્યાયિક કાર્યો બજાવવા માટે કોઈ પણ કાયદા અન્વયે નિયુકત કરેલ કોઈ પણ ટ્રિબ્યુનલ અથવા પ્રાધિકારી સમક્ષ કોઈ પણ બાબતની ચોકસી અથવા તપાસ કરવા નીમેલા કોઈ પણ કમિશન અથવા તપાસણી કોર્ટ સમક્ષ અનિર્ણિત હોય એવી કોઈ પણ બાબત વિશેનો ઉલ્લેખ કરવો નહીં." વિપક્ષના નેતાશ્રી ન્યાયિક વ્યવસ્થા અને સંસદીય વ્યવસ્થાનો આગ્રહ રાખતા હોવા છતાં આજે વિપક્ષના નેતા સહિતના સમગ્ર વિપક્ષના સભ્યશ્રીઓએ અસંસદીય મનોવૃત્તિ બતાવી છે એ ખરેખર દુઃખદ છે અને જે દિશા તરફ આપણે સંસદીય વાતાવરણ સર્જીને આગળ જવા માગીએ છીએ એના માટે ખૂબ ઘાતક છે. આ પ્રશ્નની ચર્ચા નિયમ—૩૪ અન્વયે પણ આપી શકાય તેવી કોઈ સ્થિતિ મારી પાસે હતી જ નહીં કારણ કે, નિયમ—૩૪ બહુ સ્પષ્ટ કહે છે કે કોઈ ન્યાયિક કમિશન નિમાયું હોય તો, ચર્ચા ન થઈ શકે, ગઈ કાલે જ આ સભાગૃહની અંદર માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રીએ, કમલ મહેતાનું ન્યાયિક કમિશન નિમાયું તે અંગેની જાહેરાત કરી હતી અને એ અંગેનું નોટિફિકેશન બહાર પડી ગયું છે એટલે એ ન્યાયિક કમિશનની નિમણૂક થયા પછી કોઈપણ સભ્ય આ સભાગૃહનો સભ્ય હોય કે આ સભાગૃહનો સભ્ય ન હોય એવો કોઈ પણ નાગરિક એ ન્યાયિક કમિશન પાસે જઈને આ અંગેની વાત કરી શકે છે. એટલે એ જ વાત અહીંયા કરવા દેવાની આપણો નિયમ—૩૪ મને મંજૂરી આપતો નથી. એટલે આ ચર્ચા ઉપસ્થિત થઈ શકે એવી પરિસ્થિતિ જ ન હતી એટલે એવી ચર્ચા અહીંયા અકાલીન ઉભી કરવાનો પ્રયાસ થાય એ યોગ્ય જ નથી અને એ અકાલીન ચર્ચા ઉભી કર્યા પછી જો વિરોધ પક્ષના નેતાશ્રી સંસદીય બાબતોના ખૂબ જ્ઞાતા હોય તો એમણે એમના સભ્યોને રોકવા જોઈતા હતા કે આ જાતના માઈકો તોડે નહીં અને આ જાતના સૂત્રોચ્ચાર પણ ન થાય જે સૂત્રોચ્ચારની અંદર જે જાતના વાકયો વપરાયા છે એ વાકયો અને સૂત્રોચ્ચારને હું સભાગૃહની કાર્યવાહીનો ભાગ ગણતો જ નથી કારણકે મેં એને મંજૂરી આપી જ ન હતી માટે એ બાબત સભાગૃહની કાર્યવાહી ન ગણાય એવો મારો આદેશ છે એટલે એ જાતના ઉલ્લેખો પણ માધ્યમો દ્વારા થાય નહીં અને પ્રસારિત ન થાય એના પૂરતી પણ એ મર્યાદા રહે એ ખૂબજ જરૂરી છે કારણ કે જે વસ્તુ આ સભાગૃહની કાર્યવાહીનો ભાગ ન હોય એને આપણે પ્રદર્શિત કરી શકતા નથી અથવા પ્રસારિત કરી શકતા નથી અને એટલે આવા દશ્યોને પણ બતાવવા દશ્ય વિશેના વર્ણન કરવા એ યોગ્ય નથી ગણાતું અને એટલે ફરીથી પુનરોકિતના દોષ સાથે હું કહું છું કે આજના દશ્યોનો હેતુ કોઈ હતો નહીં અને કોઈ હેતુ વિનાના હતા અને રાજકીય પણ કહી શકાય તે પ્રમાણેના હતા અને એટલે જ આવા દશ્યો કે આ ચર્ચા માટે આ મંચ નથી, આ સભાગૃહમાં ગઈકાલે નિયમ—૪૪ નીચે, નિયમોની મર્યાદામાં પણ નહોતું આવતું છતાં પરિસ્થિતિની ગંભીરતા જોતાં એની સંપૂર્ણ ચર્ચા ગઈકાલે થઈ ગઈ હતી અને માનનીય ગૃહમંત્રીશ્રીએ પણ એનો સંપૂર્ણ જવાબ આપેલો હતો, એટલે એક વિષય ઉપર ચર્ચા થઈ ગઈ હોય એની ફરીથી ચર્ચા કરવા દેવાની પણ મને આપણી વિધાનસભાના નિયમો મંજૂરી આપતા નથી અને એટલે પણ હું ચર્ચા આપી શકું તેમ હતો નહિ. નિયમ—૩૪ નીચે પણ હું ચર્ચા ના આપી શકું, ગઈકાલે એની ચર્ચા થઈ ગઈ હતી માટે એની પુનરોકિત ન કરી શકું

અને પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન તો આવી ચર્ચાને હું ઉપસ્થિત થવા ન દઈ શકું, આ સમગ્ર દેખાવોના જે દશ્યો થયાં છે તે યોગ્ય નથી, વ્યાજબી નથી અને આ સભાગૃહને શોભા અપાવે તેવા નથી."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૩ : ૨૦૦૯)

**પ્રશ્નો :**

## ૩૩. અભિનંદન / આવકાર, વિશેષણ, ટીકા, વક્રોકિત વગેરે

### પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પૂરક પ્રશ્ન પૂછતી વખતે અભિનંદન / આવકાર, વિશેષણ, વક્રોકિત, ટીકાઓથી દૂર રહેવુ જોઈએ

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ નિયમ–૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબતની ચર્ચા પૂરી થયા બાદ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિતિ કર્યો કે પ્રશ્નોત્તરીકાળ એ અમારા સૌ માટે અત્યંત અગત્યનો છે, પ્રશ્નોત્તરીકાળ એ મર્યાદિત કાળ છે તેથી પ્રશ્નોત્તરીકાળમાં સભાગૃહના સમયને બચાવવા માટે પ્રશ્નો કે પૂરક પ્રશ્નો પૂછતી વખતે મંત્રીને, મુખ્યમંત્રીને કે સરકારને અભિનંદન આપી શકાતા નથી. અભિનંદનો આપવા માટેના પ્રસંગો હોય, પક્ષની મિટીંગમાં કે બહાર પાર્ટીના કાર્યક્રમમાં આપે તે બરાબર છે પણ પક્ષના સભ્યોને મુખ્યમંત્રી માટે આદર હોય તેથી અવાર–નવાર અભિનંદનના ઉલ્લેખો થાય તે બરાબર નથી. અધ્યક્ષશ્રીના આદેશો છે કે, પ્રશ્નોત્તરીમાં કે પેટા પ્રશ્નો પૂછતી વખતે અભિનંદન નથી આપી શકાતા. એમ જણાવી માન. અધ્યક્ષશ્રીને માર્ગદર્શન આપવા જણાવ્યું.

ઉકત બાબતે માન. આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ તથા સંસદીય બાબતોના મંત્રી અમિત શાહનો અભિપ્રાય જાણ્યા બાદ પોતાનો નિર્ણય આપવાનું મુલતવી રાખી બાદમાં તા. ૧૨/૩/૧૦ના રોજ માન.અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ) એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

"સંસદીય પ્રણાલિકામાં પ્રશ્નોત્તરી કાળ એ એક જીવંતકાળ છે અને આ સમયથી વિધાનસભાના રોજના કાર્યનો આરંભ થાય છે. પ્રશ્નકાળમાં ધારાસભ્યશ્રી પોતે પોતાના મત વિસ્તારના પ્રશ્નોને વાચા આપીને પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની સાથોસાથ સરકારની કામગીરી પ્રત્યે પ્રજાની લાગણીઓ સરકાર સુધી પહોંચાડવાની ફરજો બજાવે છે. એ એનો સંસદીય ધર્મ છે અને તેથી જ વિધાનસભાઓ અને સંસદનો પ્રારંભ પ્રશ્નકાળથી થાય છે. પ્રશ્નકાળની એ અગત્યતા છે. તેથી પ્રશ્નકાળ માટે આપણે સૌ ગંભીરતા રાખીએ છીએ. આ ગંભીરતાને ખ્યાલમાં રાખી આપણે પ્રશ્નો દાખલ કરતી વખતે વિધાનસભાના નિયમોના નિયમ–૭૮(૪)ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને પ્રશ્નોમાં દલીલો, અનુમાનો, આળ, વક્રોકિત, વિશેષણો અને બદનક્ષીભર્યા વિધાનોવાળા પ્રશ્નો દાખલ કરતા નથી. પ્રશ્ન તારાંકિત હોય કે અતારાંકિત પરંતુ મૂળ પ્રશ્ન રજૂ કરતી વખતે વિશેષણો, વક્રોકિત, અનુમાન અને આક્ષેપોથી મુકત હોવો જોઈએ. પ્રશ્ન દાખલ કરવાની ઉપર જણાવેલ પૂર્વ શરત વિધાનસભામાં પ્રશ્નોની ચર્ચા વખતે પણ લાગુ પડે છે અને તેથી જ વિશેષણો, વક્રોકિત, દલીલો, અનુમાનો અને આળભર્યા વિધાનો પૂરક પ્રશ્નોની ચર્ચામાં થઈ શકે નહીં, એ આપણી સ્વયં સમજનો

વિષય છે. કારણ કે પ્રત્યેક ધારાસભ્ય જયારે લોકપ્રતિનિધિ બને છે ત્યારે તે સંસદીય સંસ્કારથી દીક્ષિત થાય છે. માનનીય શ્રી શકિતસિંહજીએ ઉપસ્થિત કરેલો પોઈન્ટ ઓફ ઓર્ડર અને તે સંબંધમાં શ્રી જયનારાયણભાઈ વ્યાસ તથા શ્રી અમીતભાઈ શાહે વ્યકત કરેલા મંતવ્યો અંગે સમગ્ર પરિપ્રેક્ષ્યમાં મનોમંથન કરતાં મને સ્પષ્ટ જણાય છે કે, છેલ્લા કેટલાક સમયથી પ્રશ્નોત્તરીના કાળમાં વિશેષણો, વક્રોકિત, ટીકાઓ અને આવકારોના વિવિધ શબ્દપ્રયોગો અને વાકયો પૂરક પ્રશ્નોની પૂર્વ ભૂમિકામાં વપરાય છે અને તેના પરિણામે આવી અભિવ્યકિત બંને પક્ષોના સભ્યો તરફથી થાય છે. આપણે જોઈએ છીએ કે, પ્રશ્નોત્તરી માટે આપણને એક કલાકનો સમય મળે છે, આ ગાળામાં વિશેષણો અને વક્રોકિતમાં આપણો સમય વ્યર્થ જાય છે. સમય વ્યર્થ ન જાય તે માટે પ્રશ્નોત્તરી કાળમાં આપણે અભિવ્યકિતઓ કરવી જોઈએ નહીં અને તેથી જ મને લાગે છે કે પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન આપણે સચોટતા અને તર્કબધ્ધ રીતે પૂરક પ્રશ્નો પૂછીશું તો વિધાનસભામાં લોકો માટે પૂછાયેલા પ્રશ્નોને ન્યાય આપી શકીશું. વિધાનસભા ગૃહમાં બીજી અનેક ચર્ચાઓમાં આપણને અભિવ્યકિત કરવાની પૂરતી તક મળે છે અને આપણને અભિવ્યકિત કરવાનો અધિકાર પણ છે. શાસન વ્યવસ્થા પ્રત્યે સંતોષ વ્યકત કરવો, ખુશી વ્યકત કરવી અને અભિનંદન આપવા તે જેટલું જરૂરી છે એટલું જ શાસન વ્યવસ્થાની ક્ષતિ તરફ નિર્દેશન કરવું અને તેની આલોચના કરવી, રચનાત્મક દ્દષ્ટિકોણ તરફ શાસન વ્યવસ્થાનું ધ્યાન દોરવું એ એક જાગૃત ધારાસભ્યની ફરજ બને છે. લોકસભાના પ્રથમ અધ્યક્ષશ્રી માનનીય શ્રી જી.વી. માવળંકરના શબ્દોમાં કહું તો, "દરેક વિધાયક કો યાદ રખના હૈ કિ ઉસે એક જિમ્મેદાર મંત્રી કે રૂપમેં કાર્ય કરના હૈ ઔર ઉસકા ક્ષેત્ર છિદ્રાન્વેષણ તથા આલોચના તક હી સિમિત ન રહ કર રચનાત્મક સુઝાવો, કાર્ય તક ફૈલા હુઆ હૈ."

દાદાસાહેબના આ માર્ગદર્શનને સ્વીકારીને આપણે પ્રશ્નકાળનો રચનાત્મક ઉપયોગ કરવો જોઈએ. આપણે સૌ વિશેષણો અને વક્રોકિતથી મુકત રહીને, આક્ષેપોથી મુકત રહીને દાદાસાહેબ માવળંકરે આપેલી સલાહ પ્રમાણે ચાલીશું તો ઉત્કૃષ્ટ સંસદીય પરંપરા પ્રસ્થાપિત કરીને પ્રશ્નકાળનો મહત્તમ સદુપયોગ કરી શકીશું. પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ એ સંસદીય લોકશાહીનું સત્વ છે અને એટલે જ પ્રશ્નકાળ એ પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ પાડનારો એક કલાક છે."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૮ : ૨૦૧૦)

**પ્રશ્નો :**

**૩૪. અસંસદીય શબ્દપ્રયોગ –**

**અપમાનજનક તથા અસંસદીય ઉચ્ચારણોથી ગૃહની ગરીમા અને ગૌરવ તથા પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે.**

તા ૮મી માર્ચ, ૨૦૧૧ (બીજી બેઠક)ના રોજ સભ્યશ્રી બાબુભાઈ શાહના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૮૮૬૮, અગ્રતા ક્રમાંક–૪ " રાજય સરકારનું દેવું અને વ્યાજની ચૂકવણી " બાબતની પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વક્રોકિતયુકત પૂર્વભૂમિકા બાંધીને પૂરક પ્રશ્ન પૂછયો હતો તેના અનુસંધાને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો કે ગુજરાતની પ્રજાને આ રાજય સરકાર દવારા જે સુવિધાઓ આપવામાં આવે છે એ સુવિધાઓ સબંધમાં માનનીય અર્જુનભાઈએ ઉચ્ચારેલ અસંસદીય શબ્દોથી ગુજરાતની

પ્રજાનું અપમાન કર્યું છે. જે કોઈપણ રીતે ઉચિત નથી તેમ જણાવી સભ્યશ્રી મોઢવાડિયાએ ગુજરાતની પ્રજાની માફી માગવી જોઈએ. તેવી રજૂઆત કરી હતી. તત્સમયે માનનીય અધ્યક્ષશ્રીએ પોતાનો નિર્ણય મુલતવી રાખ્યો હતો. ત્યારબાદ મુલતવી રાખેલ નિર્ણય નીચે મુજબ આપ્યો હતો.

" પ્રશ્નોત્તરી દરમિયાન અગ્રતા ક્રમ–૪ ૫રની પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સીધો પૂરક પ્રશ્ન પૂછવાના બદલે વક્રોક્તિયુકત પૂર્વભૂમિકા બાંધીને પૂરક પ્રશ્ન પૂછી નિયમ–૭૮(૪)નો ભંગ કરીને જે અપમાનજનક અને અસંસદીય ઉચ્ચારણો કર્યા છે તેને રેકર્ડમાંથી મેં તત્સમયે દૂર કર્યા હતાં. આ બાબતે પ્રશ્નોત્તરી બાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને સભ્યશ્રી અર્જુનભાઈએ કરેલ અપમાનજનક ઉચ્ચારણો બદલ માફી માગવી જોઈએ તેવી રજૂઆત ગૃહ સમક્ષ કરી છે. ઉકત મુદ્દા સબંધમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી, માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી તથા માનનીય સંસદીય બાબતોના (રા.ક.) મંત્રીશ્રી એ આપેલ મંતવ્યો મેં સાંભળ્યા છે. આ ગૃહની પરંપરા રહી છે કે, કોઈની પણ લાગણી દુભાય તેવા અપમાનજનક તથા અસંસદીય ઉચ્ચારણો કરી શકાય નહિ. આવા ઉચ્ચારણો આ ગૃહની ગરીમા અને ગૌરવ માટે કોઈપણ રીતે યોગ્ય નથી અને તેનાથી ગૃહની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે. આ સબંધમાં તત્સમયે મેં સભ્યશ્રી અર્જુનભાઈને આવા ઉચ્ચારણો નહિ કરવા જણાવ્યું ત્યારે પણ તેઓએ આવા ઉચ્ચારણો ફરીથી કરીશ તેવું ગૃહના રેકર્ડ પરથી પણ પ્રતિપાદિત થાય છે. આમ સભ્યશ્રીએ ગૃહના નિયમો, પ્રણાલિકાઓ તથા અધ્યક્ષ સ્થાનેથી કરેલ વિનંતીનો અનાદર કર્યો છે. સભ્યશ્રી અર્જુનભાઈએ આવા ઉચ્ચારણો બદલ કોઈ ખેદ વ્યકત કર્યો હોત તો તે આવકારદાયક થાત. પરંતુ સભ્યશ્રીએ આવો કોઈપણ ખેદ વ્યકત નહિ કરીને ગૃહની પરંપરા જાળવી નથી. ભૂતકાળમાં પણ અધ્યક્ષ સ્થાનેથી આવા અપમાનજનક ઉચ્ચારણો બદલ સભ્યને દીલગીરી વ્યકત કરવા જણાવવામાં આવ્યું હતું ત્યારે સભ્યશ્રીએ દિલગીરી વ્યકત કરીને આ ગૃહની પરંપરાનું જતન કર્યું હતું. આ સંજોગોમાં સભ્યશ્રી અર્જુનભાઈએ ગૃહના માન–સન્માન અને પરંપરાનું જતન કર્યું હોત તો ઉચિત થાત."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૭ : ૨૦૧૧)

**પ્રશ્નો :**

**૩૫. તારાંકિત પ્રશ્નો અને તેના લેખિત જવાબો –**

**(૧) કોઈપણ પ્રશ્નનો જવાબ ચાર પાના સુધીનો હોયતો તેને પ્રશ્નોત્તરીની યાદીમાં છાપવાનું ધોરણ છે.**

**(૨) મંત્રીશ્રીએ પ્રશ્નનો જવાબ કઈ રીતે આપવો તે અંગે માર્ગદર્શન આપી શકાય નહીં.**

તા ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ પ્રશ્નોત્તરી સમય પૂર્ણ થયા બાદ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ તે દિવસની પ્રશ્નોત્તરીની પુસ્તિકામાં અગ્રતા ક્રમ–૩૯, ૧૩૦, ૧૫૨ અને ૧૫૫ ઉપરના નિરોગી બાળવર્ષ અંતર્ગત થયેલી કામગીરી બાબતે પૂછાયેલા પ્રશ્નોના લેખિત જવાબો વિસ્તૃત નિબંધ જેવા છાપવામાં આવ્યા હોવાથી તે બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી પ્રણાલિકા અનુસાર પ્રશ્નોના લેખિત જવાબ મુદ્દાસર અને ટૂંકા આપવા ટ્રેઝરી બેંચને જરૂરી માર્ગદર્શન આપવા અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી.

ઉકત બાબતે માન. અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ માર્ગદર્શન આપતા જણાવ્યું કે પ્રશ્ન દાખલ કરવામાં આવે છે ત્યારે તેના જવાબમાં કેટલી વિસ્તૃત માહિતી આવશે તેનો વિધાનસભા સચિવાલયને ખ્યાલ ન હોઈ શકે. જો કોઈ તારાંકિત પ્રશ્નના લેખિત જવાબમાં વિસ્તૃત માહિતી થતી હોય અને સંબંધિત મંત્રી તરફથી તેને અતારાંકિત પ્રશ્નમાં ફેરવવાની માગણી આવે ત્યારે માગણીની યોગ્યતા/પ્રમાણ સ્વીકારી પ્રશ્નને અતારાંકિત પ્રશ્નમાં ફેરવવામાં આવે છે. વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે મંત્રીશ્રીઓએ નિયમોની મર્યાદામાં જવાબ આપવાનો હોય છે. મંત્રીશ્રીઓએ કેવી રીતે જવાબ આપવો તે અંગે કોઈ માર્ગદર્શન ન હોય પરંતુ પ્રણાલિકા અનુસાર તારાંકિત પ્રશ્નના લેખિત જવાબ ચાર પાના સુધીનો હોયતો તે તારાંકિત પ્રશ્નોત્તરીની પુસ્તિકામાં છાપવામાં આવે છે અને તેનાથી વિસ્તૃત માહિતી હોયતો તે સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવે છે. આમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના પોઈન્ટ ઓફ ઓર્ડરને ગ્રાહય રાખ્યો ન હતો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૦ : ૨૦૦૯)

**પ્રશ્નો :**

## ૩૬. તારાંકિત પ્રશ્નો અને તેના લેખિત જવાબો –

### તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાં ચાર પાનાની માહિતી સુધીના પત્રકો / પરિશિષ્ટો છાપવા

તા. ૩જી જુલાઈ, ૨૦૦૯ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ વિરોધપક્ષના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢ વાડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે પ્રશ્નોત્તરીની છાપેલ બુકમાં અમુક પત્રકો / પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં ઉપલબ્ધ છે તેવું છાપી તે મહત્વની માહિતીથી તેમને વંચિત રાખવામાં આવે છે, જે તેમને પૂરક પશ્નો પૂછવા તથા બીજી રીતે પણ ખૂબ જ જરૂરી હોય છે. મૂળ માહિતી બુકમાં ન હોવાથી પેટા પ્રશ્નો પૂછવામાં તથા અમુક પત્રકો સચિવશ્રીની કચેરીમાંથી મેળવવામાં મુશ્કેલી પડે છે. જો પત્રકો બુકમાં જ છાપવામાં આવે અથવા અતિ વિસ્તૃત માહિતી હોય તો તેને અલગ રીતે તૈયાર કરી છાપી દરેક સભ્યશ્રીઓને મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેતો સભ્યશ્રીઓને ઘણી સગવડતા રહે.

ઉકત બાબતે વિરોધપક્ષના નેતાશ્રીનું મંતવ્ય જાણ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ નીચે મુજબ નિર્ણય આપતા જણાવ્યું કે :–

આપણી પ્રણાલી રહી છે કે સામાન્ય રીતે વિધાનસભા સચિવાલય અંગેના જે કોઈ પ્રશ્નો હોય તેની અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં ચર્ચા થાય છે. આ પ્રશ્ન મંત્રીશ્રીઓને લાગુ પડતો નથી પણ વિધાનસભા સચિવાલયને લાગુ પડે છે. એટલા માટે તેની અહીં ચર્ચા થઈ શકે નહીં છતાં જયારે પશ્ન ઉપસ્થિત થયો છે ત્યારે તેને ધ્યાનમાં લઈ જ લઉં છું તેમ કહી આગળ વધુમાં જણાવ્યું કે "વિધાનસભામાં પ્રશ્નોત્તરીનો સમય સભાગૃહ માટે અને સમગ્ર સંસદીય લોકશાહી માટે ખૂબજ અગત્યનો સમય છે. તેથી પ્રશ્નોત્તરીને આપણે ખૂબજ ગંભીરતાથી લેતા હોઈએ ત્યારે પ્રશ્નોના જવાબ વિશેષ કરીને પૂરક પ્રશ્નોના જવાબ મેળવવા માટે બધા જ સભ્યો આતુર હોય છે. આવા કોઈ પ્રશ્નની માહિતી અતિ વિસ્તૃત હોય તો સંબંધિત મંત્રીશ્રીની વિનંતીથી તેને તારાંકિતમાંથી અતારાંકિતમાં ફેરવવામાં આવતો હોય છે. સૂચનાત્મક આદેશ મુજબ

વિસ્તૃત માહિતીવાળા પત્રક કે પરિશિષ્ટ માટે સામાન્ય રીતે એવું ધોરણ ઠરાવેલ છે કે તારાંકિત પ્રશ્નના જવાબ માટે છપાયેલ એક પાનુ અને અતારાંકિત પ્રશ્નના જવાબ માટે છપાયેલ ચાર પાના જેટલી માહિતી પ્રશ્નોની યાદીના જવાબ સાથે છાપવામાં આવે છે. એનાથી વધારે વિસ્તૃત માહિતી છાપવામાં આવતી નથી, પણ એને સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવે છે. આમ અગાઉના વખતમાં તારાંકિત પ્રશ્નોત્તરીમાં એક પાના સુધીની માહિતી હોય તો છાપવામાં આવતી હતી પરંતુ એમાં સુધારો કરી ચાર પાના સુધીની માહિતી છાપવામાં આવે છે અને ચાર પાનાથી વધારે માહિતીવાળો પ્રશ્ન હોય અને મંત્રીશ્રી પત્ર લખે તો તેને અતારાંકિતમાં ફેરવવામાં આવે છે. તેથી તારાંકિત પ્રશ્ન અતારાંકિતમાં ન ફેરવાય તે માટે પત્રકો સચિવશ્રીની કચેરીમાં મૂકવાનો નિર્ણય કરીને પણ અતિ વિસ્તૃત માહિતીવાળો જવાબ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. આમ અત્યારની પ્રથા મુજબ પત્રકો / પરિશિષ્ટ પશ્નોત્તરીની યાદીમાં છાપવામાં આવતાં હોઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રહેતો નથી.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૨ : ૨૦૦૯)

**પ્રશ્નો :**

**૩૭. તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ટૂંકા હોવા જોઈએ –**

**મૂળ પ્રશ્ન તથા તેના પર પૂછાયેલા પૂરક પ્રશ્નોના જવાબો ટૂંકા અને મુદ્દાસર હોવા જોઈએ**

મંગળવાર, તા ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ પ્રશ્નોત્તરી નો સમય પૂરો થયા બાદ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા જણાવ્યું કે આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતા ક્રમ–૧ અને ૪ એગ્રીકલ્ચર સેકટરના એમ.ઓ.યુ. કરવા બાબતના તથા ૩ અને ૫ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા બાબતના હતા. જે એક જ પ્રકારના હોવા છતાં સંબંધિત મંત્રીશ્રીઓએ તેના જવાબો આપવામાં ઘણો લાંબો સમય લીધો હોવાથી માત્ર ૬ પ્રશ્નો જ ચર્ચામાં આવી શકયા હતા. જેથી મંત્રીશ્રીઓને પ્રશ્નોના જવાબો ટૂંકા અને મુદ્દાસર આપવા અંગે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માંગ્યું હતું.

ઉકત બાબતે માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ નિર્ણય આપ્યો કેઃ–

"એગ્રીકલ્ચર સેકટરના એમ.ઓ.યુ. કરવાના પ્રશ્નમાં બંને પક્ષના ૭ થી વધુ સભ્યશ્રીઓએ પૂરક પ્રશ્નો પૂછયા હતા, જયારે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના પ્રશ્નમાં ૧૨થી પણ વધારે સભ્યશ્રીઓએ પૂરક પ્રશ્નો પૂછયા હતા. આ કારણોસર આજે ફકત ૩ પ્રશ્નોની ચર્ચામાં લાંબો સમય ગયો હતો. સભ્યો મારફત પૂછાતા પ્રશ્નો જો ટૂંકા અને પીન પોઈન્ટેડ હોય તો મંત્રીશ્રીએ લાંબો જવાબ આપવો ન પડે. પરંતુ સભ્યશ્રીઓ જ ટૂંકા અને પીન પોઈન્ટેડ પ્રશ્નો પૂછતા નથી હોતા અને તેને પરિણામે મંત્રીશ્રી લાંબો જવાબ આપે તો સભ્યો ફરીયાદ કરતા હોય છે. આવી પરિસ્થિતિ નિર્માણ ન પામે એટલા માટે દરેક સભ્યશ્રીઓને વિનંતી છે કે તેઓ પોતાનો પ્રશ્ન તેમજ મૂળ પ્રશ્નમાંથી ઉદ્‌ભવતો પૂરક પ્રશ્ન ટૂંકો અને મુદ્દાસર પૂછે અને મંત્રીશ્રીઓ પણ તેનો જવાબ એટલો જ મુદ્દાસર આપે. પરંતુ સભ્યશ્રીઓ વિસ્તૃત માહિતી માગતો પ્રશ્ન પૂછે તો મંત્રીશ્રીએ તેનો જવાબ લાંબો આપવો પડે જેના કારણે પ્રશ્નકાળ દરમિયાન ઓછા પ્રશ્નો ચર્ચામાં આવે છે.

બારમી વિધાનસભા દરમિયાન આપણે વધારે પ્રશ્નો ચર્ચવા માટે બે રીત અપનાવેલ છે. (૧) જિલ્લાના વધારે સભ્યો ભાગ લઈ શકે એટલા માટે જે જિલ્લાનો પ્રશ્ન હોય તે જિલ્લાના સભ્યો તેના ઉપર પૂરક પ્રશ્નો પૂછે. (૨) સભ્યશ્રીઓ પૂર્વ ભૂમિકા બાંધ્યા સિવાય ટૂંકમાં પૂરક પ્રશ્ન પૂછે.

પ્રશ્નો કોના દ્વારા પૂછાય છે તે અગત્યનું નથી પણ પ્રશ્ન પૂછવાની શૈલી / રીત જો ટૂંકી અપનાવવામાં આવે તો આ પરિસ્થિતિ ઉભી થઈ ન હોત. દરેક પ્રશ્નનું વર્ગીકરણ કરીને તેનું મૂલ્યાંકન ન કરતા આપણે વધારે પ્રશ્નો ચર્ચામાં લઈ શકાય તેવો આગ્રહ રાખવો જોઈએ. સભાગૃહના દરેક સભ્યશ્રીઓના પ્રશ્નો / પૂરક પ્રશ્નો તથા મંત્રીશ્રીઓના જવાબો પણ ટૂંકા હોય એવી પધ્ધતિ અપનાવવામાં આવે તો ભવિષ્યમાં વધુ સંખ્યામાં પ્રશ્નો પ્રશ્નકાળ દરમિયાન લઈ શકાશે."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૦ : ૨૦૦૯)

**પ્રશ્નો :**

**૩૮. તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ટૂંકા હોવા જોઈએ**

**પ્રશ્નના જવાબમાં વધારે માહિતી અને વિગતો હોય તો એ ટેબલ ઉપર મૂકવાનું રાખવું જોઈએ.**

તા. ૧૯–૩–૨૦૧૦ના રોજની પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા પછી સભ્યશ્રી રામસિંહ પરમારે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે, સભ્યશ્રીઓ પોતાના વિસ્તારના પ્રશ્નોના નિકાલ થાય તેથી પશ્નો પૂછે છે અને મંત્રીશ્રીઓ તેના ખૂબ લાંબા જવાબો આપે છે આથી પ્રશ્નોના જવાબ ટૂંકા આપે તો વધારે પ્રશ્નો ચર્ચામાં લેવાય.

ઉકત મુદ્દા સંબંધમાં વિરોધપક્ષના નેતાશ્રી તથા સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો અભિપ્રાય જાણ્યા બાદ માન. અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ નિર્ણય આપ્યો કે, પ્રશ્નોત્તરીનો સમય પ્રજાને સ્પર્શતા પ્રશ્નો પૂછવા માટેનો છે અને લોકશાહી માટે સૌથી અગત્યનો સમય છે તે સંસદીય પ્રણાલિકાઓમાં સ્વીકારેલી સત્ય હકીકત છે. ઘણીવાર પ્રભારી સભ્યશ્રી એકી સાથે ત્રણથી વધારે પૂરક પ્રશ્નો પૂછતા હોય છે તો કેટલીકવાર મંત્રીશ્રીઓ પણ જવાબ આપતી વખતે છાપેલી વિગતોની પણ પુનરોકિત કરતા હોય છે. એક સંવાદની ભૂમિકા પ્રશ્નોત્તરી અને સમગ્ર સંસદીય કાર્યવાહીની અંદર દેખાય એ માટે પૂરક પ્રશ્નો ટૂંકા પૂછાય અને તેના જવાબો પણ ટૂંકા અપાય તો પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન વધુ પ્રશ્નો ચર્ચી શકાય. પ્રશ્નોત્તરી માટેના પૂર્વ અધ્યક્ષોના નિર્ણયોનો હેતુ ટાઈમ મેનેજમેન્ટનો છે. એ નિર્ણયોનો હેતુ વધારે પ્રશ્નો ચર્ચાય અને વધારે લોકોના પ્રશ્નોને ગૃહના ફલોર પર વાચા અપાય એ છે. ભૂતકાળમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ પટેલની જેમ ટૂંકમાં જવાબો આપવાની પધ્ધતિ મંત્રીઓ અપનાવે અને જવાબની માહિતી વધારે હોય તો એ ટેબલ ઉપર જ મૂકવાની સ્વયં સમજ અપનાવે તો પ્રશ્નકાળ દરમ્યાન વધારે પ્રશ્નોને ન્યાય આપી શકાય.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૧ : ૨૦૧૦)

**પ્રશ્નો :**

**૩૯. દાખલપાત્રતા :**

**પ્રશ્નોની દાખલપાત્રતા સંબંધે કોઈ મુદ્દો ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહિં.**

તા ૧૭મી માર્ચ ૨૦૧૧ના રોજ પ્રશ્નોત્તરી સમય પૂરો થયા બાદ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન અગ્રતા ક્રમ ૮૬ અને ૧૫૮ પરના સભ્યશ્રી મનસુખ ભુવાએ પૂછેલ એકસરખા પ્રશ્ન દાખલ કરવા બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

પ્રસ્તુત મુદ્દામાં સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી તથા આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પોતાના મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું હતું કે, વિધાનસભા સચિવાલયની કામગીરીને લગતી બાબતો સભાગૃહમાં ઉપસ્થિત કરી શકાતી નથી. આવી બાબતો અંગે અધ્યક્ષશ્રીનું તેમની ચેમ્બરમાં ધ્યાન દોરવાની સુસ્થાપિત સંસદીય પ્રણાલિકા છે. સભાગૃહનું સંચાલન / વ્યવસ્થા અધ્યક્ષશ્રીના માર્ગદર્શન હેઠળ થાય છે તેથી કોઈપણ પ્રશ્ન દાખલ કરવો કે નહિ એ ગૃહની વ્યવસ્થાનો ભાગ ગણાય. તેમની હકુમત હેઠળ આવતી બાબતો ગૃહમાં ઉપસ્થિત કરી શકાતી નથી. તેમજ વિધાનસભાના નિયમોના નિયમ ૮૧ મુજબ કોઈપણ પ્રશ્ન કે તેનો કોઈપણ ભાગ દાખલ કરવો કે નહિ તે અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારની બાબત છે.

મંત્રીશ્રીઓના મંતવ્યો જાણ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રી (ગણપતભાઈ વસાવા)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

" અધ્યક્ષશ્રીના કાર્યક્ષેત્ર હેઠળની બાબતો ગૃહમાં ઉપસ્થિત કરી શકાતી નથી, નિયમોમાં પણ સ્પષ્ટ જોગવાઈ છે. આમ છતાં જયારે આ બાબત ગૃહમાં ઉપસ્થિત કરવામાં આવી છે ત્યારે સ્પષ્ટતા કરવાની કે એક નિશ્ચિત દિવસ માટે એક જ સભ્યશ્રી દ્વારા એક સરખા એક કરતાં વધુ પ્રશ્ન પૂછયા હોય તો તે પૈકી એક પ્રશ્ન જ દાખલ થાય છે અને બીજા પ્રશ્નો નામંજૂર થાય છે, એ વાત સ્વીકારું છું અને ભવિષ્યમાં અધ્યક્ષના ક્ષેત્રાધિકાર હેઠળની બાબતો ગૃહમાં ઉપસ્થિત ન કરતાં નિયમોને અનુસરવા વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું.

આ નિર્ણય આપ્યા બાદ તા ૧૮/૩/૨૦૧૧ના રોજ માનનીય અધ્યક્ષશ્રીને આપેલ નિર્ણયમાં વધુ સ્પષ્ટતા કરવી યોગ્ય જણાતાં તેઓએ જણાવ્યું કે વિધાનસભાના પ્રશ્નો દાખલ કરવા અંગેના નિયમોના નિયમ ૮૧ની જોગવાઈ મુજબ કોઈપણ પ્રશ્ન કે તેનો કોઈ ભાગ દાખલ કરવો કે નહિ તે સંપૂર્ણપણે અધ્યક્ષના અધિકારક્ષેત્રની બાબત છે. મેં જયારે સંદર્ભ હેઠળના બંને પ્રશ્નો દાખલ કર્યા હોય ત્યારે તે સંબંધે કોઈપણ મુદ્દો ગૃહમાં ઉપસ્થિત કરી શકાતો નથી તેવી પ્રસ્થાપિત પ્રણાલી પણ છે. આ બાબતમાં મારા પૂરોગામી અધ્યક્ષશ્રીઓના અનેક નિર્ણયો પણ છે અને તેનો મેં અભ્યાસ કર્યો છે તેમ છતાં માનનીયશ્રી શકિતસિંહજીએ અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારની બાબત સંબંધે જે મૂદ્દો ઉપસ્થિત કર્યો હતો તે કોઈપણ રીતે યોગ્ય ન હતો અને જે બાબત રજૂ થઈ હતી તે નિયમ ૮૧થી અધ્યક્ષને મળેલ સત્તાને પડકારતી હતી. વિધાનસભાના નિયમો હેઠળ અધ્યક્ષને કોઈપણ પ્રશ્ન, પ્રસ્તાવો કે વિધેયકોને લગતી સૂચનાઓ દાખલ કરવી કે નહિ તે સંબંધે સંપૂર્ણ અધિકાર મળેલા છે. પ્રશ્નની દાખલપાત્રતા સબંધમાં કોઈપણ મુદ્દો આ ગૃહમાં ઉપસ્થિત કરી શકાતો નથી. કોઈ ક્ષતિ થઈ હોયતો તેઓએ મારી ચેમ્બરમાં આવવાનું ઔચિત્ય દાખવ્યું હોત તો વધુ ઉચિત થાત. પ્રસ્તુત કિસ્સામાં આવું ઔચિત્ય માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ દાખવ્યું નથી, તે યોગ્ય નથી. ભવિષ્યમાં અધ્યક્ષના ક્ષેત્રાધિકાર હેઠળની બાબતો ગૃહમાં ઉપસ્થિત નહિ કરવા કાળજી રાખવા હું તેમને વિનંતી કરું છું."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૮ : ૨૦૧૧)

**પ્રશ્નો :**

**૪૦. પૂરક પ્રશ્ન –**

**(૧) પૂરક પ્રશ્ન મૂળ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો હોવો જોઈએ**

**(૨) પૂરક પ્રશ્ન પૂછતી વખતે કોઈ વ્યંગ્યાત્મક ઉલ્લેખો કરવા જોઈએ નહિ**

તા. ૩૦મી જુન, ૨૦૦૯ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન "ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા" અંગેના સભ્યશ્રી હરીલાલ મો. પટેલના તારાંકિત પશ્ન ક્રમાંક :– ૬૯૯૬ની પૂરક પ્રશ્નોત્તરી સમયે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કટાક્ષમય રીતે પૂરક પ્રશ્ન પૂછતા જણાવ્યું હતું કે "આપણે સુરક્ષા અને શિક્ષણની ચિંતા કરીએ છીએ ત્યારે રૂા. ૨૫૦૦/–નો ફીકસ પગાર આપી કોન્સ્ટેબલોને ત્રાસવાદીઓ સામે લડવાનું કહીએ છીએ અને શિક્ષકોને નિરક્ષરતા સામે લડવાનું કહીએ છીએ. જયારે પગાર તેમને મિનિમમ વેજીસ કરતાં પણ ઓછા આપીએ છીએ બીજી બાજુ આપણે દરરોજ રૂપિયા એક લાખ હવાઈ ઉડાનમાં ખર્ચીએ છીએ."

ઉકત બાબતોએ પ્રશ્નોત્તરી પૂરી થતાં માનનીય અધ્યક્ષ(શ્રી અશોક ભટ્ટ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો હતો / અવલોકન કર્યું હતું :–

આજે પ્રશ્નોત્તરી સમય દરમિયાન સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જે રીતે પૂરક પ્રશ્ન પૂછયો હતો તે બાબતે હું વિધાનસભાના નિયમોના નિયમ–૮૯ તરફ આપ સહુનું ધ્યાન દોરું છું. નિયમ–૮૯ પમાણે કોઈપણ તારાંકિત પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યા પછી કોઈપણ સભ્ય અધ્યક્ષ તેમનું નામ પોકારે ત્યારે અપાઈ ચૂકેલા જવાબમાંની કોઈપણ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા સારું પૂરક પ્રશ્ન પૂછી શકશે પરંતુ અધ્યક્ષને એમ લાગે કે, કોઈ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ જેવું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું ઉલ્લંઘન કરે છે, તો અધ્યક્ષ તે નામંજૂર કરી શકે છે અને એ રીતે મેં શ્રી અર્જુનભાઈના પૂરક પ્રશ્નને નામંજૂર કર્યો હતો અને તેમણે પૂરક પ્રશ્ન પૂછતી વખતે જે શબ્દો વાપર્યા હતા તે પણ હું કાર્યવાહીમાંથી રદ કરું છું અને આશા રાખું છું કે સભ્યશ્રીએ મૂળ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતા જ પૂરક પ્રશ્નો પૂછવા જોઈએ અને પૂરક પ્રશ્ન પૂછતી વખતે કોઈ પણ પ્રકારના વ્યંગાત્મક ઉલ્લેખો કરવા જોઈએ નહિં.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૨ : ૨૦૦૯)

**પ્રશ્નો :**

**૪૧. પૂરક પ્રશ્નો –**

**પૂરક પ્રશ્નો ટૂંકા અને મૂળપ્રશ્ન સાથે સુસંગત હોવા જોઈએ**

તા ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે અગ્રતાક્રમ–૧૦ પરના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૭૫૩ અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકામાં સીમીની સંડોવણી બાબતની ચર્ચામાં ઈરાદાપૂર્વક વધુ સમય લેવામાં આવતા અગ્રતાક્રમ–૧૫ પરનો પ્રશ્ન ચર્ચામાં ન આવે અને જવાબદાર વ્યકિત કે જેની સામે હાઈકોર્ટે એફ.આઈ.આર. ફાઈલ કરવાનું જણાવેલ હોય તે પ્રશ્ન ગૃહમાં ચર્ચવામાં ન આવે તે માટેના પ્રયત્નો કરવા સામે માનનીય અધ્યક્ષશ્રીનું રક્ષણ માગ્યું હતું.

ઉકત બાબતે સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિત શાહે તેમનું મંતવ્ય વ્યકત કર્યું.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનું મંતવ્ય જાણ્યા બાદ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ જણાવ્યું હતું કે માનનીય શકિતસિંહ ગોહિલે ઉપસ્થિત કરેલ પ્રશ્ન અપ્રસ્તુત છે. ગૃહની કાર્યવાહીનું સંચાલન કરવાની જવાબદારી તેમની હોવાથી કોઈપણ પ્રશ્નની ચર્ચામાં કે મંત્રીશ્રીના જવાબમાં ૨૦ મિનિટનો સમય ગયો નથી. અગ્રતાક્રમ–૧૦ ઉપરના પ્રશ્ન પર બંને પક્ષો તરફથી પૂરક પ્રશ્નો પૂછાયા છે અને તેના જવાબમાં સમય ગયો છે. બીજી વાત એ છે કે પૂરક પ્રશ્નનો જવાબ આપવામાં આવે તે વખતે મંત્રીશ્રી રાજકીય અવલોકનોથી મુકત રહે. પ્રશ્ન અગત્યનો, સંવેદનશીલ કે રાષ્ટ્રના હિતનો હોય ત્યારે પાંચ કે છ મિનિટનો સમય ચર્ચામાં જાય છે. આ સભાગૃહના ટાઈમ મેનેજમેન્ટની જવાબદારી તેમની છે પરંતુ પ્રશ્નના પૂરકપ્રશ્નો લંબાણપૂર્વક પૂછાય, તેની અંદર વિષયાંતર થતું હોય અને એ વિષયાંતર થયેલા પ્રશ્નોનો જવાબ માનનીય મંત્રીશ્રી આપતા હોય ત્યારે તેઓ તેમને વચ્ચેથી રોકીને પૂછાયેલા પ્રશ્નોનો જવાબ ન આપે એવી પરિસ્થિતિ તેઓ સર્જવા માંગતા નથી. માનનીય સિધ્ધાર્થભાઈનો પ્રશ્ન એ સીમીને લગતો પ્રશ્ન હતો એના પૂરક પ્રશ્નની અંદર તેઓ ગુજકોકમાં ગયા અને એમણે એમ કહયું કે માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એમાંથી હું પ્રશ્ન પૂછું છું એટલે એ પ્રશ્નનો જવાબ, જવાબની અંદરથી પેદા થતા પૂરક પ્રશ્નો આ બધી સંવેદનશીલ બાબતો હતી એને જો હું વચ્ચેથી અટકાવું અને પાંચ મિનિટનો જ આગ્રહ રાખું તો એ યોગ્ય ન હતું એટલે આ પંદરમા પ્રશ્ન સુધી પહોંચી શકાયું નથી. તેથી કોઈએ પંદરમો પ્રશ્ન ન આવવા દેવા માટે આવું કર્યું છે એવું કહેવું એ યોગ્ય નથી.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૮ : ૨૦૦૮)

**પ્રશ્નો :**

**૪૨. પ્રશ્નકાળના સંચાલન માટે કાર્યશૈલી નકકી કરવાનો અધ્યક્ષશ્રીનો અધિકાર–**

**(૧) પ્રશ્ન પૂછવા માગતા સભ્યશ્રી હાથ ઊંચો કરીને પણ અધ્યક્ષનું ધ્યાન ખેંચી શકે છે.**

**(૨) સભાગૃહના સંચાલન માટે કાર્યશૈલી નકકી કરવાનો અધ્યક્ષશ્રીને અધિકાર છે.**

તા. ૧૬–૩–૨૦૧૦ ના રોજ નિયમ–૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પરની ચર્ચા પૂરી થયા બાદ વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૮ તરફ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે સભાગૃહ સમક્ષ કોઈ પણ બાબત પર બોલવા માગતા સભ્યશ્રીએ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચવા માટે પોતાની જગ્યા પર ઉભા થવું જોઈએ. આ જોગવાઈ હોવા છતાં પ્રશ્નોż ZLGF સમય દરમિયાન સż ાધારી પક્ષના સભ્યશ્રીઓ તરફથી એક વખત હાથ ઊંચો કર્યા પછી હાથ પણ ઊંચો ન કર્યો હોય અને તેમનું નામ પોકારાય તે આપણા નિયમની જોગવાઈ સાથે સુસંગત નથી. સż ાધારી પક્ષના માનનીય સભ્યશ્રીઓ ઉભા થવાની તસ્દી લેતા નથી અને હાથ કે આંગળી ઊંચી કરે છે પણ આપણો નિયમ કહે છે કે Member Should Be On Legs.

ઉકત મુદ્દા સંબંધે આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસનું મંતવ્ય જાણ્યા બાદ માનનીય અધ્યક્ષ (અશોક ભટ્ટ) એ નિર્ણય આપતા જણાવ્યુ હતુ કે નિયમ–૨૮ મહદ્ અંશે ચર્ચામાં ભાગ લેવા માગતા સભ્યો એ અખત્યાર કરવાની કાર્યપધ્ધતિને લગતો છે, જયારે પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્ન પૂછવા અંગે નિયમ–૮૯ની જોગવાઈ લાગુ પડે છે.

આ મુદ્દો અધ્યક્ષની કાર્યશૈલીને લગતો છે. પ્રશ્નોતરી દરમિયાન નિયમ–૮૯ હેઠળ પૂરક પ્રશ્ન પૂછવા માગતા સભ્યશ્રી પોતાના હાથ ઊંચો કરે કે ઉભા થાય તેનું નામ અધ્યક્ષ નોંધે છે, અને વારાફરતી આવા સભ્યને પ્રશ્ન પૂછવાની તેઓ તક આપે છે. પ્રસ્થાપિત સંસદીય પરંપરા મુજબ અધ્યક્ષશ્રીની કાર્યશૈલી અંગેના પ્રશ્નો ગૃહમાં ઉપસ્થિત કરી શકાતા નથી. આવા પ્રશ્નોની ચર્ચા અધ્યક્ષની ચેમ્બરમાં કરવી જોઈએ. તેમ છતાં આ પ્રશ્ન ગૃહમાં ઉપસ્થિત કર્યો છે ત્યારે અધ્યક્ષે નિર્ણય આપતા વધુમાં જણાવ્યું હતું કે અધ્યક્ષને પોતાની કાર્યશૈલી નકકી કરવાનો અધિકાર છે અને પ્રશ્નોતરી દરમ્યાન તેઓએ જે કાર્યશૈલી આપનાવી છે તે નિયમ–૮૯ ની જોગવાઈ સાથે સુસંગત છે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૫૧ : ૨૦૧૦)

**પ્રશ્નો :**

## ૪૩. પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરી –

**પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીમાં મંત્રીશ્રીની સંમતિથી અને અધ્યક્ષશ્રીની પરવાનગીથી અન્ય સભ્ય પ્રશ્ન પૂછી શકે છે અને મંત્રીશ્રી જવાબ આપી શકે છે.**

તા. ૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ પ્રશ્નોત્તરીના સમય દરમિયાન અગ્રતા ક્રમ– ૧૪ પરના પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી ભરતભાઈ બારોટ ગેરહાજર હોવાથી તેમના બદલે પ્રશ્ન પૂછવા દેવા અંગે સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માન. અધ્યક્ષશ્રીને પરવાનગી આપવા વિનંતી કરી હતી ત્યારે મંત્રીશ્રીએ તેમને સંમતિ આપી છે કે કેમ? તેવી માન. અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને પૃચ્છા કરી હતી. આ બાબતે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો અને વિરોધપક્ષના નેતાશ્રીએ પણ તેમાં સૂર પુરાવ્યો હતો.

પ્રભારી સભ્યની ગેરહાજરીના પ્રસંગે મંત્રીશ્રી દ્વારા જાહેરહિતમાં પ્રશ્નનો જવાબ આપવા અંગેના નિયમ–૮૬ની જોગવાઈને ધ્યાને લઈને માન. અધ્યક્ષશ્રીએ અવલોકન કર્યું હતું કે ગેરહાજર સભ્યનો જાહેરહિતમાં પ્રશ્ન પૂછવા માગતા સભ્યે તથા સંબંધિત મંત્રીશ્રીએ પ્રશ્નોત્તરીનો સમય શરૂ થતાં પહેલા અધ્યક્ષની પૂર્વ મંજૂરી લેવી જોઈએ અને પૂર્વ મંજૂરી મળ્યાબાદ જણાવવું જોઈએ કે તેમને અનુમતિ મળી છે. શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવા માટે આપણે જે પધ્ધતિ અપનાવી છે તેવી જ પધ્ધતિ આ બાબતમાં અપનાવીએ.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૩ : ૨૦૦૮)

**પ્રશ્નો :**

## ૪૪. પ્રભારી સભ્ય ગેરહાજરી –

**(૧) ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન પ્રોકસી તરીકે અન્ય સભ્ય પૂછી શકે નહીં.**

**(૨) પ્રશ્ન પૂછયા પછી પ્રભારી સભ્ય ગેરહાજર રહે તે યોગ્ય નથી .**

તા ૨૦મી જુલાઈ, ૨૦૦૯ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન કેટલાક સભ્યશ્રીઓએ ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો પૂછવા ઈચ્છા વ્યકત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબ અવલોકન કર્યું હતું :–

"પ્રશ્નોત્તરી દરમિયાન સભાગૃહમાં હાજર કેટલાક સભ્યોએ ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો પૂછવા માટેની ઈચ્છા વ્યકત કરી હતી જેને પરવાનગી આપવામાં આવી ન હતી, કારણકે તેનાથી ગેરહાજર રહેલા સભ્યશ્રીઓની ગેરહાજર રહેવાની મનોવૃત્તિને પ્રોત્સાહન મળે છે. બીજી વસ્તુ એ છે કે પ્રશ્ન પોતે જ પૂછેલો હોય અને એનો જવાબ પોતાને મળે એ આપણે ત્યાં અગત્યનું છે. પ્રોકસી પધ્ધતિ એમાં આવે એટલે કે ગેરહાજર રહેનાર સભ્યના બદલામાં અન્ય સભ્ય પ્રશ્ન પૂછી લે તે વાત સારી ન લાગે, લોકશાહીમાં એ સારું પણ નથી. સામાન્યતઃ પ્રશ્નોત્તરીનો સમય એ સભ્યશ્રીઓ માટે Paradise ગણવામાં આવે છે, સંસદીય લોકશાહીનો એ જીવંતકાળ ગણવામાં આવે છે અને જયારે એને જીવંતકાળ ગણતા હોઈએ ત્યારે ચૂંટાયેલો લોક પ્રતિનિધિ આ પક્ષનો હોય કે તે પક્ષનો હોય એ અગત્યનું નથી પરંતુ એણે ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે પોતાના વિસ્તાર માટે પ્રશ્ન પૂછયો હોય અને એનો જવાબ મેળવવા માટે એ ખૂબ આગ્રહી હોય તો એનો જવાબ સાંભળવા માટે પણ એ આગ્રહી રહેવા જોઈએ અને તો જ આપણે લોકશાહી પરંપરાને વરેલા ગણાઈશું. પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી ગેરહાજર રહે તો એનાથી બે વસ્તુને નુકશાન થાય છે. એક તો પ્રશ્નનો જવાબ આપવા માટે રાજય સરકારને જે ખર્ચ થાય છે તે અગણિત રૂપિયાનો થાય છે, એનો કયાસ કાઢવો એ ઘણું અઘરું છે. એક પ્રશ્નનો જવાબ મેળવવાનો ખર્ચ લોકસભાની અંદર લાખો રૂપિયામાં થાય છે, આપણે ત્યાં હજારોમાં થતો હશે, કારણકે એક પ્રશ્નનો જવાબ તૈયાર કરવા માટે જિલ્લા, તાલુકા અને ગામડા કક્ષાએથી માહિતી એકત્રિત કરવામાં આવતી હોય છે. તારાંકિત પ્રશ્નનો જવાબ મેળવવા માટે નિયમ પ્રમાણે ૨૧ દિવસનો સમય આપવામાં આવે છે અને એ સમયની અંદર પ્રશ્નનો જવાબ વિધાનસભા સમક્ષ આવે તે માટે અમો વિધાનસભાના નિયમોના કારણે આગ્રહી હોઈએ છીએ, તો જે પ્રશ્નનો જવાબ ખૂબ જ મહેનત કરીને રાજયના મંત્રીમંડળે તૈયાર કર્યો હોય તે પ્રત્યે સભાગૃહમાં હાજર રહી પોતાનો આદર બતાવવો એ પ્રશ્ન પૂછનાર સભ્ય માટે આવશ્યક છે, જે સન્માનીય પ્રવૃત્તિના એક ભાગરૂપ છે. એટલા માટે જ એ આપણા નિયમો, પ્રણાલિકા અને લોકશાહીની અંદર ખૂબજ અગત્યની વસ્તુ છે. ત્યારે પ્રશ્ન પૂછનાર સભ્ય એ સમયે ગૃહમાં ગેરહાજર રહે એ આપણી સંસદીય પ્રણાલિકામાં અનિચ્છનીય છે. સભ્ય પ્રશ્ન પૂછયા પછી ગૃહમાં ગેરહાજર રહે એ યોગ્ય નથી તેથી તમામ સભ્યોને વિનંતી કરવાની કે તેઓ પ્રશ્ન પૂછે અને એનો જવાબ ગૃહમાં આવવાનો હોય ત્યારે એ સમયે ગૃહમાં હાજર રહે અને હાજર રહીને જ પ્રશ્નનો જવાબ મેળવવાનો પ્રયત્ન કરે. ગેરહાજર રહીને બીજા સભ્ય દ્વારા, પ્રોકસી દ્વારા જો પ્રશ્ન પૂછવાનું મનમાં હોયતો તેને હું ઉત્તેજન નહીં આપું તે સંસદીય લોકશાહીમાં ઉચિત પણ નથી."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૫ : ૨૦૦૯)

**પ્રશ્નો :**

**૪૫. પ્રશ્નના વિષયને સંબંધિત જિલ્લાના સભ્યોને પૂરક પ્રશ્નો પૂછવામાં અગ્રતા –**

**પૂરક પ્રશ્નો પૂછવા માટે પ્રશ્નના વિષયને સંબધિત જિલ્લાના ધારાસભ્યોને અગ્રતા આપવાની પ્રથાથી અન્ય સભ્યોના અધિકારો પર કોઈ કાપ આવતો નથી.**

તા.૨૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન અગ્રતા ક્રમ–૧૦ ઉપરના, " ઉમરેઠ શહેરમાં ૨૫ ચો.મી. પ્લોટની ફાળવણી" અંગેના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૮૭૬ ઉપર સભ્યશ્રી રામસિંહ પરમાર પેટા પ્રશ્ન પૂછવા માગતા હતા પરંતુ તે માટેની તક તેમને ન મળતાં તેમણે સભ્યશ્રીના પ્રશ્નો પૂછવાના અધિકાર અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત

કરી માન. અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું કે, એક જિલ્લાના પ્રશ્ન ઉપર સંબંધિત જિલ્લાના સભ્યશ્રી સિવાય અન્ય સભ્યશ્રી પ્રશ્ન પૂછી ના શકે તેવી પ્રણાલી છે પરંતુ ધારાસભ્યો તેના વિસ્તાર પૂરતા ધારાસભ્ય નથી પરંતુ આખા રાજયના ધારાસભ્ય બને છે ત્યારે ધારાસભ્યના અધિકાર ઉપર કાપ મૂકાતો હોય તેવું લાગે છે.

આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાનું મંતવ્ય રજૂ કર્યુ હતું.

આ પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં માન. અધ્યક્ષ (શ્રીઅશોક ભટ્ટ)એ જણાવ્યુ હતું કે " અગાઉ પ્રણાલિકા હતી કે જે તે જિલ્લાના ધારાસભ્ય પ્રશ્ન પૂછે. આ પ્રણાલી ચુસ્તપણે પળાતી હતી. આ પ્રણાલિકા પાછળનો હેતુ એ છે કે જે તે જિલ્લાના ધારાસભ્ય પોતાના વિસ્તારને વધુ જાણતો હોય જયારે જિલ્લા સિવાયના બાકીના સભ્યોને પૂરતી વિગતોની ખબર હોય નહીં. બીજું, એક કલાકની સમય મર્યાદાની અંદર દરેક ધારાસભ્યશ્રીને લાગે છે કે તેમનો પૂછાયેલો પ્રશ્ન ચર્ચામાં આવે, દરેક ધારાસભ્યશ્રીનો અધિકાર છે અને તેમનો એ પણ અભિગમ રહે કે મારો પૂછાયેલો પ્રશ્ન સભાગૃહમાં ચર્ચામાં આવે. આમ, વધુમાં વધુ સભ્યોના પ્રશ્નો ચર્ચામાં આવે અને વધારે સભ્યો પ્રશ્નો પૂછી શકે તે માટે મારો આ નિર્ણય સભાગૃહના લાભાર્થે નીવડયો છે . જે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે તેનો પ્રશ્ન ચર્ચામાં કેવી રીતે આવે તે જોવાની મારી જવાબદારી રહે છે, એટલા માટે સભ્યશ્રીના પ્રશ્ન પૂછવાના અધિકારને રક્ષણ આપવું એ પણ મારી જવાબદારી છે. એટલા માટે ધારાસભ્યોના હકક પર હું તરાપ મૂકવા માગતો નથી પરંતુ જિલ્લાના પ્રશ્ન પર જે તે જિલ્લાના ધારાસભ્યોને પૂરક પ્રશ્ન પૂછવામાં અગ્રતા આપવામાં આવે તે પ્રથા યોગ્ય છે."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૭ : ૨૦૦૮)

**પ્રશ્નો :**

## ૪૬. પ્રશ્ન પૂછવાના અધિકારની ટીકા– ટિપ્પણ

### પ્રશ્નો પૂછવા બાબતના ઈરાદાની ટીકા–ટિપ્પણ થઈ શકે નહિ

મંગળવાર, તા ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેતા સભ્યશ્રી મણીભાઈ પટેલે પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું કે ખેડૂતોના કલ્યાણ અર્થે જમીન ચકાસણી કરીને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગેનો પ્રશ્ન આજની પ્રશ્નોત્તરીની પુસ્તિકામાં ૩૩ સભ્યશ્રીઓ દ્વારા પૂછવામાં આવેલ છે.

ઉકત વિષય બાબતમાં પાણી પુરવઠા મંત્રીશ્રી નીતીનભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે સભ્યશ્રીનો પ્રશ્ન માનનીય અધ્યક્ષશ્રીએ કેવા ઈરાદાથી દાખલ કર્યો છે તે અંગે કોઈ ટીકા– ટિપ્પણ થઈ શકે નહિ.

ઉકત બાબતે માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ મંત્રીશ્રી નીતીનભાઈ પટેલના મુદ્દાને ગ્રાહય રાખી નિર્ણય આપતાં જણાવ્યું કે "૩૩ સભ્યશ્રીઓએ એકનો એક પ્રશ્ન પૂછયો છે તે તેમનો અધિકાર છે. પ્રશ્ન કેવા હેતુસર પૂછવામાં

આવ્યો છે તે અંગેની ટીકા કરવી એ ગૃહના અવમાન બરાબર છે તેથી સભ્યશ્રીઓના પ્રશ્ન પૂછવાના અધિકારની ટીકા–ટિપ્પણ કરવી યોગ્ય નથી".

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૦ : ૨૦૦૯)

**પ્રશ્નો:**

## ૪૭. લેખિત રજૂઆત

તા ૪થી માર્ચ, ૨૦૧૦ના રોજ તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ–૧૧૬)ની ચર્ચા પૂરી થયા બાદ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે અધ્યક્ષશ્રીના નિર્ણયો (૧૯૬૦–૮૪)ના નિર્ણય ક્રમાંક–૩૪૮નો ઉલ્લેખ કરી પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પાણી પૂરવઠા મંત્રીશ્રીએ માહિતી આપ્યા બાદ તેમના પક્ષના બંને સભ્યો પાસેથી વધારાની માહિતી અંગે લેખિત રજૂઆત કરવાની માગણી કરતા હતા તે બિનજરૂરી છે. પોતાના મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા સભ્યશ્રીએ જયારે ગૃહમાં રજૂઆત કરી હોય ત્યારે તેમની પાસેથી લેખિત રજૂઆતની માગણી જરૂરી નથી.

ઉકત બાબતે માન. આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે નિર્ણય ક્રમાંક–૩૪૮ કયા સંદર્ભમાં હતો તેનો ઉલ્લેખ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ નિર્ણય આપ્યો કે સભ્યશ્રી પાસેથી લેખિત રજૂઆતની માગણીનો ભાવ સમજીએ તો પાણીના પ્રશ્ન ઉપરની ફરિયાદ વિલંબીત રહે એ યોગ્ય નથી. આદિવાસી વિસ્તારના એક તાલુકાના ૧૦૦ ગામડાઓમાં મોટા કે નાના તળાવો ઉંડા કરવાના હોય અને તેમાં જે ગામમાં અગ્રતાથી કામ કરાવવા સભ્યશ્રી માંગતા હોય તેના નામ લેખિતમાં જણાવે તેવો મંત્રીશ્રીનો હેતુ હતો. મંત્રીશ્રીએ ફરિયાદ લેખિતમાં માગી નથી. તેથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ટાંકેલ નિર્ણય આ બાબત સાથે સુસંગત નથી એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડર ગ્રાહય રાખ્યો ન હતો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૯ : ૨૦૧૦)

# વિધેયકો :

## ૪૮. દાખલપાત્રતા–

### વટહુકમનું સ્થાન લેતાં વિધેયકની દાખલપાત્રતા

તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંકઃ ૧–સન ૨૦૦૮નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કરવાના તબકકે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે, વટહુકમનું સ્થાન લેતાં વિધેયકની નકલો ગઈકાલે એટલેકે તા.૧૭/૧/૨૦૦૮ના રોજ સભ્યોને મળી છે સભ્યોને વિધેયકની જોગવાઈઓનો અભ્યાસ કરવા પણ સમય મળ્યો નથી. નિયમાનુસાર ઓછામાં ઓછા ચાર દિવસ પહેલાં વિધેયકની નકલો સભ્યોને મળવી જોઈએ. આ કિસ્સામાં નકલો ગઈ કાલે મળી હોવાથી વિધેયકને આ તબકકે

દાખલ કરી શકાય નહીં અને તેની વિચારણા પણ હાથ ધરી શકાય નહીં. આ બાબતે માન.સંસદીય બાબતોના મંત્રીશ્રી અમીત શાહનું મંતવ્ય જાણ્યા બાદ માન.અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો.

"વટહુકમને રીપ્લેસ કરતું આ વિધેયક છે બંધારણની કલમ ૨૧૩ અનુસાર વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય ત્યારે તાત્કાલિક કાયદો કરવા જરૂરી હોય તેવા સંજોગો ઉભા થાય ત્યારે રાજયપાલશ્રીને વટહુકમથી કાયદો કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે મુજબ ગુજરાત સહકારી મંડળી અધિનિયમમાં સુધારા કરવા અંગેનો વટહુકમ બહાર પાડવામાં આવેલ હતો.

આ વટહુકમથી કરેલ સુધારાને જો મંજૂર રાખવો હોય તો વિધાનસભા ગૃહમાં વિધેયક લાવવું પડે અને તેને લાવવા માટેના ઉદ્દેશો અને કારણો જો જોવામાં આવે તો વૈદ્યનાથન સમિતિના અહેવાલની ભલામણ મુજબ સહકારી સંસ્થાઓની ખોટ ભરપાઈ કરી આપવા માટે ખાસ પેકેજનો લાભ આપવાના હેતુથી આ વિધેયક લાવવામાં આવેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૭(ક)ના પરંતુક હેઠળ વિધેયક ગૃહમાં દાખલ કરવા બાબતનો કોઈ પ્રસ્તાવ કરવામાં આવ્યો ન હોય તો પણ અધ્યક્ષ વિધેયકને દાખલ કરતા અગાઉ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાની અનુમતિ આપી શકે છે. અધ્યક્ષ જયારે નિયમ–૧૨૭(ક) ના પરંતુક હેઠળ આવી પરવાનગી આપે છે ત્યારે ગૃહમાં વિધેયકને દાખલ કરવાની માત્ર ઔપચારિકતા કરવાની રહે છે આ તબકકે વિધેયક દ્વારા કાયદો ઘડવાની ગૃહની સક્ષમતા સિવાયનો કોઈ વાંધો લઈ શકાતો નથી. પૂર્વ પ્રસિધ્ધિ અંગે સહકાર મંત્રીશ્રીની વિનંતી તત્કાલિન અધ્યક્ષ દ્વારા ગ્રાહય રાખવામાં આવી હતી આ ઉપરાંત નિયમ–૧૩૦(૧) મુજબ વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવને વહેલા લાવવાની પણ તત્કાલિન અધ્યક્ષે પરવાનગી આપી હતી ભૂતકાળમાં પણ ઓછા દિવસોની સૂચનાથી પહેલા વાંચનના પ્રસ્તાવો અધ્યક્ષની પરવાનગીથી લાવવામાં આવ્યા છે તે જોતાં આ વિધેયકના સંદર્ભમાં વિધાનસભાના નિયમોની જોગવાઈઓ મુજબ જરૂરી મંજૂરી આપવામાં આવી છે ત્યારે માન. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૨ : ૨૦૦૮)

**વિધેયકો :**

**૪૯. પ્રિન્ટીગ ભૂલ –**

**વિધેયક લાવવામાં આવે ત્યારે પહેલાં તેને બરાબર ચકાસી લેવું જોઈએ અને પછી લાવવું જોઈએ.**

તા. ૨–૩–૨૦૧૦ના રોજ મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૦ના પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યા બાદ વિધેયકમાં રહી ગયેલ "OF" ના બદલે "OR" જેવી કેટલીક ટાઈપોગ્રાફીક ભૂલો તરફ ગૃહનું ધ્યાન દોરી તે સુધારવા વિનંતી કરતાં વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તે બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે આ ટાઈપોગ્રાફીક ભૂલ નથી "OF" શબ્દનો "OR" થાય એટલે અર્થ બદલાઈ જાય વળી વિધેયકની બાબતમાં errata મૂકવાનો ચોકકસ સમય હોય છે, જે પસાર થઈ ગયો છે. તેથી ભવિષ્યમાં આ બાબતમાં સરકારે કાળજી રાખવા તેમજ આવા પ્રકારની છાપકામની ભૂલો ન થાય તે ઈચ્છનીય છે તેમ જણાવી માન. અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું

ઉકત બાબતે મુખ્ય દંડકશ્રી પ્રદીપસિંહ જાડેજાનું મંતવ્ય જાણ્યા બાદ માન. અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ માન. વિરોધપક્ષના નેતાશ્રીનો મુદ્દો ગ્રાહય રાખી નિર્ણય આપતા જણાવ્યું કે

"વિધેયક ગૃહમાં રજૂ કરતાં પહેલાં બરાબર જોઈ લેવું જોઈએ. 'OF' શબ્દને બદલે 'OR' શબ્દ દાખલ કરવાથી ઘણીવાર અર્થ બદલાઈ જતો હોય છે અને તેને કારણે અર્થઘટન પણ બદલાઈ જાય છે. ભવિષ્યમાં આવી ભૂલોનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવી જોઈએ"

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૯ : ૨૦૧૦)

**વિધેયકો**

**૫૦. પ્રભારી સભ્ય :**

**બિન સરકારી વિધેયકના પ્રભારી સભ્ય ગૃહના સભ્ય ન હોવા બાબત.**

તા.૧૫–૩–૨૦૧૨ના રોજ બિન સરકારી વિધેયક પરની ચર્ચા હાથ ધરવાના તબકકે માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૪૦(ક) ટાંકી જણાવ્યું કે વિધેયક ક્રમાંક–૫ જે તે વખતે આ ગૃહના સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ૨૦૦૮માં દાખલ કર્યુ હતું, ત્યાર પછી તેઓશ્રી સંસદમાં ચૂંટાઈ ગયા બાદ અત્રે રાજીનામું આપેલ હોવાથી આ ગૃહના સભ્ય પણ રહયા નથી. આ બીલના પ્રભારી સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયા છે જયારે માનનીય અર્જુનભાઈ આ બિલના પ્રભારી સભ્ય નથી છતાં પણ આ વિધેયકના પહેલા, બીજા અને ત્રીજા વાંચનના પ્રસ્તાવના પ્રભારી સભ્ય તરીકે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાનું નામ દર્શાવેલ છે. પ્રભારી સભ્યશ્રી ગૃહના સભ્યશ્રી નથી ત્યારે આ વિધેયક સંબંધમાં ગૃહના અન્ય સભ્યને અનુગામી પ્રસ્તાવ રજૂ કરવા અધિકૃત કરી શકાય કે કેમ? તે અંગે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી તથા સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલે પોતાના મંતવ્યો વ્યકત કર્યા. આ મંતવ્યો ધ્યાને લીધા બાદ અધ્યક્ષશ્રી (સભાપતિ)એ નિર્ણય આપતાં જણાવ્યું કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૪૦(ક) સ્પષ્ટ છે. સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાના નામે ગૃહમાં વિધેયક દાખલ થઈ ગયું હોવાથી બંધારણની કલમ–૧૯૬(૩) હેઠળ આ વિધેયક સભાગૃહની પ્રોપર્ટી બને છે. સભ્યશ્રી બાવળીયા આ ગૃહના સભ્ય તરીકે મટી ગયા હોવા છતાં પણ તેમના નામે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૪૦(ક)ની જોગવાઈ મુજબ આ વિધેયક ચાલુ રહે છે. માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ આ જ વિષયના વિધેયકની વસ્તુતઃ સમાન સૂચના વિધાનસભા સચિવાલયને આપી હતી. વિધાનસભાના નિયમોની જોગવાઈ અનુસાર આ જ વિષય અંગેનું સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાનું વિધેયક ગૃહ સમક્ષ પડતર હોવાથી, સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાની સૂચના દાખલ કરવામાં આવી ન હતી. પરંતુ ત્યાર બાદ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢ વાડીયાએ આ વિધેયક સંબંધી પ્રથમ વાંચનનો પ્રસ્તાવ રજૂ કરવા માનનીય અધ્યક્ષશ્રીની અનુમતિ માંગી હતી, જેને માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૧૪૦(ક) હેઠળ આપી હતી. આમ બંધારણની જોગવાઈ હેઠળ વિધેયક ગૃહમાં દાખલ થઈ

ગયું હોવાથી તે વિધાનસભા સમક્ષ પડતર છે. વિધેયકના પ્રભારી સભ્ય ગૃહના સભ્ય નહિ હોવા છતાં પણ વિધેયક ગૃહ સમક્ષ પડતર હોવાથી સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાને માનનીય અધ્યક્ષશ્રીએ પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કરવા આપેલ અનુમતિ નિયમ–૧૪૦(ક)ની જોગવાઈ સાથે સુસંગત હોવાથી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો માનનીય અધ્યક્ષશ્રી (સભાપતિ)એ અસ્વીકાર કર્યો હતો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક– ૧૬૬ : ૨૦૧૨)

**વિધેયકો :**

**૫૧. પુનઃ વિચારણા માટે પરત કરેલ વિધેયક પાછું ખેચવું**

**નામદાર રાજયપાલશ્રીએ પુનઃ વિચારણા માટે પરત કરેલ વિધેયક કોઈપણ તબકકે પાછું ખેંચી શકાય.**

તા.૧૦મી માર્ચ, ૨૦૦૮ના રોજ સન ૨૦૦૬ના વિધેયક ક્રમાકં :૩૦, સન ૨૦૦૬ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક પર પુનઃ વિચારણા કરવા માટે નામદાર રાજયપાલશ્રીના સંદેશાની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કર્યા બાદ સંસદીય બાબતોના (રા.ક) મંત્રીશ્રી અમીતભાઈ શાહ આ વિધેયકને પાછું ખેંચવા માટેનો પ્રસ્તાવ રજૂ કરવા ઉભા થયા ત્યારે વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૪૭ અને ૧૪૮ તથા કૌલ અને શકધરના પુસ્તક પ્રેકટીસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટના પાના નં.૫૮૫ પરની વિગતો ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે, આપણી પાસે જે કામ આવ્યું છે તે ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં પ્રથમ વખત આવ્યું છે. આ બિલના બધા તબકકા પૂરા થયેલા છે અને તે નામદાર રાજયપાલશ્રી પાસેથી સંદેશા સાથે પરત આવેલ છે અને હવે આ નવી વિધાનસભા તેને પાછું ખેંચવાની પરવાનગી આપશે. તેમણે વધુમાં કૌલ અને શકધરના પુસ્તકના પાના નં. ૫૮૪ પરની વિગત તરફ ધ્યાન દોરીને જણાવ્યું કે બિલ પાછું ખેંચવાનું હોય ત્યારે પાછું ખેંચવા માટેનાં કારણો દર્શાવતું નિવેદન સંબધિત મંત્રીશ્રીએ સભ્યશ્રીઓને અગાઉથી પૂરું પાડવું જોઈએ, જે પુરું પાડવામાં આવેલ નથી. વળી, વિધેયક પાછું ખેંચવા માટેની દરખાસ્તનો વિરોધ કરવામાં આવે ત્યારે વિધેયક પાછું ખેંચવાની દરખાસ્ત કરનારને તથા તેનો વિરોધ કરનારને માનનીય અધ્યક્ષશ્રી તેમને યોગ્ય લાગે તો ટૂંકું નિવેદન કરવાની પરવાનગી આપે છે. હું આ દરખાસ્તનો વિરોધ કરું છું, તેથી ચર્ચાને અવકાશ છે.

ઉકત બાબતે સંસદીય બાબતોના (રા.ક) મંત્રીશ્રી અમીતભાઈ શાહ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ તથા વિરોધપક્ષના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનાં મંતવ્યો જાણ્યા બાદ માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ) એ નીચે મુજબ નિર્ણય આપ્યોઃ–

"નામદાર રાજયપાલશ્રીએ પુનઃ વિચારણા માટે પરત મોકલાવેલ વિધેયક પાછું ખેંચાયું હોય એવી કોઈ ઘટના અગાઉ બની નથી. અગાઉના પ્રસંગોએ ગૃહે નામદાર રાજયપાલશ્રીએ સૂચવેલ સુધારોઓ સાથે વિધેયકોને પુનઃ પસાર કર્યા છે. વિધેયક પુનઃ વિચારણાના તબકકે હોય અને પાછું ખેંચવા માટે મંત્રીશ્રી દ્વારા પ્રસ્તાવની સૂચના આપવામાં આવી હોય તેવી આ પહેલી ઘટના છે. કૌલ અને શકધરનું પુસ્તક પ્રેકટીસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટ જુદી જુદી સંસદીય પરંપરાઓને માર્ગદર્શન અને દિશા આપતું પુસ્તક છે જેને આપણે માન આપવું જોઈએ પરંતુ તેના કરતાં આપણે આપણા નિયમોનું પાલન કરવું વધારે અગત્યનું છે. બંધારણ આપણા માટે મહત્વનું છે એના પરની કોમેન્ટ્સ નહીં. આ બધું ધ્યાને

લઈને હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૪૮ના આધારે આ નિર્ણય કરું છું, જે આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓ માટે બંધનકર્તા છે. નિયમ–૧૪૮ (૧) પ્રમાણે વિધેયક કોઈપણ તબકકે પાછું ખેંચી શકાય છે. વિધેયકની પુનઃ વિચારણા પણ તેને પસાર કરવાની પ્રક્રિયાનો એક તબકકો છે **આ ઉપરાંત નિયમ–૧૪૮(૨) મુજબ વિધેયક પાછુ ખેંચવાની અનુમતિ માગતા પ્રસ્તાવ પર ચર્ચા થઈ શકે નહીં.** આ સંજોગોમાં હું માનનીય મંત્રીશ્રીને વિધેયક પાછું ખેંચવાની અનુમતિ માગતો પ્રસ્તાવ રજૂ કરવાની મંજૂરી આપું છું. "

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૪ : ૨૦૦૮)

**વિધેયકો :**

**૫૨. વિધાનસભાની કાયદો ઘડવાની સક્ષમતા –**

**(૧) ગૃહની કાયદો ઘડવાની સક્ષમતાના મુદ્દે કોઈ વિધેયકને દાખલ થતું કે તેની વિચારણા કરતું અટકાવી શકાય નહીં.**

**(૨) વિધેયકને દાખલ થતું કે તેની વિચારણા કરતું અટકાવવા અંગે અધ્યક્ષ કોઈ નિર્ણય કરતા નથી.**

સન ૨૦૦૯ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક તા ૨–૭–૦૯ના રોજ સભાગૃહમાં રજૂ કરવા માટે માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરા ઉભા થયા ત્યારે વિરોધપક્ષના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે આ વિધેયકની બાબત બંધારણની સમવર્તી યાદીની હોવાથી સંસદ ધ્વારા ઘડેલા યુ.જી.સી.ના કાયદા હેઠળ યુનિવર્સિટીને માન્યતા આપવાની સત્તા છે. સૂચિત વિધેયકની કેટલીક જોગવાઈઓ સંસદે ઘડેલા કાયદાથી વિસંગત હોઈ તેમજ કેટલીક જોગવાઈઓ ગૃહના અધિકારો કારોબારી તંત્રને સોંપવાને લગતી હોઈ વિધેયક ગેરબંધારણીય છે અને આ ગૃહ આવો કાયદો ઘડી શકે નહીં.

ઉકત મુદ્દા સંબંધે માન. વિરોધપક્ષના નેતા અને સંસદીય બાબતોના મંત્રીશ્રીના મંતવ્યો સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ વિધાનસભાના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૮૫ થી ૨૦૦૨)ના પાના નં. ૯૭ પર જણાવેલ નિર્ણય ક્રમાંકઃ ૮૫ ટાંકીને જણાવ્યું કે પ્રણાલિકા મુજબ વિધેયક પસાર કરવા વિધાનસભા સક્ષમ છે કે કેમ તેવા મુદ્દા અંગે અધ્યક્ષ નિર્ણય કરતા નથી. સુસ્થાપિત થયેલ સંસદીય પરંપરા અને કાર્યરીતિ અનુસાર ગૃહની કાયદો ઘડવાની સક્ષમતાના મુદ્દે કોઈ વિધેયકને દાખલ થતું કે તેની વિચારણા કરતું અટકાવવા અંગે અધ્યક્ષ કોઈ નિર્ણય કરતા નથી. સંસદમાં પણ આ મુદ્દે અધ્યક્ષ કોઈ નિર્ણય કરતા નથી. તેથી સભ્યશ્રી અર્જુનભાઈએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરું છું.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૨ : ૨૦૦૯)

**વિધેયકો :**

**૫૩. વિનિયોગ વિધેયક પર ચર્ચા માટે મુદ્દા આપનાર સભ્યોની ગેરહાજરી**

**પૂરક વિનયોગ વિધેયક પરની ચર્ચા દરમિયાન મુદ્દા આપનાર પ્રભારી સભ્યશ્રીઓએ ગૃહમાં હાજર રહેવું જોઈએ.**

તા.૧૦મી માર્ચ ૨૦૦૮ના રોજ પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા શરૂ થતાં મુદ્દા ઉપસ્થિત કરનારા સભ્યશ્રીઓ પૈકી કેટલાંક સભ્યશ્રીઓ તેમના મુદ્દા ઉપસ્થિત કરી મુદ્દાઓની ચર્ચા શરૂ થતાં જ ગૃહની બહાર નીકળી જતાં માન. અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ અવલોકન કરી જણાવ્યું કે :–

વિનિયોગ વિધેયકની ચર્ચામાં મુદ્દા આપનાર પ્રભારી સભ્યશ્રીઓએ તેમના મુદ્દાની રજૂઆત કરીને જેવી ચર્ચાની શરૂઆત થઈ કે તરત જ તેઓ બહાર જતાં રહયાં છે. બહાર જવાનો તેમનો અધિકાર છે પરંતુ પોતે મુદ્દો ઉપસ્થિત કર્યો હોય એની ચર્ચા થવાની હોય અને એ ચર્ચા વખતે બહાર જાય એ યોગ્ય નથી. તેવી જ રીતે પ્રશ્નોત્તરી સમય દરમિયાન પણ કેટલાંક સભ્યશ્રીઓ તેઓએ પોતે પૂછેલ પ્રશ્નનો નંબર આવવાનો થાય ત્યારે તેઓ ગૃહમાંથી બહાર જતાં રહે છે અને જેવો પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય કે તરત જ તેઓ ગૃહમાં પાછા આવી જતાં હોય છે. ગૃહની બહાર જવાનો તેમનો અધિકાર છે. કોઈ અગત્યની જરૂરિયાત હોય, ગૃહ કરતાં પણ બહાર વધારે અગત્યનું કામ હોય અને સભ્યશ્રી ગેરહાજર રહે એ બનવાજોગ છે. પરંતુ આ પ્રકારનો વ્યવહાર યોગ્ય નથી. તેથી હું આશા રાખું છું કે ગૃહની અંદર ચિંતનવાળા સભ્યશ્રીઓ છે અને તેઓનું યોગદાન વધે તે હેતુથી વિનિયોગ વિધેયકના મુદ્દાની કે પ્રશ્નોની રજૂઆત થાય અને એની ચર્ચા થવાની હોય તે સમયે બહાર જવું એ યોગ્ય નથી એવું મારું સ્પષ્ટ માનવું છે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૪ : ૨૦૦૮)

**વિધેયકો :**

**૫૪. સુધારા –**

**(૧) જૂના અધિનિયમો રદ કરતા વિધેયક પર માત્ર નકારાત્મક સુધારા આવી શકે જે નિયમ બાહય છે.**

**(૨) રદ કરતાં વિધેયક સાથેની અનસૂચિમાં દર્શાવેલ અધિનિયમો પર કોઈ સુધારા સુચવી શકાય નહિ તેમજ રદ થતાં અધિનિયમો પૂરવણી રૂપે છાપી શકાય નહિ.**

તા ૧લી જુલાઈ, ૨૦૦૯ના રોજ મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક : ૧૦ સન ૨૦૦૯નું ગુજરાત અધિનિયમો રદ કરવા બાબતના વિધેયક ૨૦૦૯ને માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી દાખલ કરી રહયાં હતાં તે તબકકે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, વિધેયક સાથેની અનુસૂચિમાં દર્શાવેલ કાયદાઓ પૂરવણી રૂપે વિધેયક સાથે છાપવામાં આવ્યાં નથી. જેથી સભ્યોને અભ્યાસ કરવાની તથા સુધારા સૂચવવાની તક મળી નથી. લો કમિશનના અહેવાલની નકલો પણ મારી રજૂઆત બાદ ગ્રંથાલયમાં રાખી છે. ગ્રંથાલયમાં રાખેલ કાયદાઓ પણ અદ્યતન નથી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સભ્યશ્રીઓને સુધારાનો અધિકાર હોય ત્યારે મૂળ અધિનિયમની નકલ ન મળે, લો કમિશનના અહેવાલની નકલ આપવામાં ન આવે તો સભ્યશ્રીઓ તેમાં પૂરતી રીતે participate થઈ શકે નહીં તેથી જયાં સુધી આ પ્રકારનું સાહિત્ય પૂરું પાડવામાં ન આવે

અને સુધારા આપવા પૂરતો સમય ન આપવામાં આવે ત્યાં સુધી વિધેયક દાખલ કરવાનું તથા તેની ચર્ચા મુલતવી રાખવામાં આવે.

ઉકત બાબતે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, સંસદીય બાબતોના મંત્રીશ્રી અમીતભાઈ શાહ તથા આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસના મંતવ્યો સાંભળ્યા બાદ માન. અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો હતોઃ–

સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંકઃ૧૦, સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબતના વિધેયકના ઉદ્દેશો અને કારણોની યાદીમાં દર્શાવેલ રાજય કાયદા પંચના બીજા અહેવાલની પાંચ નકલો સભ્યશ્રીઓના ઉપયોગ માટે ગ્રંથાલયમાં રાખવામાં આવી છે તેવી જાણ સભ્યશ્રીઓને તા. ૨૬–૬–૨૦૦૯ના પત્રક ભાગ–૨થી અગાઉ કરવામાં આવી હતી, અધ્યક્ષશ્રીના આદેશો તથા જે નિર્ણયો છે તે પ્રમાણે વિધાનસભા સચિવાલયે કાર્યવાહી કરી જ છે. હવે બીજો પ્રશ્ન સુધારા સંબંધે છે. આપણી સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિમાં જઈએ તો સુધારા મૂકવા માટે જો મૂળ વિધેયક હોય તો તેની મર્યાદામાં સુધારા આવી શકે, જો સુધારા વિધેયક હોય તો તેના ઉપરના સુધારા મૂળ અધિનિયમની જે કલમો સુધારવાનો વિધેયકમાં નિર્દેશ હોય તેની ક્ષેત્ર મર્યાદામાં હોવા જોઈએ. જયારે રદ કરતાં વિધેયકની ક્ષેત્ર મર્યાદા ખૂબ જ સીમિત હોવાથી તેના ઉપર માત્ર નકારાત્મક સુધારા જ આવી શકે. સુસ્થાપિત સંસદીય પરંપરા અને કાર્યરીતિ અનુસાર કોઈપણ સુધારો નકારાત્મક હોય અથવા નકારાત્મક અસરમાં પરિણમતો હોય તો તે દાખલ થઈ શકે નહીં. **<u>સંસદીય કાર્યરીતિના નિયમો હેઠળ નકારાત્મક સુધારા દાખલ થઈ શકે નહીં</u>**. રદ કરતાં વિધેયકની ક્ષેત્રમર્યાદા ખૂબજ મર્યાદિત હોવાથી તેના પર સુધારા આપવાનો અવકાશ રહેતો નથી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ – ૧૩૯(૨) મુજબ વિધેયક પરના સુધારાને નિયમ–૯૭ની જોગવાઈઓ લાગુ પડે છે. નિયમ–૯૭(૨) અને (૩) મુજબ મૂળ વિધેયકની ક્ષેત્રમર્યાદા બહાર તથા નકારાત્મક સુધારા દાખલ થઈ શકે નહીં. સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓ પુસ્તક ભાગ–૨ના પાના નં. ૫૩૨ પર જણાવ્યા મુજબ નકારાત્મક સુધારા નિયમ બાહય છે. તેવા કિસ્સાઓમાં યોગ્ય માર્ગ એ છે કે આ કલમની વિરુદ્ધ મતદાન કરવું. જે સુધારો કલમના જે શબ્દો રદ કરવાથી કલમ રદ થાય તેવી અસરમાં પરિણમતો હોય તેવા શબ્દો રદ કરવાનું સૂચવતો સુધારો પણ નિયમ બાહય છે. એટલે હવે આ પ્રણાલિકાને આધારે હું એમ કહું છું કે સભ્યશ્રી અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે યોગ્ય નથી. આ ઉપરાંત રદ કરતાં વિધેયક સાથેની અનુસૂચિમાં દર્શાવેલ અધિનિયમોને પૂરવણી રૂપે વિધેયક સાથે છાપી શકાય નહીં. આ સંજોગોમાં હું સભ્યશ્રી અર્જુનભાઈએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરું છું અને માનનીય મંત્રીશ્રીને તેમનું બિલ લાવવા માટેની અનુમતિ આપું છું.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૨ : ૨૦૦૯)

## વિશેષાધિકાર ભંગ :

### ૫૫. મોક વિધાનસભા –

**' મોક એસેમ્બલી ' – સમાંતર વિધાનસભાથી સભાગૃહના ગૌરવને હાની પહોંચે છે**

તા.૧૪મી જુલાઈ, ૨૦૦૯ના રોજ વિરોધપક્ષના સભ્યોએ વિધાનસભાના મકાનમાં ચોથા માળે 'મોક એસેમ્બલી' નું આયોજન કર્યુ હતું. આમ અધ્યક્ષશ્રીના અધિકારવાળા પરિસરમાં જ થયેલ સમાંતર વિધાનસભાના આયોજન સંબંધમાં વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી (રાજયકક્ષા)એ તે જ દિવસે ઔચિત્યભંગ અને વિશેષાધિકારનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં માનનીય અધ્યક્ષ(શ્રી અશોક ભટ્ટ)એ ઉકત બાબતે નીચે મુજબનો નિર્ણય આપ્યો હતો :–

સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે સમાંતર વિધાનસભા અથવા તો મોક વિધાનસભાનું આયોજન આ જ પરિસરની અંદર થયું છે તે અંગે ઔચિત્યભંગ અને વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે. અગાઉના વર્ષની અંદર પણ આ જ પ્રકારનો મુદ્દો જયારે ઉપસ્થિત થયો હતો. તા.૧૪/૯/૨૦૦૫ના રોજ આઠમા સત્રના છેલ્લા દિવસે વિરોધ પક્ષના સભ્યો તરફથી "ઝીરો" અવર્સની ચર્ચાની માગણી કરવામાં આવી હતી તેનો અધ્યક્ષશ્રીએ અસ્વીકાર કર્યો હતો અને એ માગણીનો અસ્વીકાર થતાં સમાંતર વિધાનસભા બીજે માળે મળી હતી ત્યારે તેને તત્કાલિન અધ્યક્ષશ્રીએ એટલી જ ગંભીરતાથી લીધી હતી. એના બે કારણ છેઃ એક તો આપણે સૌ આ પક્ષના હોઈએ કે પેલા પક્ષના હોઈએ, પણ લોકપ્રતિનિધિ જ છીએ અને આપણે સૌએ લોકશાહીના ગૌરવને જાળવવાનું છે અને લોકશાહીના ગૌરવને જાળવવું હોય તો મારે ફરીથી આદરણીય સોનિયા ગાંધીજીએ કહેલ શબ્દોને યાદ દેવડાવવા પડે છે. એમણે સંસદ અને રાજય વિધાન મંડળોમાં શિસ્ત અને ગરીમા જાળવવા ઉપર મળેલ અખિલ ભારતીય પરિષદમાં ભાગ લેતાં કહયું હતું કે "Democracy is the single most important achievement of independence in India. India - a political miracle. We are among few countries who have translated independence in our country into the freedom for our people. Parliament is the symbol of mircale, Parliament is the ultimate guarantor of continuation and the strengthening of our democracy. આ જો વાત કરીએ તો આપણે લોકશાહીને સૌથી વધારે ગૌરવ સાથે સ્વીકારીને વર્તવું જોઈએ. બહુ ઓછા દેશ એવા છે કે જેમાં લોકશાહી ટકી છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી એ ભારતની છે. ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે દુનિયામાં લોકશાહીની શરૂઆત ગુજરાતથી થઈ હતી. વળી ગુજરાત માટે ગૌરવ એ છે કે સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ પટેલ અને સ્વર્ગસ્થ દાદા સાહેબ માવલંકર દેશની સંસદીય લોકશાહીના પિતામહ જેવા હતા, જે ગુજરાતના હતા તથા આપણા માટે આદરણીય વ્યકિત હતા એટલે ગુજરાતના લોકપ્રતિનિધિ માટે આજીવન એક સંકલ્પ રહેશે કે લોકશાહીની સંસ્થાને જાણ્યે અજાણ્યે પણ કયાંય ખંડિત ન કરીએ. એની શોભા, આભા, એનું ગૌરવ જાળવીએ અને એ સંસ્થા એ આપણું વિધાનસભા ગૃહ છે. એ વિધાનસભા ગૃહમાં મતમતાંતર હોઈ શકે, ચર્ચા અપાય કે ન અપાય એના માટેનો મત હોઈ શકે. એ મતના કારણે આપણે આપણા મતોને રજૂ કરવાની અંદર જો મર્યાદા નહીં રાખીએ તો મને ચોકકસ લાગે છે કે આપણે કયાંક ચૂકી રહયાં છીએ, એટલે ગઈ વખતે જયારે આ જ પ્રશ્ન તા.૧૪/૯/૨૦૦૫ ના રોજ ઉપસ્થિત થયો ત્યારે એ સમગ્ર પ્રશ્ન વિશેષાધિકાર સમિતિને સોંપ્યો હતો. આ અગાઉના નિર્ણયમાં પણ જયારે સમાંતર વિધાનસભા ટાઉનહોલની અંદર મળી હતી, ત્યારે આ બાબતમાં પણ તત્કાલિન અધ્યક્ષશ્રીએ નિયમ–૨૬૩ અન્વયે વિશેષાધિકાર સમિતિને તપાસ અને અહેવાલ માટે સોંપ્યો હતો. ફરીથી હું એ જ નિયમ નીચે સંસદીય બાબતના મંત્રીશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તેને વિશેષાધિકાર ભંગનો મુદ્દો ગણીને વિશેષાધિકાર સમિતિને તપાસ અને અહેવાલ માટે

સોંપવાનો નિર્ણય કરું છું. વિશેષાધિકાર સમિતિને પણ અનુરોધ કરું છું કે બંને સમાંતર વિધાનસભાઓના મુદ્દાઓ એમની પાસે છે, તો તાત્કાલિક બેઠક બોલાવી તે અંગેનો નિર્ણય કરીને આ ગૃહમાં અહેવાલ રજૂ કરે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૪ : ૨૦૦૯)

## વિશેષાધિકાર ભંગ :

### ૫૬. મોક વિધાનસભા –

**વિધાનસભાને લોક નજરમાં નીચે દેખાડવાના આશયથી મોક વિધાનસભાનું આયોજન થવું જોઈએ નહીં.**

તા ૨૮મી જુલાઈ, ૨૦૦૯(બીજી બેઠક)ના રોજ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક : ૨૧, સન ૨૦૦૯નું બાળ વિશ્વ વિદ્યાલય વિધેયક પસાર થયા બાદ મુખ્ય દંડકશ્રી આર. સી. ફળદુએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે નામ. રાજયપાલશ્રીના આહ્વાન મુજબ તા.૨૯–૬–૦૯ના દિવસથી સરકારે જે કામ હાથ ધરવાનું હતું તે કામકાજ સલાહકાર સમિતિની ભલામણ પ્રમાણે વિધાનસભા ગૃહમાં ચાલતું હતુ અને માન. અધ્યક્ષશ્રી નિયમોની મર્યાદામાં રહીને સભાગૃહનું સંચાલન કરતા હતા પરંતુ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વેલમાં ધસી જઈને તોફાનો સાથે સૂત્રોચ્ચાર કરી સભાગૃહમાં કલ્પી ન શકાય તે પ્રકારના દ્રશ્યો સર્જતાં, અતિ તોફાન કરનારને નિયમ પ્રમાણે નેઈમ કરી સસ્પેન્ડ કરવામાં આવતાં, વિરોધપક્ષે ગુજરાતના જુદાજુદા શહેરોની અંદર મોક વિધાનસભાઓ યોજીને વિધાનસભાની ગરીમાને નુકશાન પહોંચાડેલ છે, જે ખૂબ કમનસીબ ઘટના છે, તે ગુજરાતને કયારેય શોભતું નથી. આ અતિ દુ:ખની વાત છે એમ જણાવી તેમણે માન. અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

ઉકત બાબતે શહેરી વિકાસ મંત્રીશ્રી નીતીન પટેલનું મંતવ્ય જાણ્યા બાદ તે મુદ્દો દૂરોગામી અસર પહોંચાડનાર તથા સંસદીય પ્રણાલિકાના સન્માનનો હોઈ તત્સમયે નિર્ણય આપવાનું મુલતવી રાખી, તા ૨૯–૭–૦૯ના રોજ માન. અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ તે બાબતે નિર્ણય આપતાં જણાવ્યું હતુ કે :–

"આ સભાગૃહના સભ્યો તરીકે આપણને લોક નજરે જે ગૌરવ અને સન્માન પ્રાપ્ત થયું છે તે ગૌરવને સાચવવાની લોક પ્રતિનિધિ તરીકે આપણી નૈતિક જવાબદારી બને છે. આપણે જે લોકશાહીના મંદિર સમી વિધાનસભાની મજાક, મશ્કરી, ઠેકડી ઉડાવીએ તે વિધાનસભાનું અવમાન છે અને સંસદીય લોકશાહી પરનો તે આતંક છે. એક લોક સેવક / લોક પ્રતિનિધિ તરીકે ગૃહની બહાર કે ગૃહની અંદરના આપણા વ્યવહારો–આચરણોમાં અસહિષ્ણુતા, અવિવેક, ક્રૂર કઠોરતા દાખવીએ તથા શિસ્ત અને શિષ્ટાચારની વિરૂધ્ધ વર્તીએ તો તે લોકશાસનની ભાવનાઓની વિરૂધ્ધ છે. એટલું જ નહીં, પણ લોકોમાં રહેલી લોકશાહી માટેની શ્રદ્ધા માટે ઘાતક છે તેમ હું દ્રઢપણે માનુ છું, તેથી વિપક્ષ દ્વારા મોક વિધાનસભાનું આયોજન કરીને, લોકશાહીની મજાક ઉડાવીને ગુજરાતની સંસદીય લોકશાહીની ગરીમાને ખંડીત કરી છે.

વિતેલા દિવસોની એ ઘટનાઓને યાદ કરતાં ગૃહમાં થયેલી ભાંગફોડો, અસંસદીય શબ્દોના સૂત્રોચ્ચારો, માઈકને તોડવા તથા વેલમાં ધસી આવવાની ઘટનાના દ્રશ્યોને આપણે પરંપરા ન બનાવવી જોઈએ એમ મારું માનવું છે. તેથી તા ૯ અને ૧૦ જુલાઈના રોજ વિપક્ષે ગૃહમાં સર્જેલા દેખાવો ગુજરાતની પ્રજા સમક્ષ માધ્યમો દ્વારા પ્રસારીત અને પ્રગટ થયા છે અને તેને રોકવા માટે અધ્યક્ષ તરીકે મારા માટે દંડનીય કાર્યવાહી અને સસ્પેન્શન સિવાય કોઈ બીજો રસ્તો ન

હતો. આ ગૃહે આ બંને દિવસોએ સસ્પેન્શનના નિર્ણયો લીધા હતા. તા ૯મીના રોજ સાત સભ્યોને, તે પૈકીના ત્રણ સભ્યોને માઈકો તોડવા માટે દંડનીય કાર્યવાહી ગૃહે કરીને પૂરા સત્ર માટે સસ્પેન્ડ કર્યા તથા તા ૧૦મી ના રોજ ૧૧ સભ્યોને ત્રણ દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા. આવો વ્યવહાર જેનાથી થયો હોય તેમણે ગૃહની ગરીમાને જાળવવાની ભાવનાને વ્યકત કરીને દિલગીરી વ્યકત કરવી જોઈએ અને આત્મદર્શન કરવું જોઈએ. મુખ્ય દંડકશ્રીએ ઉપસ્થિત કરેલા મુદ્દાનો વિચાર કરીને નિર્ણય પર આવતા પહેલાં લોકશાહીને અપમાનીત કરવાના ઘટનાક્રમ પર નજર નાખવી જરૂરી બને છે.

તા ૧૦મી જુલાઈ, ૨૦૦૯થી વિધાનસભાના પરિસરમાંથી શરૂ થયેલી મોક વિધાનસભાઓનો ઘટનાક્રમ તા ૨૮મી જુલાઈ, ૨૦૦૯ સુધી ચાલ્યો. આમ સતત ગુજરાતમાં જૂનાગઢ, રાજકોટ, પાટણ, મહેસાણા, વડોદરા, સુરત, અમદાવાદ અને ગાંધીનગરમાં મોક વિધાનસભાઓ યોજાઈ. હકીકતમાં આને મોક વિધાનસભા કહેવી યોગ્ય નથી પણ ગુજરાતમાં સંસદીય લોકશાહીની મજાક – મશ્કરી, ઠઠ્ઠા–ઠેકડીઓના શેરી નાટકો કહેવા જોઈએ અને તે પણ લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા. લોક પ્રતિનિધિઓ લોકશાહીની મજાક ઉડાવે એ ખૂબજ દુઃખદ છે અને તેથી આવી ઘટનાઓનો ભારતના લોકશાહીના ઈતિહાસમાં કયાંય જોટો મળે છે કે નહિ એ શોધવાનો મેં પ્રયત્ન કર્યો પણ કયાંય મને આવી ઘટનાઓના ઉદાહરણો મળ્યા નહિ. એટલે મને ભારે દુઃખ થયું છે કે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ અને દાદા સાહેબ માવલંકરના ગુજરાતમાં વિરોધપક્ષોએ આવી ઘટનાઓ દ્વારા લોકશાહીના ચીરહરણને સમર્થિત કરવા જે અસત્ય અને જૂઠાણાઓનો આશરો આ મોક વિધાનસભાઓ, અખબારી નિવેદનો, માધ્યમો મુલાકાતો ઉપરાંત દિલ્હીના રાજ દરબારમાં જઈને લીધો એ ખરેખર દુઃખદ છે  એટલે આ નિર્ણયમાં કેટલાંક સત્યોને આ ગૃહ  દ્વારા ગુજરાતની પ્રજા સમક્ષ મૂકવાનું મને ઉચિત લાગે છે.

**(૧)** ભૂતકાળમાં તા ૧૮–૨–૧૯૮૧ના રોજ મોક વિધાનસભાનું આયોજન તત્કાલિન વિરોધપક્ષના નેતાશ્રી દલસુખભાઈ પટેલ તથા પૂર્વ મંખ્યમંત્રી સ્વ. શ્રી ચીમનભાઈ પટેલ, હાલના કેન્દ્રીય મંત્રીશ્રી દિનશા પટેલ, સ્વ. મકરંદ દેસાઈ અને શ્રી અશોક ભટ્ટ દ્વારા થયું હતું ત્યારે તે મોક વિધાનસભામાં તત્કાલિન અધ્યક્ષ, મુખ્યમંત્રીશ્રી કે મંત્રીમંડળના સભ્યશ્રીઓના મોહરા પહેરવાના નાટકીય પ્રયોગો થયા ન હતા કે મોક વિધાનસભામાં જે પ્રવચનો થયા હતા તેમાં વિધાનસભા ગૃહની કાર્યવાહીની કયાંય ઠઠ્ઠા  મશ્કરી,  ઠેકડી, મજાક કે અપશબ્દોનું ઉચ્ચારણ થયું ન હતું. આ મોક વિધાનસભામાં વર્તમાન ગૃહના સભ્યો શ્રી મોહનસિંહ રાઠવા અને શ્રી બાબુભાઈ શાહે પણ ભાગ લીધો હતો. ભૂતકાળની મોક વિધાનસભાનું આયોજન ગુજરાત વિધાનસભાને લોકોની નજરમાં નીચે દેખાડવાના આશયથી થયું ન હતું અને તેનું આયોજન પણ માત્ર એક જ દિવસ માટે લોક શિક્ષણના હેતુથી થયું હતું. જયારે આજે જે રીતે આગળ જણાવેલ નગરો અને મહાનગરોમાં મોક વિધાનસભાનું આયોજન કરીને જે પ્રકારે ગુજરાત વિધાનસભાના મોભા અને દરજ્જાને હાનિ પહોંચાડી છે તે માત્ર વિધાનસભા ગૃહનું અવમાન નથી પરંતુ લોકશાહીની સર્વોચ્ચ સંસ્થાની પ્રતિષ્ઠા ઘટાડવા માટેના નિમ્ન પ્રયાસો છે તેમ હું માનું છું અને આ પ્રકારની પ્રવૃત્તિ જો નહિ રોકીએ તો મને લાગે છે કે લોક નજરમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટેની અને લોકશાહી માટેની જે શ્રદ્ધા છે એને ગંભીર ફટકો પડશે.

**(૨)** **<u>લઠ્ઠાકાંડની ચર્ચા કરવા દેતા નથી :</u>**

ગુજરાત વિધાનસભામાં મારી કાર્ય શૈલીની લક્ષ્મણરેખા બંધારણ તથા બંધારણની કલમ ૨૦૮ નીચે ઘડાયેલ ગુજરાત વિધાનસભાના નિયમો છે. આ લક્ષ્મણરેખા હું ઓળંગી શકુ નહીં. તા ૭મી ના રોજ શ્રી સિધ્ધાર્થભાઈ પટેલે મારી સમક્ષ ગૃહમાં શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાની માગણી કરી અને મેં તેમને તે દિવસે મુદ્દો ઉપસ્થિત કરવા દીધો. માનનીય ગૃહ રાજયમંત્રીશ્રી અમિતભાઈ શાહે બીજે દિવસે નિયમ–૪૪ નીચે નિવેદન કરીશ એવી તે દિવસે ગૃહમાં ખાતરી આપી.

તા ૮–૭–૨૦૦૯ના રોજ સવારે ૧૧–૫૫ મિનિટે મારી ચેમ્બરમાં શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સભામોકૂફીની દરખાસ્ત વિપક્ષના અન્ય સભ્યો સાથે આવીને રજૂ કરી ત્યારે મેં જણાવ્યું હતુ કે વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૮ મુજબ જે બેઠકમાં સભામોકૂફીનો પ્રસ્તાવ લાવવો હોય તે બેઠકના એક કલાક પહેલાં પ્રસ્તાવની સૂચના આપવી જોઈએ. નિયમની આ જોગવાઈની હું ઉપેક્ષા કરી ન શકું અને મારા અગાઉના કોઈપણ અધ્યક્ષશ્રીએ એકપણ દરખાસ્ત એક કલાકથી ઓછા સમયમાં આવી હોય અને તે દાખલ કરી હોય તેનું ઉદાહરણ નથી. તેથી મેં આ પ્રસ્તાવ માટે સભાગૃહની પરવાનગી માગવા માટે મંજૂરી ન આપી પરંતુ તે દિવસે માનનીય ગૃહ રાજયમંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમની ખાતરી મુજબ લઠ્ઠાકાંડ અંગે નિયમ–૪૪ નીચે નિવેદન કર્યું જે ગૃહના રેકર્ડ પર છે. લઠ્ઠાકાંડની ઘટના ખૂબજ ગંભીર હતી તેથી નિયમ–૪૪માં ચર્ચાને અવકાશ ન હોવા છતાં મેં ગૃહમાં વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને શ્રી સાબીરભાઈ ખેડાવાલાને ચર્ચા કરવા દીધી.

તા ૯–૭–૦૯ના રોજ સભ્ય ડાૅ. અનિલભાઈ જોષીયારાની સભામોકૂફીના પ્રસ્તાવની સૂચના ફરીથી આવતાં મેં પૂર્વ ઉદાહરણો અને નિયમોનો અભ્યાસ કરીને તેમાં નિર્ણય કર્યો અને સભામોકૂફીના પ્રસ્તાવની સૂચનાનો મુદ્દો સબજયુડીસ હોવાના કારણે હું મંજૂરી આપી શકાતો નથી તેમ જણાવ્યું.

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં સભામોકૂફીની જે દરખાસ્તો અગાઉ નામંજૂર થઈ હતી તેમાં અદાલતી તપાસપંચની નિમણૂકના કારણે નામંજૂર થયેલ, તે નીચે દર્શાવ્યા મુજબ પાંચ દરખાસ્તો હતી.

૧. છોટા ઉદેપુર તાલુકાના સનાડા ગામે તા. ૧૨–૩–૬૨ના રોજ પોલીસે કરેલા ગોળીબારથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે સભામોકૂફીની દરખાસ્ત.

૨. તાપીમાં તા ૧૪–૧–૬૩ના રોજ હોડી હોનારતની ઘટના સંબંધે સભામોકૂફીની દરખાસ્ત.

૩. તા ૫–૮–૬૪ના રોજ અમદાવાદમાં થયેલ પોલીસ ગોળીબારથી ઉભી થયેલ પરિસ્થિતિ અંગે સભામોકૂફીની દરખાસ્ત.

૪. તા ૨૮–૯–૯૯ના રોજ સુરતમાં ગણપતિ વિસર્જનની ઘટનામાં ૭ વ્યકિતઓના મૃત્યુ અંગેની સભામોકૂફીની દરખાસ્ત.

૫. તા ૨૭–૨–૦૨ના રોજ ગોધરા ખાતે ટ્રેન સળગાવવાના બનેલ બનાવ અંગેની સભામોકૂફીની દરખાસ્ત.

આ પૂર્વ ઉદાહરણો હોવાના કારણે અને કમિશન ઓફ ઇન્કવાયરી એકટ હેઠળ ન્યાયિક તપાસપંચ નિમાયેલ હોવાથી નિયમ–૧૦૮ અને ૩૪ની જોગવાઈ મુજબ સભામોકૂફીની દરખાસ્ત દાખલ કરી શકાતી નથી અને તેથી માનનીય સભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારાની દરખાસ્ત પણ મેં સ્વીકારી ન હતી પરંતુ ત્યારબાદ તા ૯–૭–૦૯ અને તા ૧૦–૭–૦૯ એમ બે દિવસોએ વિપક્ષ દ્વારા ગૃહમાં જે દેખાવોની ઘટનાઓ બની તે અંગે મેં મારા નિર્ણયો આપેલ છે, એની પુનરોકિત કરતો નથી પરંતુ ૭ સભ્યોને અતિશય તોફાની વર્તણૂંક બદલ સત્ર સમાપ્તિ સુધી ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા હતા અને ૧૧ સભ્યોને માત્ર ૩ દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતાં.

આપણે ત્યાં એક પ્રણાલી રહી છે કે આવી ઘટનાઓ બન્યા પછી જે પક્ષે આક્રમકતા બતાવી હોય અને ગૃહમાં ગેરવર્તણૂક કરી હોય કે અધ્યક્ષ સામે અવિવેક કર્યા હોય તેવી કોઈપણ ઘટના માટે તે પક્ષના નેતા ગૃહ સમક્ષ આવીને દીલગીરી વ્યકત કરે તો ગૃહે જે સભ્યોને સસ્પેન્ડ કર્યા હોય તે સભ્યોનું સસ્પેન્શન રદ કરવામાં આવે છે. તા ૧૪–૭–૦૯ના રોજ વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, કોંગ્રેસપક્ષના દંડક શ્રી ઈકબાલભાઈ પટેલ અને કોંગ્રેસપક્ષના પ્રમુખ શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ તથા બીજી બાજુ સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહ, મુખ્ય દંડક શ્રી આર.સી.ફળદુ અને શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ એમ સત્તાધારી અને વિપક્ષના નેતાઓ સાથે મેં સમન્વય બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં વિપક્ષના નેતાશ્રીએ સૂચવેલ સમાધાનના માર્ગ પ્રમાણે ગૃહમાં લઠ્ઠાકાંડની ચર્ચા માટે ગૃહ વિભાગની માગણીઓની ચર્ચાના દિવસે ગૃહની બેઠક એક કલાક વધારી દેવાનું સૂચન તેમણે કર્યું હતું. તેમનું આ સૂચન મેં બેઠકમાં મૂકયુ હતુ અને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ એક કલાકના બદલે બે કલાક આ વિષય ઉપર ચર્ચા માટે સંમતિ આપી હતી. સસ્પેન્ડ થયેલા સભ્યો માટે જે પ્રણાલિકા રહી છે તે મુજબ વિપક્ષના નેતા ગૃહમાં દીલગીરી વ્યકત કરે તે વાત સંસદીય બાબતોના મંત્રીશ્રીએ મૂકી હતી. આ બંને મુદ્દાઓનો વિપક્ષ દ્વારા અસ્વીકાર થતાં સમાધાનની ભૂમિકા તૂટી ગઈ હતી અને હું સમન્વયનો સેતુ ન બની શકયો. તેજ દિવસે આ અંગે નિવેદન કરી ગૃહને મેં માહિતગાર કરેલ. ત્યારબાદ વિપક્ષે ગૃહની અધિકૃત કાર્યવાહીનો ત્યાગ કર્યો અને અમને લઠ્ઠાકાંડની ચર્ચા કરવા દેતા નથી અને ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા છે તેવી હકીકત અને સત્યથી વેગળા આરોપોનો આશરો લીધો તે પણ લોકશાહીની કમનસીબી છે.

વિપક્ષને ચર્ચામાં જો રસ હોત તો વિધાનસભાના નિયમો મુજબ તા.૨૩–૭–૦૯ના રોજ ગુરૂવારે તેમના પક્ષના સભ્યશ્રી ફારૂકભાઈ શેખના નામે બિન સરકારી સંકલ્પ રજૂ કરી શકાશે તેમ પણ મેં જણાવ્યું હતું. મેં એ પણ જણાવ્યું હતું કે વિપક્ષ ધ્વારા આ અંગે સમયસર દરખાસ્ત આવશે તો હું તેને દાખલ કરીશ.

આ અગાઉ અંદાજપત્રની વિભાગવાર માગણીઓ પરની આરોગ્ય વિભાગ અને ગૃહ વિભાગની ચર્ચામાં ભાગ લઈ લઠ્ઠાકાંડની ચર્ચા થઈ શકી હોત તે પણ તેઓ જાણતા હોવા છતાં ગૃહની કાર્યવાહીનો સતત બહિષ્કાર કરીને વિપક્ષ દ્વારા મોક વિધાનસભાઓના જે આયોજનો થયાં છે તે દુઃખદ છે. આ દિવસો દરમિયાન તેમના પક્ષના સભ્યોના નામે દાખલ થયેલ કુલ ૯૩ તારાંકિત પ્રશ્નો ચર્ચાયા વિના રહયા, ૫ જેટલી નિયમ–૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબતોની ગૃહમાં ચર્ચા થઈ શકી નહિ, એક બિન સરકારી સંકલ્પ અને બે બિન સરકારી વિધેયકોની ચર્ચા થઈ

શકી નહી તથા સમગ્ર સત્ર દરમિયાન અંદાજપત્રની માગણીઓ પરની ચર્ચામાં ભાગ નહિ લેતાં વિપક્ષના સભ્યોના મત વિસ્તારના પ્રશ્નો ગૃહમાં રજૂ થઈ શકયા નહિ.

લઠ્ઠાકાંડ જેવી દુઃખદ ઘટનાનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે લાવવામાં આવેલ ગુજરાત નશાબંધી સુધારા વિધેયક જેવા અત્યંત મહત્વના વિધેયક પરની ચર્ચામાં ભાગ નહિ લઈને લોકમતને પ્રગટ કરવાની તક ગુમાવીને વિપક્ષે બિન લોકશાહી માર્ગને અપનાવીને લોકશાહીના કીર્તિમંદિર સમાન ગુજરાત વિધાનસભાની ગરીમાને ખંડિત કરી છે. તેથી મુખ્ય દંડકશ્રી આર.સી. ફળદુએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા ઉપર મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ ભૂતકાળની સન ૧૯૮૧ અને સન ૨૦૦૫ની ઘટનાઓ વખતે જે નિર્ણયો કર્યા હતા તે નિર્ણયો મુજબ તા.૧૦–૭–૦૯ થી તા.૨૮–૭–૦૯ સુધીમાં યોજાયેલ મોક વિધાનસભાની ઘટનાઓને લોકશાહીની મજાક અને વિધાનસભાના અવમાન સમાન ગણીને વિધાનસભાના નિયમોના નિયમ–૨૬૩ અન્વયે તેની તપાસ વિશેષાધિકાર સમિતિને સોંપું છું. "

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૬ : ૨૦૦૯)

**વિશેષધિકારનો ભંગઃ**

**૫૭. સભ્યશ્રીની ઈરાદાપૂર્વક માનહાની કરવાથી થતો વિશેષધિકારનો ભંગ –**

**સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી સામે ગૃહની કાર્યવાહી દરમિયાન તેમના આઈપેડ પર અશ્લીલ તસ્વીરો જોવા બાબતમાં વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલ સમાચારથી થતા વિશેષાધિકારના ભંગ અંગે નિયમ–૨૫૩(૨) હેઠળ તપાસ વિશેષાધિકાર સમિતિને સોંપવાની જાહેરાત.**

તા.૨૧–૩–૨૦૧૨ના રોજ વર્તમાનપત્રોમાં સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી ગૃહમાં તેમના આઈપેડ પરથી અશ્લીલ તસ્વીરો જોતા હતા તે બાબતમાં પ્રસિધ્ધ થયેલ સમાચારો અંગે સભ્યશ્રીએ નિયમ–૪૫ હેઠળ અંગત ખુલાસો કર્યો હતો. સભ્યશ્રી ચૌધરીએ તેમના અંગત ખુલાસામાં જણાવ્યું હતું કે કેટલાક ચોકકસ તત્વો દ્વારા તેમની ઈરાદાપૂર્વક માનહાની કરવાનો હીન પ્રયાસ થયો છે. તેઓએ તેમના આઈપેડ પર કયારેય આવી અશ્લીલ તસ્વીરો જોઈ નથી. તેઓએ તેમના આઈપેડનુ વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવવા આઈપેડ સચિવ, ગુજરાત વિધાનસભા સમક્ષ જમા કરાવવાની સાથે સમગ્ર બાબતની તપાસ વિશેષાધિકાર સમિતિ પાસે કરાવવાની પણ માગણી કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રીએ સમગ્ર બાબતની તપાસ નિયમ–૨૫૩(૨) હેઠળ ગૃહની વિશેષાધિકાર સમિતિને તપાસ અને અહેવાલ અર્થે સોંપવાની જાહેરાતની સાથે તેમના આઈપેડનું વૈજ્ઞાનિક પરીક્ષણ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગર દ્વારા કરાવવાના નિર્ણયની જાહેરાત કરી હતી. આઈપેડ પર અશ્લીલ તસ્વીરો જોવાના મુદ્દે ગૃહની તા.૨૧–૩–૨૦૧૨ અને તા. ૨૨–૩–૨૦૧૨ના રોજની કાર્યવાહી અવારનવાર મોકૂફ રાખવામાં આવી હતી. સભ્યશ્રી ચૌધરીનું આઈપેડ તે જ દિવસે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગરને વૈજ્ઞાનિક પરીક્ષણ અર્થે સોંપવામાં આવ્યું હતું અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગર દ્વારા વૈજ્ઞાનિક પરીક્ષણનો અહેવાલ તા.૨૩–૩–૨૦૧૨ના રોજ અધ્યક્ષને સુપરત થતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તે જ દિવસે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અહેવાલના તારણોની ગૃહમાં

જાહેરાત કરીને અહેવાલ સાથે સીલબંધ કવરમાં મળેલ ત્રણ પાર્સલો પણ વિશેષાધિકાર સમિતિને સોંપવાની જાહેરાત કરી હતી.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક– ૧૬૮ : ૨૦૧૨)

**સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો :**

**૫૮. અધિસૂચનાઓ :**

**અધિસૂચનાઓ સમયસર વિધાનસભાના મેજ ઉપર મૂકાવી જોઈએ**

તા.૨૯/૯/૨૦૦૮ ના રોજ માન. શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિન પટેલ ધ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ મેજ ઉપર મૂકાયા બાદ માન. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તા.૨૯/૨/૨૦૦૭ ની અધિસૂચના ક્રમાંક : જીએચયુ–૨૦૦૭–(૧૨) /જીઆઈડી–૧૦૨૦૦૬–૩૧૧૭–જી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા જણાવ્યું હતું કે તા.૨૯/૮/૨૦૦૭ની અધિસૂચના તા.૨૯/૯/૨૦૦૮ ના રોજ એક વર્ષના વિલંબ બાદ મેજ ઉપર મૂકાઈ રહેલ છે. કાયદાની જોગવાઈ પ્રમાણે નિયમો ઘડતી અધિસૂચનાઓ જેમ બને તેમ જલ્દી ગૃહના મેજ ઉપર મૂકાવવી જોઈએ. તેથી ભવિષ્યમાં અધિસૂચનાઓ સમયસર મૂકાય તે માટે માન. અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

માન. અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ માન. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરતાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં વિભાગ અધિસૂચનાઓ સમયસર મેજ ઉપર મૂકાય તેની કાળજી રાખશે. આ કિસ્સામાં થયેલ વિલંબ અંગેના કારણોની સમિતિ તપાસ કરશે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૮ : ૨૦૦૮)

**સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો :**

**૫૯. સી. એ. જી. ના અહેવાલો –**

**બજેટ રજૂ થયા બાદ ઓડિટ અહેવાલ એક અઠવાડિયામાં રજૂ કરવા જોઈએ.**

તા.૨૬મી માર્ચ, ૨૦૦૮ના દિવસના કામકાજની યાદીમાં બાબત ક્રમાંક : ૩ ઉપર વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળોમાં ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલો દર્શાવ્યા હતા. આ બાબત હાથ ધરવાના તબકકે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આ અહેવાલો મેજ ઉપર કયારે મૂકાવા જોઈએ તે સંબંધમાં "અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦–૮૪"ના પાના નં. ૨૯ પરના નિર્ણય ક્રમાંક – ૩૨ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે, બજેટ રજૂ થયા બાદ એક અઠવાડિયામાં ઓડિટ અહેવાલો ગૃહના મેજ ઉપર મૂકાવા જોઈએ. તેના બદલે બજેટ પરની સામાન્ય ચર્ચા, માગણીઓ પરની વિભાગવાર ચર્ચા એમ બજેટને લગતી તમામ ચર્ચાઓ પૂરી થઈ ગયા બાદ સત્રના છેલ્લા દિવસે કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ઓડિટ અહેવાલો ગૃહના મેજ ઉપર મૂકાય તે બરાબર નથી.

આ તબકકે માન. મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે પોતાનું મંતવ્ય રજૂ કરતાં જણાવ્યું હતું કે, અગાઉના નિર્ણયમાં જે શબ્દો વાપર્યા છે તેમાં રિવાજ એટલે કસ્ટમ તરીકે રાખવો જોઈએ ફરજિયાત રીતે નહીં. ઓડિટ અહેવાલ ગૃહના મેજ પર

મૂકાયા બાદ જે તે સમિતિના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે અને સમિતિ તેની ચર્ચા કરે છે, એટલે સમિતિના માધ્યમ થકી પણ આ મુદ્દો સમિતિના સભ્યો લઈ શકે છે. મંત્રીશ્રી જયનારાયણ વ્યાસના મંતવ્ય બાદ માન. અધ્યક્ષ(શ્રી અશોક ભટ્ટ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો હતો.

"માન. વિરોધપક્ષના નેતાશ્રીએ ખૂબજ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે અને માન. મંત્રીશ્રીની વાતનો પણ હું સ્વીકાર કરું છું. પૂર્વ અધ્યક્ષશ્રીના રુલિંગમાંથી "સૂચન છે," સરકારને સૂચન કરી શકાય તેમાં "કરી શકાય" શબ્દ છે. સરકારે એ રુલિંગનો અને તેના હાર્દનો સ્વીકાર કરવો જોઈએ. બજેટ બેઠકના પહેલા અઠવાડિયાની અંદર અહેવાલ રજૂ કરી શકાય. બજેટ ઉપરની ચર્ચામાં સી.એ.જી.ના ઓડિટ અહેવાલમાંના અવલોકનો ઉપયોગી થઈ પડે છે. બજેટ બેઠકને ખૂબજ ગંભીરતાપૂર્વક આપણે લઈએ છીએ કારણ કે રાજયનુ અંદાજપત્ર મંજૂર કરતી વખતે રાજયના આયોજનોની સંપૂર્ણ પણે ચર્ચા આપણે ગૃહની અંદર ગંભીરતાપૂર્વક કરીએ છીએ, ત્યારે તે અંગેનું જે કાંઈ સાહિત્ય હોય તે આપણને મળે અને અગાઉના રુલિંગને પણ આપણે ધ્યાનમાં રાખીએ તો સરકારે બજેટ રજૂ થયા બાદ એક અઠવાડિયામાં આવા અહેવાલો રજૂ કરવા જોઈએ. **હું અગાઉના રુલિંગને યથાવત રાખીને, નાણા વિભાગ અને સરકારને કહું છું કે, હવે પછીના વર્ષોની અંદર ઓડિટ રિપોર્ટ બજેટ બેઠકમાં રજૂ કરવાના હોય તો તે બજેટ રજૂ થયા બાદ એક અઠવાડિયાની અંદર મેજ પર મૂકવામાં આવે તો રાજયની નાણાકીય ચર્ચાઓની અંદર તેની જે ઉપયોગિતા છે તેનો તેમાં ઉપયોગ થઈ શકે**. ઓડિટ રિપોર્ટસના મૂલ્યાંકન, સમીક્ષાઓ વિધાનસભાની સમિતિઓની અંદર થતી હોય છે, પરંતુ તે ખૂબ લાંબા ગાળાની પ્રક્રિયા છે, અને સમિતિઓ ખૂબ ઝીણવટપૂર્વક આ કાર્યવાહી કરતી હોય છે. આ ગૃહના અભ્યાસુ સભ્યો જેમણે નાણાકીય અભ્યાસો કરવા છે અને તે સંબંધે આ ગૃહની અંદર અવલોકનો કરવા છે તેમના માટે તે ખૂબજ જરૂરી છે. તેથી બજેટ રજૂ થયા બાદ એક અઠવાડિયામાં આ અહેવાલોને મેજ પર મૂકવામાં આવે તેવી ઉચ્ચ પ્રણાલિકા પાડવાની આપણે શરૂઆત કરીએ."

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૭ : ૨૦૦૮)

**સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો :**

**૬૦. સી.એ.જી.ના અહેવાલો :**

**– સી.એ.જી.ના અહેવાલો ગૃહમાં રજૂ થતા પહેલા તેમાં સમાવિષ્ટ વિગતો પ્રચાર માધ્યમોને આપવાથી સભાગૃહના ઔચિત્યનો ભંગ.**

**– સી. એ. જી. ના અહેવાલો વિલંબથી ગૃહના મેજ પર મૂકવામાં બંધારણ કે નિયમોની કોઈ જોગવાઈનો ભંગ થતો નથી.**

તા. ૨૮–૩–૨૦૧૨ના રોજ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ ભારતના બંધારણની કલમ–૧૫૧(૨) અને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૭૩(૨) તેમજ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૬૦–૧૯૮૪નો નિર્ણય ક્રમાંક–૩૨, પાના નંબર–૨૯) ટાંકી જણાવ્યું કે સી.એ.જી.ના અહેવાલો વિલંબથી ગૃહ સમક્ષ રજૂ કરવામાં બંધારણ કે નિયમોની કોઈ જોગવાઈઓનો ભંગ થતો નથી. આ બાબતમાં પૂર્વ અધ્યક્ષશ્રીએ કરેલ નિર્ણય પણ અંદાજપત્ર રજૂ થયા બાદ એક અઠવાડિયામાં અહેવાલો મેજ પર મૂકવાના સૂચન રૂપે છે. વિધાનસભાના

નિયમો કે બંધારણ હેઠળ સી. એ. જી. ના અહેવાલો કેટલા સમયમાં ગૃહના મેજ પર મુકવા તેવી કોઈ જોગવાઈ નથી ત્યારે વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા તા. ૨૬–૩–૨૦૧૨ના રોજ આ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ બોલાવીને સી. એ. જી. ના અહેવાલમાં સમાવિષ્ટ વિગતો પ્રચાર માધ્યમોને આપીને સભાગૃહની ગરીમા ખંડિત કરી છે. વિરોધપક્ષના સભ્યો દ્વારા પણ આ મુદ્દે ગૃહની અંદર તથા ગૃહની બહાર આપની હકુમતવાળા વિસ્તારમાં સુત્રોચ્ચાર અને દેખાવો કરીને સભાગૃહની ગરીમા ખંડિત કરી છે અને તેમ કરીને તેઓએ સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. ભવિષ્યમાં આ પ્રકારની પ્રવૃત્તિ અટકાવી શકાય અને ગૃહની ગરીમા જળવાઈ રહે તે હેતુથી આ મુદ્દે માનનીય અધ્યક્ષશ્રીને નિર્ણય આપવા વિનંતી કરી. ઉકત મુદ્દા પર માનનીય સંસદીય મંત્રીશ્રી (રાજયકક્ષા)એ પણ પોતાનું મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું કે વિરોધપક્ષના ઉપનેતાએ કામકાજ સલાહકાર સમિતિની તા.૨૬–૩–૨૦૧૨ના રોજ રાખેલ બેઠકના બહિષ્કારની જાણ કરતા પત્રની વિગતો પણ પ્રચાર માધ્યમોમાં પ્રસિધ્ધ કરાવીને સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે તત્સમયે ઉકત બંને મુદ્દાઓ પરનો નિર્ણય સંપૂર્ણ અભ્યાસ કરીને આપવાનું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ મુલતવી રાખેલ નિર્ણય આપતાં જણાવ્યું કે સી.એ.જી.ના અહેવાલો ભારતના બંધારણની કલમ–૧૫૧ની જોગવાઈ મુજબ રાજયપાલને રજૂ કરવામાં આવે છે. અને રાજયપાલ તે અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની કાર્યવાહી કરાવે છે. સુસ્થાપિત થયેલ સંસદીય પ્રણાલી અનુસાર સી.એ.જીના અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકાય કે તરત જ ગૃહની જાહેર હિસાબ સમિતિને સોંપાયેલા ગણાય છે અને તેના ઉપર આ સમિતિ ચર્ચા વિચારણા કરી તેનો અહેવાલ સભાગૃહને રજૂ કરે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સી.એ.જી.ના અહેવાલો ઉપર ગૃહમાં ચર્ચા થતી નથી. પૂરોગામી અધ્યક્ષનો નિર્ણય સૂચનના ભાગરૂપે છે. બંધારણ કે વિધાનસભાના નિયમો હેઠળ સીએજીના અહેવાલો ચોકકસ કેટલા સમયમાં ગૃહના મેજ પર મૂકવા તે અંગે કોઈ જોગવાઈ નહિ હોવાથી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દાનો સ્વીકાર કરી અહેવાલો વિલંબથી ગૃહ સમક્ષ મૂકવામાં કોઈ નિયમ કે સંસદીય પ્રણાલીનો ભંગ થતો નથી એમ જણાવ્યું.

વધુમાં ઉપસ્થિત કરેલ ઔચિત્ય ભંગના મુદ્દા પર નિર્ણય આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સી.એ.જી.ના અહેવાલો ગૃહના મેજ ઉપર મૂકાય તે પહેલા અહેવાલમાં સમાવિષ્ટ વિગતો પ્રચાર માધ્યમોને આપીને વિરોધપક્ષના નેતાએ ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. મારા પૂરોગામી અધ્યક્ષશ્રીઓએ પણ નિર્ણયો કર્યા છે કે કોઈ પણ અહેવાલ ગૃહના મેજ પર મૂકાયા બાદ જ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૬૧ હેઠળ જાહેર દસ્તાવેજ બને છે. પ્રસ્તુત કિસ્સામાં સી.એ.જી.ના અહેવાલો ગૃહના મેજ પર મૂકાય તે પહેલા તેની વિગતોની પ્રસિધ્ધિ પ્રચાર માધ્યમોમાં કરવાથી ગૃહના ઔચિત્યનો ભંગ થાય છે. આ ઉપરાંત વિરોધપક્ષના ઉપનેતાશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની બેઠકના બહિષ્કાર સંબંધે તેઓશ્રીને લખેલ પત્રની વિગતોની શબ્દસહ પ્રસિધ્ધિ પ્રચાર માધ્યમોમાં કરાવીને તેમણે પણ ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા વિરોધપક્ષના નેતા તથા વિરોધપક્ષના ઉપનેતાને જણાવી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર તેમજ ઔચિત્ય ભંગના મુદ્દાઓનો માનનીય અધ્યક્ષશ્રીએ સ્વીકાર કર્યો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક– : ૨૦૧૨)

**સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો :**

**૬૧. તપાસ પંચનો અહેવાલ –**

**જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસપંચના અહેવાલ અંગે:**

**(૧) ન્યાયની વ્યવસ્થા સામે આક્ષેપો ન થાય**

**(૨) પોઈન્ટ ઓફ ઓર્ડર કયા નિયમ હેઠળ ઉભો કરવાનો છે તે જણાવવું જોઈએ.**

**(૩) કાગળો મેજ ઉપર મૂકવાના તબક્કે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો ન કરી શકાય.**

તા ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ–૬ કોચને આગ લગાડવાના બનાવની તપાસ માટે નિમાયેલ જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસપંચનો અહેવાલ ભાગ–૧ મેજ ઉપર મૂકવાના તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે નાણાવટી કમિશનની રચના સંબંધે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવાનો પ્રયાસ કરતાં માનનીય અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ તેમને તેમ કરતાં રોકીને જણાવ્યું કે " કાગળો / અહેવાલો મેજ ઉપર મૂકાતા હોય ત્યારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી શકાતો નથી એવી સંસદીય પ્રણાલિકા રહેલી છે. તેમજ કમિશનની રચના કરવાની ન્યાયિક વ્યવસ્થા સંબંધે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી આ વ્યવસ્થા પર અવલોકનો કરવા તે યોગ્ય નથી. આ સભાગૃહમાં ન્યાયતંત્ર, ન્યાયિક વ્યવસ્થા કે ન્યાયિક પંચો માટે આક્ષેપો કે આરોપણ કરતાં અવલોકનો / વિધાનો કરી શકાય નહી." વળી પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવો હોય તો કયા નિયમ નીચે ઉપસ્થિત કરવાનો છે તે જણાવવું જોઈએ.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૮ : ૨૦૦૮)

**સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો :**

**૬૨. વાર્ષિક હિસાબો –**

**સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો સમયસર મૂકાતા ન હોય તો તે બાબત મેજ ઉપર મૂકવાના કાગળો માટેની સમિતિના ધ્યાન પર લાવવી જોઈએ.**

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજની દિવસના કામકાજની યાદીમાંની બાબત ક્રમાંક : ૨ વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળોની પેટા બાબત ક્રમાંક : ૨ થી ૮ ઉપર દર્શાવેલ અહેવાલોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં વધારે વિલંબ થયાનું જણાતાં, તે દિવસની પ્રશ્નોત્તરી પૂર્ણ થયા બાદ વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે સન ૧૯૬૦–૮૪ના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પુસ્તકના પાના નં. ૩૯૮ના નિર્ણય ક્રમાંક : ૫૪૮ તરફ ધ્યાન દોરી તથા સાતમી ગુજરાત વિધાનસભાની ગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિના પ્રથમ અહેવાલની નીચે દર્શાવ્યા મુજબની ભલામણ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

"કંપની, બોર્ડ/કોર્પોરેશન કે સંસ્થાએ તેનું નાણાકીય વર્ષ પૂરું થયા પછી ત્રણ માસમાં તેના વાર્ષિક હિસાબો તૈયાર કરીને ઓડિટ માટે ઉપલબ્ધ કરાવવા. ત્યારબાદ ઓડિટની કામગીરી અને અહેવાલ સરકાર સમક્ષ રજૂ કરવો તેમજ છપાવવા સંબંધી સઘળી કામગીરી પૂરી કરીને નાણાકીય વર્ષ પૂરું થયા પછીના દસ માસના અંતે વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવા માટે મોકલી આપવા. "

ઉકત બાબતે સંસદીય બાબતોના રાજય કક્ષાના મંત્રી માનનીય શ્રી અમીતભાઈ શાહે પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ હતું. શ્રી શાહના મંતવ્ય બાદ માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૧૮–ચ ની જોગવાઈ તરફ ધ્યાન દોરી જણાવ્યું હતું કે જો કોઈ સભ્ય નિયમ–૨૧૮–ઘ(૧)માં દર્શાવેલ બાબત એટલે કે બંધારણ, અધિનિયમ, નિયમ અથવા વિનિયમની જોગવાઈઓ હેઠળ સભાગૃહના મેજ પર મૂકાયેલા કાગળો સંબંધમાં પ્રશ્ન ઉપસ્થિત કરવા માગતા હોય તો આવી બાબત તેમણે વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિ સમક્ષ કરવી જોઈએ. સભાગૃહના મેજ પર મૂકવાના કાગળો માટેની સમિતિ સન ૧૯૮૭થી અસ્તિત્વમાં આવી છે. વિધાનસભાના નિયમોના નિયમ–૨૧૮–ઘ હેઠળ સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા તમામ કાગળોની સમિતિ તપાસ કરે છે. કાગળો મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબના કારણો પણ સમિતિ તપાસે છે અને ગૃહ સમક્ષ તેનો અહેવાલ રજૂ કરે છે ત્યારે અહેવાલો મેજ મૂકવામાં થયેલ વિલંબ અંગેની બાબત સભાગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહિ તેમ જણાવી પોઈંટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કર્યો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૩ : ૨૦૦૮)

**સભામોકૂફીનો પ્રસ્તાવ :**

**૬૩. લઠ્ઠાકાંડ –**

**– લઠ્ઠાકાંડના વિષય અંગે નિયમ–૧૧૬ હેઠળ સૂચના દાખલ કરી હોય ત્યારે આ વિષય પર સભામોકૂફીનો પ્રસ્તાવ દાખલ કરી શકાય નહિ.**

તા. ૧૪–૩–૨૦૧૨ના રોજ પ્રશ્નોત્તરી બાદ માનનીય સંસદીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૮(૫) ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે લઠ્ઠાકાંડના વિષય પર ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ની સૂચનાની દાખલ થઈ હોય ત્યારે માનનીય સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલની નિયમ–૧૦૮ હેઠળની સભામોકૂફીના પ્રસ્તાવની સૂચનાની દાખલ થવા પાત્ર નથી. આ વિષય પર શૂન્યકાળ દરમિયાન પણ કોઈ મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહિ. તેમ છતાં વિરોધપક્ષના સભ્યો દ્વારા આ મુદ્દા પર ગૃહની કાર્યવાહી અવરોધવાનું યોગ્ય નથી તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ, સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલ તેમજ સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે પોતાના મંતવ્યો વ્યકત કર્યાં હતાં.

માનનીય અધ્યક્ષશ્રીએ બધા મંતવ્યો સાંભળ્યા બાદ નિર્ણય આપતાં જણાવ્યું કે રાજયમાં આવી દુ:ખદ ઘટના બને ત્યારે સ્વાભાવિકપણે સૌ સભ્યશ્રીઓને ચિંતા થાય પરંતુ આપણે સૌ નિયમોથી બંધાયેલા છીએ. આજે સવારે ૧૧–૫૦ વાગે સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ અને ઈકબાઈભાઈ પટેલ નિયમ–૧૦૮ની સૂચનાની નોટીસ આપવા આવ્યા હતા, જે સમય મર્યાદામાં ન હતી . આ ઉપરાંત લઠ્ઠાકાંડના વિષયની નિયમ–૧૧૬ની સૂચના દાખલ થયેલ હોય ત્યારે નિયમોનુસાર આ જ વિષય ઉપર નિયમ–૧૦૮ હેઠળ તેવી જ સૂચના દાખલ થઈ શકે નહીં. વધુમાં, શૂન્યકાળ અંગે ગુજરાત વિભાનસભાના નિયમોમાં જોગવાઈ નહીં હોવાથી તેની પ્રથા ગૃહમાં પાડવામાં આવી નથી. ભૂતકાળમાં જયારે જયારે શૂન્યકાળના મુદ્દા ઉપસ્થિત કરવાના પ્રયત્નો થયા છે ત્યારે ત્યારે મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ સ્થાપિત કરેલા ધોરણો અનુસાર સભ્યશ્રીએ સંબંધિત મંત્રીશ્રીની પૂર્વમંજૂરી લઈને મારી પરવાનગી લેવી જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં માનનીય સિદ્ધાર્થભાઈ અને માનનીય ઇકબાલ પટેલે આવી કોઈ મંજૂરી લીધી નહિ હોવાથી આ મુદ્દો શૂન્ય કાળ દરમિયાન પણ ઉપસ્થિત કરી શકાય નહિ. આથી નિયમ–૧૧૬ હેઠળ આ મુદ્દો ચર્ચીએ એવી મારી તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે. (ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૬૬ : ૨૦૧૨)

## સભા મોકૂફીનો પ્રસ્તાવ :

## ૬૪. લઠ્ઠાકાંડ –

**(૧) સંવેદનશીલ ઘટના તરફ સંવેદના વ્યકત કરવા સંયમી વ્યવહાર કરવો જોઈએ**

**(૨) સૂચના દાખલ કરવા અધ્યક્ષશ્રી પર ખોટું દબાણ કરવું જોઈએ નહીં.**

તા. ૮મી જુલાઈ, ૨૦૦૯ ના રોજ બાર વાગવામાં પાંચ મિનિટ બાકી રહી હતી ત્યારે વિપક્ષી નેતા સહિત વિરોધપક્ષના કેટલાક સભ્યશ્રીઓએ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અમદાવાદમાં બનેલ લઠ્ઠાકાંડ બાબતે ચર્ચા કરવા અંગેની નિયમ–૧૦૮ હેઠળ સભામોકૂફીની એક સૂચના માનનીય અધ્યક્ષશ્રીને આપી હતી. જો કે નિયમ–૧૦૮ હેઠળની સૂચના બેઠક શરૂ થવાના ઓછામાં ઓછા એક કલાક અગાઉ આપવાની હોય છે, છતાં માનનીય અધ્યક્ષશ્રીએ પોતે નિયમો, પરંપરાઓ જોઈ તથા ઉકત બાબતે મંત્રીશ્રી નિયમ–૪૪ અન્વયે નિવેદન કરવાના હોઈ તે બધા પાસાઓને તપાસીને તેમાં નિર્ણય કરશે એમ જણાવ્યું હતું. ત્યારબાદ સભાગૃહમાં પ્રશ્નોત્તરી શરૂ થાય તે પહેલાં વિપક્ષી નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ઉકત બાબતે બે કલાકની ચર્ચા આપવા આગ્રહ રાખતાં અને માનનીય અધ્યક્ષશ્રીએ નિયમો, પ્રણાલીઓ અને સંજોગો પ્રમાણે નિર્ણય લેવાનું જણાવતાં વિપક્ષના સભ્યોએ સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો હતો. વળી કેટલાક સભ્યશ્રીઓ વેલમાં ધસી આવ્યા હતા. વેલમાં ધસી આવેલ સભ્યશ્રીઓને બહાર કાઢવા માનનીય અધ્યક્ષશ્રીએ સાર્જન્ટને આદેશ કરતાં અને સાર્જન્ટે તેનો અમલ શરૂ કરતાં વિપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાગૃહની બહાર નીકળી ગયાં હતાં. આ તબકકે માનનીય અધ્યક્ષ(શ્રી અશોક ભટ્ટ)એ ઉકત બાબતે નીચે પ્રમાણે અવલોકન કર્યું હતું.

બાર વાગવામાં પાંચ મિનિટ બાકી હતી ત્યારે વિરોધપક્ષના નેતા સહિતના વિપક્ષના કેટલાક સભ્યો મારી પાસે આવ્યા હતા અને સભા મોકૂફીની દરખાસ્ત આપી હતી. સભા મોકૂફીની દરખાસ્તમાં તેના નિયમો પ્રમાણે અને અગાઉની

પ્રણાલિકાઓ પ્રમાણે તેને દાખલ કરવા માટેનો નિર્ણય કરવાનો હોય છે. મેં એમને કહયું હતું કે, બાર વાગ્યા પછી પ્રશ્નોત્તરી શરૂ થશે અને પ્રશ્નોત્તરી પછી માનનીય મંત્રીશ્રી નિવેદન કરશે. એ પછી હું વિધાનસભાના નિયમો અને અગાઉની પરંપરાઓ જોઈને સભામોકૂફીની દરખાસ્ત અંગે નિર્ણય કરીશ કોઈપણ સભ્યશ્રીને સભામોકૂફીની દરખાસ્ત કે અવિશ્વાસની દરખાસ્ત આપવાનો અધિકાર છે પણ અધ્યક્ષશ્રીને પણ એ અધિકાર રહે છે કે અગાઉની પરંપરાઓ અને નિયમોને જોઈને દાખલ કરવી કે નહીં અને જો દાખલ કરવી હોય તો એને કયારે દાખલ કરવી. જે દરખાસ્ત રજૂ કર્યાને હજુ બે મિનિટ પણ નથી થઈ ત્યાં સભાગૃહની અંદર આવીને એમ કહેવામાં આવે કે આ દરખાસ્ત તમે મંજૂર કરો અને સભામોકૂફી આપો તો એ મારા માટે સંભવ નથી. અરે, કોઈપણ અધ્યક્ષ માટે સંભવ નથી કારણ કે આ પ્રકારના દબાણોથી આ રીતે નિર્ણય કરવાથી વિધાનસભામાં ખોટી નવી પરંપરા પડે જેના માટે હું તૈયાર નથી. જે ઘટના બની છે એ ઘટના દુઃખદ છે, ગંભીર છે, દુઃખદાયી છે, તે અંગે કોઈ બેમત નથી. ગઈકાલે જયારે આ પ્રશ્ન માનનીય સિદ્ધાર્થભાઈએ ઉભો કર્યો એ વખતે તરત જ માનનીય મંત્રીશ્રી (રાજયકક્ષા) ગૃહે જણાવ્યું હતું કે હું આવતી કાલે આ અંગે નિવેદન કરીશ. જે આજના એજન્ડાની અંદર પણ નિયમ–૪૪ હેઠળ નિવેદન તરીકે દર્શાવેલ છે. એટલે આ પ્રશ્નની ગંભીરતા રાજય સરકાર દ્વારા હતી જ એમ ચોકકસ કહી શકાય. એ અંગેનું નિવેદન માનનીય મંત્રીશ્રી આજે કરવાના છે. જયાં સુધી સભામોકૂફીની દરખાસ્તને લાગેવળગે છે ત્યાં સુધી જે સભ્ય તાકીદની જાહેર અગત્યની કોઈ ચોકકસ બાબત ચર્ચવા માટે સભામોકૂફીનો પ્રસ્તાવ લાવવા માગતા હોય તો તેમણે સભાગૃહની જે બેઠકમાં એવો પ્રસ્તાવ લાવવા માટેની અનુમતિ માગવા ઈચ્છતા હોય એ બેઠક શરૂ થવાના ઓછામાં ઓછા એક કલાક અગાઉ નિયમ–૧૦૮ નીચે આવા પ્રસ્તાવની લેખિત સૂચના આપવાની રહે છે, જયારે આ દરખાસ્ત મને સભાગૃહ શરૂ થવાની પાંચ મિનિટ પહેલાં જ મળી છે. જેવી દરખાસ્ત મને મળી એટલે મેં વિધાનસભા સચિવાલયને આપી અને વિધાનસભા સચિવાલયના સચિવશ્રીને મેં કહયું છે કે નિયમોની જોગવાઈઓ તપાસીને તમે નોંધ મૂકો. જયારે સભામોકૂફીના પ્રસ્તાવની બાબત અંગે આજે મંત્રીશ્રી નિવેદન કરવાના હોય એવા સંજોગોની અંદર આજે સભાગૃહની અંદર જે પ્રકારના દેખાવો કર્યા છે એ ખરેખર દુઃખદ છે. આવી દુઃખદ ઘટના જયારે બની હોય ત્યારે અને આપણે પણ સંવેદનશીલ હોઈએ ત્યારે એ સંવેદનશીલ બનાવ છે એ હું સ્વીકારું છું પણ જે ઘટનાની ચર્ચા આપણે આ સભાગૃહમાં ઉપસ્થિત કરવા માગીએ છીએ એ ચર્ચા નિયમના અનુસંધાનમાં આવે, નિયમ પ્રમાણે આવે અને નિયમ પ્રમાણે આવ્યા પછી એને નિયમ પ્રમાણે દાખલ કરવામાં આવે. ગઈકાલે એમની માગણીનો સ્વીકાર થયો છે. જો તેઓ ચર્ચાની અંદર ઉભા થાય તો આજે મંત્રીશ્રીના નિવેદન પછી પણ હું એમને ચર્ચાની તક આપવાનો હતો એટલે મને લાગે છે કે એની પાછળના હેતુઓ કોઈપણ હોય આ સભાગૃહમાં આપણા સૌની ચિંતાનો આ એક વિષય છે. જયારે કોઈ સંવેદનશીલ ઘટનાઓ બની હોય ત્યારે આપણે સૌએ એની સંવેદના વ્યકત કરવા માટે સંયમી વ્યવહાર કરવો જોઈએ. આજે વિપક્ષ તરફથી સંયમી વ્યવહાર થયો નથી એનું મને ખૂબ દુઃખ થયું છે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૩ : ૨૦૦૯)

## સરકારી સંકલ્પ :

## ૬૫. દાખલપાત્રતા –

### સબજયુડીસ બાબત

**ધારા ઘડવાની કાર્યવાહી તથા જાહેર હિતની બાબતો અંગેની ચર્ચાને સબજયુડિસનો નિયમ લાગુ પડે નહીં.**

તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ ગૃહ મંત્રી (રા.ક) શ્રી અમિતભાઈ શાહ ગુજકોકના વિધેયકને રાષ્ટ્રપતિની અનુમતિ મેળવવા સંબંધેનો સરકારી સંકલ્પ રજૂ કરવા ઉભા થયા ત્યારે વિરોધ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૩૪ અને કૌલ અને શકધરના પુસ્તક "પ્રેકટીસ એન્ડ પ્રોસિજર ઈન પાર્લામેન્ટ"ના પાના નં. ૧૦૬૬ની વિગતો ટાંકી ન્યાયાલય સમક્ષ નિર્ણયાધીન બાબત અંગે ગૃહમાં ચર્ચા ન કરવા સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માન. અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ, સંસદીય બાબતોના મંત્રી(રા.ક.) શ્રી અમિત શાહ તથા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલના મંતવ્યો સાંભળ્યા બાદ માન. અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ લોકસભામાંથી મંગાવેલ સબજયુડીસ બાબતોની ચર્ચાના કાર્યક્ષેત્ર સંબંધનો અભિપ્રાય, 'મે'ની પાર્લામેન્ટરી પ્રેકટીસ પુસ્તકના પાના નંબર–૪૫૩, બંધારણની કલમ–૧૯૪ તેમજ કૌલ અને શકધરના પુસ્તક પ્રેકટીસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટના પાના નંબરઃ ૧૦૬૬–૬૭ ઉપરની વિગતો ટાંકીને ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરતા નીચે પ્રમાણે નિર્ણય આપ્યો હતો.

"આ સભાગૃહમાં માનનીય શ્રી અર્જુનભાઈએ જે પોઈન્ટ ઓફ ઉઠાવ્યો, તેને વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સમર્થન આપ્યું, માન. મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ અને માન. મંત્રીશ્રી અમિતભાઈ શાહે તે પર પોતાના વિચારો રજૂ કર્યા. શ્રી અર્જુનભાઈ એમ કહ્યું કે સંકલ્પની બાબત સબજયુડીસ છે માટે રજૂ ન કરી શકાય અને તેમણે તેના સમર્થનમાં એમ પણ કહ્યું કે નર્મદાનો પ્રશ્ન હતો એ ભાવનાનો પ્રશ્ન હતો અને એટલા માટે એ વખતે ચર્ચાયો હતો. શ્રી શકિતસિંહજીએ આ અંગે મને તા. ૧૬ સપ્ટેમ્બર'૨૦૦૮ના રોજ એક પત્ર લખ્યો હતો અને તેમના આ પત્રને ખૂબ જ ગંભીરતાપૂર્વક લીધો હતો. એ પત્ર મળ્યા પછી મેં લોકસભાના સેક્રેટરી જનરલને પણ પત્ર લખીને તેમનો અભિપ્રાય મેળવ્યો હતો. એટલે સબજયુડિસ મેટર ચર્ચા કરી શકાય કે ન કરી શકાય એ પ્રશ્ન જે શકિતસિંહજીએ કહ્યું તે વાત સાથે હું સંમત થાઉ છું કે લાંબાગાળાની અસરો આમાંથી થાય તો મારો કોઈ પણ નિર્ણય એ લાંબાગાળા સુધી રહે તે રીતે ધ્યાનમાં રાખીને આ પ્રશ્ન જોયો છે. અહીં કૌલ–શકધરની વાત કરવામાં આવી. કારણકે કૌલ–શકધરનું પુસ્તક આપણી પાસે ખૂબ જ માર્ગદર્શક પુસ્તક છે અને તેમાં આપણા માટે બે મુદ્દા છે. સૌથી મોટો મુદ્દો એ કે આ બાબત સબજયુડીસ છે કે નહીં અને સબજયુડીસ બાબત કોને કહેવાય, આ મેટર સબજયુડીસ છે કે નહીં અને સબજયુડીસ હોય તો ચર્ચાય કે ન ચર્ચાય તે માટે પુસ્તકના પાના નં. ૧૦૬૬, ૬૭ ઉપર કહ્યું છે કે " a matter does not become subjudice, if a writ petition on the matter is pending before a court for admission" હવે આ પીટીશન છે એ પીટીશન S.C.A. ૨૪૯૨૩/૦૬ હાઈકોર્ટ પાસે એડમિશન માટે પેન્ડીંગ છે. ગુજરાત હાઈકોર્ટમાં જે પીટીશન છે તેની બધી જ વિગતો મેં મંગાવી છે. આપ કહો છો તે પ્રમાણે તેમાં ચોકકસ નોટિસ નીકળી છે પણ પીટીશન એડમીટ નથી થઈ, પીટીશન એડમીટ ન થઈ હોય તો એ ચર્ચા કરી શકાય એ એક વાત મને કૌલ–શકધરમાંથી મળે છે. એમાં બહુ સ્પષ્ટ છે કે, " a matter is not subjudice until the legal proceedings have actually started.The question whether a particular matter is subjudice or not is decided by the speaker on the merit of

each case." એટલે આ માટે મારા પ્રયત્નો વધારે આગળ લઈ જતાં સંપૂર્ણ વિગતો સાથે મેં એક પત્ર લોકસભાને લખ્યો હતો અને લોકસભા સચિવાલયમાંથી મને જે જવાબ મળ્યો એ જવાબ શ્રી વી. કે. શર્મા જોઈન્ટ સેક્રેટરીના પત્ર નં. ૨૧/૭૩/૨૦૮/એલ–૧ તા.૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ હું આખો પત્ર નથી વાંચતો પણ જે ઘણું બધું રિલેવન્ટ છે એ વાંચું છું. The Government resolution giving notice of by the Minister, if passed, will be in the nature of a collective will of the Assembly to impress upon the Central Government to translate the legislative will of the Gujarat Legislative Assembly into legislative enactment by obtaining the assent of the president to the Bill. The resolution, therefore, is nothing but a continued effort and expression of will of the Legislative Assembly in the field of legislation, which began, with the introduction of the Bill in the Assembly. Therefore, even if the matter is subjudice, there appears to be no objection in admitting the resolution. આપણે સૌ કોઈ જાણીએ છીએ કે આપણા સૌ માટે, વિધાનસભાઓ માટે માર્ગદર્શક સંસ્થા હોયતો એ લોકસભા છે. એટલે લોકસભાનો આ અભિપ્રાય મેં મેળવ્યો અને આ મેળવીને આ દાખલ કરતાં પહેલાં એક મારી વાત જે શ્રી અર્જુનભાઈએ કરી છે, શ્રી અર્જુનભાઈએ એક બહુ સારો શબ્દ વાપર્યો "ભાવના" શું છે અને બિલની ભાવના એ જે માનનીય અમિતભાઈએ કહયું એ નર્મદાની ચર્ચા થઈ ત્યારે જે "ભાવના" હતી એ "ભાવના"થી આ સંકલ્પમાં રજૂ થયેલી "ભાવના" ને હું જુદી ગણતો નથી. આ બંને "ભાવના"ઓ સભાગૃહની છે. આ "ભાવના"ને પ્રદર્શિત કરતો સંકલ્પ આવે અને લોકસભા સચિવાલય એમ કહે કે આ સંકલ્પ એ continued effort and expression of will of the legislative assembly in the field of the legislation which began with the introduction of the GujCOC Bill in the Assembly. શ્રી અર્જુનભાઈ મારે, આપની પાસેથી એક વાત સમજવી છે એ હું આ પછી સમજવાનો પ્રયાસ કરીશ. બીજું બિલ લવાય કેવી રીતે? એક બિલ કેન્દ્ર સરકાર પાસે વિચારણા હેઠળ છે, જેના ઉપર કેન્દ્ર સરકાર કેટલાય સમયથી નિર્ણય ઉપર આવી નથી. એ નિર્ણય ઉપર કેમ નથી આવી એ મારી ચર્ચાનો વિષય નથી. પણ મારે એ સમજવું છે કે, જયારે એક બિલ નિર્ણય માટે અનિર્ણિત હોય ત્યારે તેવો બીજો કાયદો ઘડવા ગૃહ ચર્ચા કરે તો એ કેટલું યોગ્ય છે? એ આપ મને કયારેક સમજાવવાનો પ્રયત્ન કરજો. પણ હું સ્પષ્ટપણે માનું છું કે એક બિલ કેન્દ્ર સરકાર પાસે અનિર્ણિત હોય ત્યારે એ વિષયને લગતું બીજું બિલ ન લવાય, એના માટેનો સંકલ્પ લવાય, એના માટેની અપીલ કરી શકાય. એ જ રીતે વિરોધપક્ષના નેતાશ્રીએ પત્ર લખ્યો ત્યારે સંકલ્પને લગતી હકીકત અને માહિતીલક્ષી વિગતો પણ મેં મંગાવી અને સરકારે મને જાણ કરી. મેં આ બાબતમાં સરકારને પણ પૂછાવ્યું કે બાબત ન્યાયાધીન છે કે નહીં? અને એટલે એમણે જે જાણ કરી એ પછી, મેં અર્સકીન મે લિખિત " પાર્લામેન્ટરી પ્રેકટીસ " પુસ્તકને પણ રીફર કર્યું છે. તેના પાના ૪૫૩ ઉપર એક રીલેવન્ટ ભાગ છે, Where a ministerial decision is in question, or a case concerns issues of national importance such as the national economy, public order or the essentials of life, reference may be made at the discretion of the Leader of the House who must be satisfied that there is no real substantial danger of prejudice to the proceedings. આ ઈસ્યુ દેશની અને રાજયની પ્રજાની શાંતિ માટેનો તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ખૂબ જ અગત્યનો છે એ હું માનુ છું અને એટલા માટે આ પાર્લામેન્ટરી પ્રેકટીસમાં કહેલી વાત સાથે હું સંમત થાઉં છું અને એનો પણ હું આધાર લઉં છું. એ જ પ્રમાણે તે પુસ્તકમાં ઉલ્લેખ છે કે The House has expressly resolved that the subjudice rule is qualified by the right of the House to legislate on any matter.

આપણા માટે ચોકકસ સબજયુડિસનો પ્રશ્ન જયનારાયણ વ્યાસના કહયા પ્રમાણે, એ ન્યાયાધીન હોવા છતાં પણ ચર્ચી શકાય. કોઈપણ બાબત સબજયુડિસ છે કે નહીં તે અધ્યક્ષે નકકી કરવાનું હોય છે ત્યારે અધ્યક્ષે નિર્ણય લેતાં પહેલાં વિધાનસભા ગૃહના બંધારણીય અધિકારો શું છે તે પણ જોવું જોઈએ. બંધારણની કલમ–૧૯૪થી રાજય વિધાનમંડળના ગૃહને ગૃહમાં વાણી સ્વાતંત્ર્યનો અધિકાર મળ્યો છે. આ અધિકાર વિધાનસભાના નિયમોથી લદાયેલ નિયંત્રણોને આધિન છે. સંસદીય લોકશાહીમાં ગૃહના સભ્યોના વાણી સ્વાતંત્ર્યના અધિકાર સંબંધે કૌલ–શકધરના પુસ્તકના પાના ૧૦૬૬ ઉપર કહયું છે કે – It is the absolute privilege of the Legislatures and Members thereof to discuss and deliberate upon all matters pertaining to the governance of the country and its people. Freedom of speech on the floor of the House is the essence of parliamentary democracy. Certain restrictions on this freedom have, to a limited degree, been self-imposed. One such restriction is that the discussions on matter pending adjudication before court of law should be avoided on the floor of the House, so that the court's function remains uninfluenced by anything said outside the ambit of trial in dealing with such matters. While applying the restrictions regarding the rule of subjudice, care has to be taken to see that the primary right of the freedom of speech is not unduly impaired to the prejudice of the Legislatures. અને એટલા માટે આજે આ સભાગૃહને પોતાનું મંતવ્ય રજૂ કરવાનો, અભિપ્રાય આપવાનો અધિકાર છે અને એ જો અધિકાર હોય તો એ અધિકાર હેઠળ નિયમ–૩૪ની વ્યાખ્યાને જરા વધારે સ્પષ્ટ કરવી પડે એમ મને ચોકકસ લાગે છે. એ વાત ચોકકસ છે કે અત્યાર સુધીના મારા પુરોગામી અધ્યક્ષોએ " અધ્યક્ષશ્રીના આદેશો અને નિર્ણયો"માં આ પ્રકારના નિર્ણયો નથી આપ્યા. કારણકે એમની પાસે આ પ્રકારનો પ્રશ્ન આવ્યો ન હતો, જો આવ્યો હોત તો હું માનું છું કે, એ પણ સબજયુડિસના પ્રશ્ન ઉપર નિર્ણય કરતી વખતે કૌલ–શકધર, મેની પાર્લામેન્ટરી પ્રેકટીસ અને ન્યાયાધિન બાબતોના વિષયની અંદર જે નિર્ણય કરત, તે નિર્ણય આજે હું કરું છું. આ નિર્ણય ભારતના બંધારણની કલમ–૧૯૪ હેઠળ પ્રાપ્ત થતા વાણી સ્વાતંત્ર્યના અધિકાર હેઠળ કરું છું. સભાગૃહ સર્વોચ્ચ છે અને સર્વોચ્ચ સભાગૃહને કાયદો ઘડવાનો અધિકાર છે અને કાયદો ઘડવાનો અધિકાર ત્યારે પૂરેપૂરો પ્રાપ્ત થયો ગણાય કે જયારે કાયદો ઘડવાની પ્રક્રિયા પૂરી થાય. અહીંયા વિધેયક પસાર કરવામાં આવ્યું અને એ પછી એ કેન્દ્ર સરકારને મોકલવામાં આવ્યું અને એ રીતે કાયદો ઘડવાની પ્રક્રિયા પૂરી નથી થઈ એટલે એને એ રીતે કાયદો નહીં પણ વિધેયકના સ્વરૂપે જ ગણાય અને એ કાયદો ઘડવાની પ્રક્રિયાના ભાગ રૂપે આજે જે સંકલ્પ લાવવામાં આવ્યો છે એ તેનો એક ભાગ છે અને જયારે એ ભાગ હોય ત્યારે એ ભાગની ચર્ચા કરવી એ આ સભાગૃહનો બંધારણીય અધિકાર છે. વિરોધપક્ષના નેતાશ્રી પણ કાયદાના વિદ્યાર્થી છે. કાયદો ઘડવાની પ્રક્રિયા કયારે પૂરી થાય, કાયદો કયારે ઘડાયેલો ગણાય અને એ ઘડવાની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે કોઈપણ અદાલતની ન્યાયિક વ્યવસ્થા કરતાં આ સભાગૃહને એની ચર્ચા અને ચિંતા કરવાનો અધિકાર છે. એ એનો લેજિસ્લેટીવ રાઈટ છે. જો નર્મદા યોજનાની ચર્ચા વખતે તે વખતના વિરોધપક્ષે સબજયુડિસ મુદ્દો ઉપસ્થિત કર્યો હોત તો મારા પુરોગામી અધ્યક્ષોએ પણ આ પ્રકારનો નિર્ણય કર્યો હોત. પરંતુ એવો કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નર્મદા યોજનાની ચર્ચા કરતી વખતે તત્કાલિન વિરોધપક્ષે ઉઠાવ્યો ન હતો. આજે જે મુદ્દો મારી સમક્ષ આવ્યો છે, આપે અને અર્જુનભાઈએ ઉપસ્થિત કર્યો છે એ માટે આપણા બધા જ સબજયુડિસના વિષય ઉપર ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરોનો મેં અભ્યાસ કર્યો છે. એકપણ મુદ્દો આજના મુદ્દાની સમકક્ષ નથી અને તેથી હું એમ

સ્પષ્ટપણે માનું છું કે જે મેટર કોર્ટમાં એડમિશનના સ્ટેજે હોય તેને સબજયુડિસ કહેવી યોગ્ય નથી. હું સ્પષ્ટપણે માનું છું કે જે મેટર ધારાકીય પ્રક્રિયાના ભાગરૂપે હોય તેને સબજયુડિસનો નિયમ લાગુ પડે નહીં અને ધારાકીય પ્રક્રિયાના ભાગરૂપે આવેલ નિયમ–૧૨૦ હેઠળના સરકારી સંકલ્પ પર સભાગૃહમાં ચર્ચા થઈ શકે.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૩૮ : ૨૦૦૮)

## સરકારી સંકલ્પ :

**૬૬. દાખલપાત્રતા –**

**સબજયુડિસ બાબત**

**જયાં સુધી કોઈપણ મુદ્દો ન્યાયિક સંસ્થા પાસે ચર્ચામાં ન લેવાય ત્યાં સુધી તે સબજયુડિસ બનતો નથી.**

તા ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા ગુજરાત વિધાનસભાના નિયમ–૧૨૦ હેઠળ, "ધર્માન્તર કરેલ દલિતોને અનામતના લાભો નહીં આપવા" અંગેનો સરકારી સંકલ્પ રજૂ કરવા ઉભા થયા તે તબકકે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે સરકારી સંકલ્પનું વિષય વસ્તુ નામદાર સુપ્રિમ કોર્ટમાં પેન્ડિગ હોઈ બાબત સબજયુડિસ હોવાથી તેને ગૃહ સમક્ષ રજૂ કરી શકાય નહી. આમ કહી તેમણે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યુ હતું.

ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડર બાબતે સંસદીય બાબતોના મંત્રી(રા.ક.) શ્રી અમિત શાહનું મંતવ્ય જાણ્યા બાદ માન. અધ્યક્ષશ્રી (અશોક ભટ્ટ)એ નીચે મુજબનો નિર્ણય આપ્યો હતો :–

" જયાં સુધી કોઈપણ મુદ્દો ન્યાયિક સંસ્થા પાસે, એપેક્ષ કોર્ટ કે હાઈકોર્ટમાં ચર્ચામાં ન લેવાય ત્યાં સુધી એ સબજયુડિસ બનતો નથી. આ પ્રશ્ન ઉપર જો સુપ્રિમ કોર્ટે નોટિસ કાઢી હોય, તેને ચર્ચામાં લીધો હોય, સુનાવણી શરૂ થઈ હોય, બંને પક્ષોને સાંભળ્યા હોય અને આ સભાગૃહ ચર્ચા કરે તો એ સબજયુડિસ ગણાય. વળી કોઈપણ બાબત સબજયુડીસ બનતી હોય તો પણ ગૃહ એ સર્વોપરી સંસ્થા છે, સબજયુડિસ એના માટે લક્ષ્મણરેખા છે અને આ લક્ષ્મણરેખા એણે જાતે દોરેલી છે તેથી એની ચર્ચા ન જ કરી શકાય એવું નથી. આપણે ચર્ચા ચોકકસ કરી શકીએ એમ છીએ. વળી ન્યાયિક કમિશનનો અહેવાલ સંસદમાં રજૂ થઈ ગયો છે અને હવે લોકસભા એના ઉપર ચર્ચા કરવાની છે. એકશન ટેકન રિપોર્ટ આપવો જોઈએ કે ન આપવો જોઈએ એ કેન્દ્ર સરકારનો સવાલ છે કારણકે રિપોર્ટ એમની પાસે કયારે રજૂ થયો, કેવી રીતે થયો એના ઉપર કેન્દ્ર સરકારે એકશન ટેકન રિપોર્ટ આપવો કે ન આપવો એ કેન્દ્ર સરકારને આપણે ફરજ પાડી શકીશું નહીં. આપણું ગૃહ એની ફરજ પાડી શકે નહીં અને ગુજરાત વિધાનસભાના નિયમ– ૧૨૦ના પ્રસ્તાવ બાબતે આ રાજયના મંત્રીશ્રીના એ અધિકારને હું રોકી નહીં શકું કેમ કે એક બહુ જ ગંભીર વિષયની ચર્ચા જયારે થઈ રહી હોય ત્યારે આ સભાગૃહના સભ્યોનું મંતવ્ય શું હોઈ શકે એ જાણવાનો અને જણાવવાનો જે અધિકાર છે એ અધિકારને હું રોકી શકું નહી. આપ એ બાબતના હંમેશા પુરસ્કર્તા રહયા છો. આ ગૃહના અધિકારો માટે કે આ ગૃહના પ્રત્યેક સભ્યને પોતાની વાત કહેવાનો અધિકાર છે એ વાત માટે આપ હંમેશા કહેતા રહયા છો અને એટલા માટે આ વિષય એક એવો ગંભીર વિષય છે કે જે સબંધમાં તમારું મંતવ્ય એક હોઈ શકે જયારે સામી બાજુનું મંતવ્ય બીજુ હોઈ શકે. મારું કાર્ય એટલું જ છે કે, એ "સબજયુડિસ" છે એ શબ્દોના આધારે હું આ સભાગૃહની અંદર એક ગંભીર વિષય ઉપરના મંતવ્ય આ

સભાગૃહના સભ્યોને રજૂ કરવા માટે, વ્યકત કરવા માટે રોકી ન શકું અને એટલા માટે હું માન. મંત્રીશ્રીને એમનો પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી આપું છું. આપ એના ઉપર જે કહેવું હોય તે કહી શકો છો." આમ જણાવી માન. અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૭ : ૨૦૦૯)

**શોકદર્શક ઉલ્લેખ :**

**૬૭. અવસાનના સમાચારની અધિકૃતતા**

**– વિધાનસભા સચિવાલય દ્વારા સભ્યશ્રીના અવસાનના સમાચારની અધિકૃતતાની ખાતરી થયા બાદ જ ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરી શકાય.**

તા. ૨૩–૨–૨૦૧૨ના રોજ ગૃહમાં રજૂ થયેલ શોકદર્શક ઉલ્લેખો દરમિયાન માનનીય સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલે ખેડબ્રહ્મા મત વિસ્તારના પૂર્વ ધારાસભ્યશ્રી માલદેવજીભાઈ ડાભીના અવસાન અંગે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવા ચિઠ્ઠી લખી માન. અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું હતું. તે દિવસના કામકાજની યાદીમાં પૂર્વ સભ્યશ્રી માલદેવજીભાઈ ડાભીના શોકદર્શક ઉલ્લેખની બાબત લેવામાં આવી નહિ હોવા છતાં પણ સભ્યશ્રી કોટવાલે અન્ય મહાનુભાવોના શોકદર્શક ઉલ્લેખોની સાથે સ્વર્ગસ્થ શ્રી માલદેવજીભાઈ ડાભીને પણ શ્રધ્ધાંજલિ આપી હતી.

આ બાબતે તા.૨૪–૨–૨૦૧૨ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહમાં જાહેરાત કરીને જણાવ્યું હતું કે, પ્રસ્થાપિત કાર્યપધ્ધતિ અનુસાર કોઈ સભ્યશ્રીના અવસાનના સમાચાર મળે ત્યારે વિધાનાનસભા સચિવાલય દ્વારા તેની અધિકૃતતાની ખાતરી કર્યા બાદ જ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવતો હોય છે. સભ્યશ્રી કોટવાલે ગઈકાલે સભ્યશ્રી માલદેવજીભાઈ ડાભીના અવસાન અંગે જે ઉલ્લેખો કર્યા હતા તે પ્રસ્થાપિત કાર્યપધ્ધતિ સાથે સુસંગત ન હોઈ કરેલ ઉલ્લેખો ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાની સાથે ભવિષ્યમાં ગૃહના તમામ સભ્યોનું આ બાબતમાં કાળજી રાખવા ધ્યાન દોર્યું હતું.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક– ૧૬૩ : ૨૦૧૨)

**સભ્યોની ગૃહમાં હાજરી :**

**૬૮. સભાગૃહનો બહિષ્કાર –**

**No work No pay**

**સભાગૃહનો બહિષ્કાર કર્યા પછી સભ્યશ્રીઓએ નૈતિકતાના ધોરણે હાજરી પત્રકમાં સહી કરવી જોઈએ નહીં – ભથ્થાં લેવા જોઈએ નહીં.**

વિરોધપક્ષના સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તા. ૮મી જુલાઈ, ૨૦૦૯ના રોજ તથા સભ્ય ડૉ. અનિલ જોષીયારાએ તા.૯મી જુલાઈ, ૨૦૦૯ના રોજ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૮ હેઠળ સભામોકૂફીના

પ્રસ્તાવની એક એક સૂચના આપી હતી. આ સૂચનાઓ નિયમની મર્યાદામાં નહીં હોવાથી માનનીય અધ્યશ્રક્ષીએ તેમને સભાગૃહની અનુમતિ માગવાની પરવાનગી આપી ન હતી.

ઉકત બાબતથી નારાજ થઈ તા. ૮મી જુલાઈ, ૨૦૦૯ના રોજ વિરોધપક્ષના કેટલાક સભ્યોએ વેલમાં ધસી આવી ગૃહની કાર્યવાહીમાં અંતરાય ઉભો કરતાં નિયમ–૫૧ હેઠળ કોંગ્રેસપક્ષના ૧૪ સભ્યશ્રીઓને નેઈમ કરી એક દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી  દૂર કર્યા હતા. બીજા દિવસે એટલે કે તા. ૯મી જુલાઈ, ૨૦૦૯ના રોજ પણ વિરોધપક્ષના સભ્યોએ પોત–પોતાની જગા પર ઉભા રહી સૂત્રોચ્ચાર કરી, ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ નાખવાનું શરૂ કર્યું હતું. ગૃહમાં કાગળો ફાડી ઉછાળવામાં આવ્યાં હતાં.  અધ્યક્ષશ્રીએ તેમને નિયમ–૫૧ હેઠળ ગૃહ છોડી જવા આદેશ આપવા છતાં અધ્યક્ષશ્રીના આદેશની અવગણના કરી હતી અને કેટલાક સભ્યોએ તેઓની બેઠક ઉપરના માઈક તોડી નાખ્યાં હતાં. તેથી આવું અતિશય તોફાન કરનાર કોંગ્રેસ પક્ષના–૭ સભ્યશ્રીઓને નિયમ–૫૨ અન્વયે સત્રના અંત સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તા. ૧૦મી જુલાઈ, ૨૦૦૯ ના રોજ પ્રશ્નોત્તરીનો સમય શરૂ થતાં વિરોધપક્ષના સભ્યોએ કાળા કપડાં પહેરીને ગૃહમાં આવી સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતાં અને કેટલાક સભ્યશ્રીઓએ ગૃહમાં કાગળો ફાડી ઉછાળ્યાં હતાં વળી કેટલાક સભ્યશ્રીઓ વેલમાં ધસી આવ્યા હતા. કોંગ્રેસ પક્ષના આવા ૧૧ સભ્યશ્રીઓને ત્રણ દિવસ માટે એટલે કે તા.૧૪મી જુલાઈ, ૨૦૦૯ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ઉપર દર્શાવેલ ઘટનાક્રમથી નારાજ થઈ વિરોધપક્ષના સભ્યોએ સભાગૃહમાં હાજર નહીં રહી સભાગૃહની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો. કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હોવા છતાં સભ્યશ્રીઓની હાજરી માટે નિયમ–૨૭૯ હેઠળ રાખવામાં આવતા હાજરીપત્રકમાં કેટલાક સભ્યશ્રીઓ સહી કરતા હતા. આ બાબતે ૧૫મી જુલાઈ, ૨૦૦૯ના રોજ સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે વિરોધપક્ષના સભ્યોએ એક બાજુ વિધાનસભા ગૃહનો બહિષ્કાર કર્યો છે જયારે બીજી બાજુ હાજરી પત્રકમાં સહી કરે છે તો નૈતિકતાના ધોરણે તેમણે સહી કરવી જોઈએ નહીં. આમ કહીને તેમણે No work No pay અને નૈતિકતાના આધાર પર માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં માનનીય અધ્યક્ષ (શ્રી અશોક ભટ્ટ)એ નીચે મુજબ માર્ગદર્શન આપ્યું હતું.

"હું વિધાનસભાના નિયમો ઉપર વાત કરીશ, ૧૩ મી તારીખે જે સભ્યશ્રીઓ સભાગૃહમાં ન હતા અને સહી કરી છે એવા સભ્યોની સંખ્યા ૨૪ની હતી. ૧૪મી તારીખે સભાગૃહની અંદર હાજર નથી પરંતુ બહાર સહી કરી છે એવા સભ્યોની સંખ્યા ૨૮ ની છે. તમે જયારે નિયમની વાત કરી ત્યારે મારે સભાગૃહને જણાવવાનું કે આપણા વિધાનસભાના નિયમોના નિયમ–૨૭૯ ની જોગવાઈ મુજબ હાજરીપત્રક રાખવામાં આવે છે. જેમાં અધ્યક્ષ, મંત્રીઓ, નાયબ મંત્રીઓ, સંસદીય સચિવો સિવાયના સભ્યોએ – જે દિવસે તેઓ સભાગૃહની બેઠકમાં હાજર રહે તે દિવસે સહી કરવી. જે દિવસે હાજરીપત્રકમાં સહી કરી નહિ હોય તે દિવસે સભાગૃહની બેઠકમાંથી ગેરહાજર છે એમ માની લેવામાં આવશે. એટલે એક વાત સાચી છે કે  જે સભ્યશ્રીઓએ સહીઓ કરી છે તે આ સભાગૃહમાં હાજર છે એમ થયું અને આ સભાગૃહમાં હાજર છે માટે ભથ્થું લે છે પરંતુ જે સભ્યશ્રીઓએ સભાગૃહનો બહિષ્કાર કર્યો છે એમ જો તેઓ કહેતા હોય તો એમને નૈતિક બંધનો પણ હોવાં જોઈએ. ગાંધી વિચારધારાને આપણે વરેલા છીએ ત્યારે ગુજરાત એ ગાંધીનું ગુજરાત એમ આપણે કહીએ

છીએ ત્યારે આપણા જીવનનો આદર્શ હોય કે જે દિવસે આપણે સભાગૃહનો બહિષ્કાર કર્યો હોય, સભાગૃહમાં ના ગયા હોય એટલે કે એક પ્રકારનો સત્યાગ્રહ કર્યો હોય તો એ દિવસનું આર્થિક ઉપાર્જન કરવું એ પણ નીતિને માનનારાઓ માટે નીતિશાસ્ત્ર પ્રમાણે યોગ્ય નથી. વિધાનસભાના નિયમો પ્રમાણે એમણે સહી કરી છે એટલે આ બે દિવસનું ભથ્થું મારે તો એમને ચૂકવવું જ પડે પરંતુ આપણે જો નૈતિક બળ અને નૈતિક શકિતઓથી બંધાયેલા હોઈએ તો આપણે એ લેવું જોઈએ નહીં. હું ચોકકસ માનું છું કે, વિધાનસભાના નિયમ–૨૭૯ પ્રમાણે જે સભ્યશ્રીઓએ સહી કરી છે એમને વિધાનસભામાંથી ભથ્થું મળશે. જે લોકોએ સત્યાગ્રહ કર્યો હોય અથવા તો નિર્ણય કર્યો હોય કે અમે વિધાનસભાનો બહિષ્કાર કર્યો છે એમણે સહી કરવી જોઈતી ન હતી, એ એમના પોતાના ઉપર આધાર રાખે છે. સહી કરે એટલે એ સભાગૃહમાં હાજર છે એ આપણા નિયમો કહે છે. જો બહિષ્કાર કર્યો હોય તો માત્ર ગૃહની અંદરની ગેરહાજરી જ નહીં, હાજરી પત્રકમાં પણ એમણે સહી નહોતી કરવી જોઈતી. સહી કરી છે એટલે મારે ભથ્થું આપવાનું છે, એટલે ફરીથી પુનઃ ઉકિત સાથે હું એ કહું છું કે, ગાંધી વિચારધારા એવું કહે છે કે, આપણે જો પગાર–ભથ્થાં મેળવવા હોય તો આપણે કામ કરવું જોઈએ અને મને ખબર છે કે, હૈદરાબાદ જયાં ઓલ ઈન્ડિયા દંડક કોન્ફરન્સમાં હું ગયો હતો ત્યારે પણ આ વિષય ખૂબ ચર્ચાયો હતો અને એની ચર્ચા એવી થઈ હતી કે જે દિવસે આપણે કામ ન કરીએ એ દિવસે આપણે ભથ્થું લેવું જોઈએ નહીં. આમ "નો વર્ક નો પે"ની વાત આવી પરંતુ હજુ એ નિયમોમાં રૂપાંતરિત થયું નથી એટલે મારા માટે મુશ્કેલી છે. તમે કહયું છે ત્યારે એને હું ખૂબ ગંભીરતાથી લઉં છું. આ પ્રકારની ઘટનાઓ હવે પછી ન બને એટલા માટે વિધાનસભાના નિયમોની સમિતિ પણ હું બોલાવીશ અને નિયમોની સમિતિની અંદર પણ આ વાત કહીશ કે ગૃહની હાજરી સાથે એને જોડવી જ જોઈએ અને ગૃહમાં હાજર હોય એમણે જ બહાર હાજરી પત્રકમાં સહી કરવી જોઈએ અને તો જ એમને ભથ્થું મળે એ પ્રમાણે આપણે નિર્ણય લઈશું. આજે સભાગૃહમાં હાજર હોય પણ સહી ન કરી હોય એવા જે સભ્યો છે એમની હાજરી અમે મંજૂર કરીએ છીએ. આજના પ્રસંગે તમારો જે મુદ્દો છે એ ખૂબ ગંભીર છે કે જેમણે બહિષ્કાર કર્યો છે અને બહાર હાજરી પત્રકમાં સહી કરી છે. આ કિસ્સામાં વિધાનસભાના પ્રવર્તમાન નિયમો પ્રમાણે હું કશું જ કરી નહી શકું, એમને તો મારે ભથ્થું આપવું જ પડશે પરંતુ મારો એ પણ આગ્રહ છે કે જેમણે કામ કર્યુ નથી અને આપણે ગાંધી વિચારધારાને વરેલા છીએ માટે એમણે સહી કરવી જોઈતી ન હતી, એ સહી કરે છે એનો અર્થ એ છે કે, પોતે ભથ્થું લેવા માટે સહી કરે છે. એમણે વિધાનસભાનો બહિષ્કાર કર્યો છે એટલે એમણે બહાર સહી કરવી જોઈએ નહીં, આ સ્પષ્ટતા સાથે ફરીથી હું એને એટલા ગંભીરતાપૂર્વક લઉં છું કે, આવનારા વખતમાં નિયમોની સમિતિની અંદર પણ આ મૂકીશ અને આપણી સમિતિ અને આ ગૃહ નિયમોમાં ફેરફાર કરે એ પછી આપણે આ **૨૭૯**ના નિયમને બદલી શકીશું.

(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૧૪૩ : ૨૦૦૯)

# સૂચિપત્ર


| | વિષય | નિર્ણય ક્રમાંક | પાના નંબર |
|---|---|---|---|
| **અરજી સમિતિ :** | | | |
| | – ઉપાધ્યક્ષનું પદ | ૧. | |
| | અરજી સમિતિના અધ્યક્ષપદે નિયમ મુજબ ઉપાધ્યક્ષને રાખવા બાબત | | |
| **અવમાન** | | | |
| | – અધ્યક્ષશ્રીના નિર્ણયનો અનાદર : | ૨. | |
| | અધ્યક્ષે આપેલા નિર્ણયના અનાદરથી ગૃહનું અવમાન થાય. | | |
| | ગૃહના અવમાન બદલ વિરોધપક્ષના નેતાને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા. | | |
| | – અધ્યક્ષના નિર્ણય વિરૂધ્ધ સભાત્યાગ : | ૩. | |
| | અધ્યક્ષના નિર્ણય વિરૂધ્ધ સભાત્યાગ કરવાથી સભાગૃહનું અવમાન થાય છે. | | |
| | – અધ્યક્ષશ્રીના નિર્ણય વિરૂધ્ધ સુત્રોચ્ચારઃ | ૪. | |
| | – પ્રદર્શન | ૫. | |
| | (૧) સભાગૃહની અંદર કાળાં કપડાં પહેરી પ્રદર્શન કરી શકાય નહીં. | | |
| | (૨) અધ્યક્ષ સ્થાને બેઠેલ વ્યકિત સામે પીઠ ફેરવીને વાત ન કરી શકાય, તે ગૃહ તથા અધ્યક્ષ પદનું અવમાન છે. | | |
| | –રાજયપાલશ્રીના સંબોધન દરમિયાન સૂત્રોચ્ચાર અને બેનરોનું નિદર્શન | ૬. | |
| | –રાજયપાલશ્રીના સંબોધન દરમિયાન સૂત્રોચ્ચાર કરવો કે બેનરોનું નિદર્શન કરવું એ ગૃહના અવમાન બરાબર છે અને તે અંગે સજા કરવાનો ગૃહને અધિકાર છે. | | |
| | – લોક પ્રતિનિધિનું વર્તન | ૭. | |
| | (૧) ગુજરાતની પ્રજાની સાર્વજનિક મિલકત સાચવવાની જવાબદારી લોક પ્રતિનિધિની છે. | | |
| | (૨) અધ્યક્ષશ્રી સામે પીઠ કરીને ઉભા રહેવું તે ગૃહ તથા અધ્યક્ષ પદનું અવમાન છે. | | |
| | – સભાગૃહમાં નિદર્શનો અને સુત્રોચ્ચારઃ | ૮. | |
| | સમાન પ્રકારના સુત્રોવાળા કાળા પટ્ટા ખભા ઉપર ધારણ કરીને કરેલ સુત્રોચ્ચાર અને દેખાવોથી ગૃહનું અવમાન | | |
| | ગૃહના અવમાનનો મુદ્દો પ્રશ્નોત્તરી દરમિયાન પણ ઉપસ્થિત કરી શકાય. | | |
| **અધ્યક્ષના અધિકારો :** | | | |
| | –ગૃહની બેઠક બોલાવવી | ૯. | |
| | કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયેલ ન હોય તેમ છતાં અધ્યક્ષ નિયમ–જથી મળેલ સત્તાની રૂએ ગૃહની બેઠક બોલાવી શકે. | | |
| | – વિધાનસભા ભવન | ૧૦. | |
| | વિધાનસભા ભવનનો ઉપયોગ રાજકીય મતમતાંતર માટે થવો જોઈએ નહીં. | | |
| **આક્ષેપ :** | | | |

| | | | |
|---|---|---|---|
| | – અંગત આક્ષેપ : | ૧૧. | |
| | મંત્રીશ્રી સામે અંગત આક્ષેપ બદલ વિરોધપક્ષના નેતાશ્રીને ગૃહની માફી માગવા જણાવીને અંગત આક્ષેપ કાર્યવાહીમાંથી દૂર કર્યો. | | |
| **ઔચિત્ય ભંગ:** | | | |
| | – અધ્યક્ષ ગૃહને સંબોધતા હોય ત્યારે સભ્યે પોતાનું સ્થાન છોડવું જોઈએ નહીં.<br>અધ્યક્ષ સ્થાનેથી ગૃહના તમામ સભ્યોને પોતાનું સ્થાન લેવા જણાવ્યા બાદ મુખ્યમંત્રી પોતાનું સ્થાન છોડી ગયા હોવાથી ઔચિત્યભંગનો કોઈ મુદ્દો ઉપસ્થિત થતો નથી. | ૧૨. | |
| | – નીતિ વિષયક જાહેરાતઃ | ૧૩. | |
| | સત્ર ચાલુ હોય ત્યારે નીતિવિષયક નિર્ણયની જાહેરાત સભાગૃહમાં કરવી જોઈએ. | | |
| **અંદાજપત્ર :** | | | |
| | બેઠા બેઠા અંદાજપત્ર પ્રવચનનું વાંચન તથા તેની નકલોની હોળી | ૧૪ . | |
| | (૧)અધ્યક્ષની પરવાનગી મેળવી નાણામંત્રીશ્રી ગૃહમાં પોતાની જગ્યા પર બેઠા–બેઠા અંદાજપત્ર પ્રવચનનું વાંચન કરી શકે. | | |
| | (૨)વિધાનસભામાં રાજકીય પ્રદર્શન કરવાનો કોઈ પક્ષને અધિકાર નથી. | | |
| | (૩)વિધાનસભા ભવનમાં અંદાજપત્રની નકલો સળગાવવી, સૂત્રોચ્ચારો તથા દેખાવો યોજી સરઘસ કાઢવું તે સંસદીય લોકશાહીનું અવમાન છે. | | |
| | – અંદાજપત્ર પ્રકાશનોમાં દર્શાવેલ વિગતોના અનુવાદ | ૧૫. | |
| | અંદાજપત્ર પ્રકાશનોમાં દર્શાવેલ વિગતોના અનુવાદ ગુજરાતી–અંગ્રેજી બંનેમાં હોવા જરૂરી છે. | | |
| | – રાજવિત્તીય જવાબદારી અધિનિયમ–૨૦૦૫ હેઠળ સ્વૈચ્છિક રીતે જાહેર કરવાની માહિતીના પત્રકો | ૧૬. | |
| | ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ–૨૦૦૫ હેઠળ સ્વૈચ્છિક રીતે જાહેર કરવાની માહિતીમાં રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનને લગતા પત્રકો અધિનિયમ હેઠળ ઘડાયેલ નિયમોની જોગવાઈ મુજબ ચાલુ ભાવે આપવાના હોય છે. | | |
| **કામકાજ સલાહકારસમિતિ :** | | | |
| | – હાજર રહેવા બાબત | ૧૭. | |
| | (૧) કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં સમિતિના દરેક સભ્યશ્રીએ અનુકૂળતા કરીને હાજર રહેવું જોઈએ. | | |
| | (૨) કામકાજ સલાહકાર સમિતિની બાબતો પ્રચાર માધ્યમોને ન જણાવતા સમિતિ સમક્ષ રજૂ કરવી જોઈએ. | | |
| | (૩) કામકાજ સલાહકાર સમિતિ સહિતની બધી સમિતિઓમાં થયેલ કાર્યવાહી પરંપરા મુજબ ગુપ્ત રાખવી જોઈએ. | | |
| **ચર્ચા :** | | | |
| | – કોર્ટના ચૂકાદાનો ઉલ્લેખ | ૧૮. | |
| | કોર્ટના ચૂકાદાનો ઉલ્લેખ કરી શકાય પણ તેની ટીકા કરી શકાય નહિ. | | |
| | – વકતવ્ય વાંચવુ | ૧૯. | |
| | અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતે મંત્રીશ્રી લખેલું વકતવ્ય અક્ષરશઃ વાંચી શકે નહીં. | | |
| | – અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાની મર્યાદા | ૨૦. | |

| | | | |
|---|---|---|---|
| | અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માનનીય અધ્યક્ષશ્રીએ ચર્ચાના પ્રથમ દિવસે આપેલ માર્ગદર્શનને ધ્યાનમાં રાખીને જ કરવી જોઈએ. | | |
| | – કેન્દ્ર સરકારની ટીકા | ૨૧. | |
| | કેન્દ્ર સરકારની કામગીરીની ટીકા ગૃહમાં થઈ શકે નહિ. | | |
| | –કેન્દ્ર સરકારની ટીકા | ૨૨. | |
| | કેન્દ્ર સરકારની ટીકા કરી શકાય નહીં પરંતુ રાજયના હિતને વિપરીત અસર થતી હોય તેવી માહિતી કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરી ગૃહના સભ્યોને આપી શકાય. | | |
| | –કેન્દ્ર સરકારનો ઉલ્લેખ | ૨૩. | |
| | ચર્ચામાં કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરવો અનિવાર્ય હોય અને કોઈ હકીકતલક્ષી કે મૂલ્યાંકનલક્ષી બાબત ગૃહ સમક્ષ રજૂ કરવાની હોય ત્યારેકેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરી શકાય –ટીકા ન કરી શકાય. | | |
| | –બોર્ડ / કોર્પોરેશનના વહીવટ અંગે ચર્ચા | ૨૪. | |
| | બોર્ડ / કોર્પોરેશને લગતી માગણી પર તેના વહીવટ અંગે ચર્ચા કરી શકાય. | | |
| | –સબજયુડિસ બાબત | ૨૫. | |
| | સબજયુડિસ બાબતનો નિયમ ધારા ઘડવાની કાર્યવાહીને લાગુ પડતો નથી. | | |
| | –સબજયુડીસ બાબત | ૨૬. | |
| | જે બાબત ન્યાયાલયમાં વિચારણાધીન હોય તે અંગે સભાગૃહમાં ચર્ચા કરી શકાય નહીં. | | |
| | – અખબાર આધારિત ઉલ્લેખ | ૨૭. | |
| | અખબાર આધારિત વાત ન કરી શકાય પરંતુ તેનો રેફરન્સ આપી શકાય. | | |
| **તસ્વીર :** | | | |
| | – ધાર્મિક / સાંસ્કૃતિક સ્થળોની તસ્વીરો | ૨૮. | |
| | લોકશ્રદ્ધાના કેન્દ્રો અને ગુજરાતના ગૌરવ સમી તસ્વીરો પ્રત્યે આદરપૂર્વક વર્તવુ જોઈએ. | | |
| **દીર્ઘા :** | | | |
| | – અધિકારી દીર્ઘા : | ૨૯. | |
| | અધિકારી દીર્ઘામાં બેઠેલા સંસદીય બાબતોના વિભાગના સચિવ બાબતમાં ઉલ્લેખો | | |
| | અધ્યક્ષના ક્ષેત્રાધિકાર હેઠળની બાબત ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહિ. | | |
| | –પત્રકાર દીર્ઘાઃ | ૩૦. | |
| | પત્રકારોની ગેરહાજરી : | | |
| | અધ્યક્ષના ક્ષેત્રાધિકાર બહાર બનેલ ઘટના અંગે અધ્યક્ષ કોઈ દરમિયાનગીરી કરી શકે નહિ. | | |
| **નિવેદન :** | | | |
| | નિયમ – ૪૪નું નિવેદન | ૩૧. | |
| | મંત્રીશ્રીને ગૃહમાં નિવેદન કરવાની પરવાનગી આપી હોય ત્યારેગૃહનું સન્માન જાળવવાની પરંપરાના ભાગરૂપે તેની સામે વાંધો લઈ શકાય નહીં. | | |
| **નુકસાન :** | | | |
| | સરકારી – પ્રજાની મિલકતને નુકસાન | ૩૨. | |

| | | | |
|---|---|---|---|
| | (૧) સભાગૃહમાં સભ્યો તોફાન કરી મિલકતને નુકસાન કરે તો નુકસાન કરનાર સભ્યશ્રીએ નુકસાની ભરપાઈ કરવી જોઈએ. | | |
| | (૨) જે વસ્તુ સભાગૃહની કાર્યવાહીનો ભાગ ન હોય તેને પ્રદર્શિત કે પ્રસારિત ન કરી શકાય. | | |
| **પ્રશ્નો :** | | | |
| | – અભિનંદન / આવકાર, વિશેષણ, ટીકા, વક્રોકિત વગેરે | **૩૩.** | |
| | પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પૂરક પ્રશ્ન પૂછતી વખતે અભિનંદન / આવકાર, વિશેષણ, વક્રોકિત, ટીકાઓથી દૂર રહેવુ જોઈએ | | |
| | – અસંસદીય શબ્દપ્રયોગ | **૩૪.** | |
| | અપમાનજનક તથા અસંસદીય ઉચ્ચારણોથી ગૃહની ગરીમા અને ગૌરવ તથા પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે. | | |
| | – તારાંકિત પ્રશ્નો અને તેના લેખિત જવાબો | **૩૫.** | |
| | (૧)કોઈપણ પ્રશ્નનો જવાબ ચાર પાના સુધીનો હોય તો તેને પ્રશ્નોત્તરીની યાદીમાં છાપવાનું ધોરણ છે. | | |
| | (૨)મંત્રીશ્રીએ પ્રશ્નનો જવાબ કઈ રીતે આપવો તે અંગે માર્ગદર્શન આપી શકાય નહીં. | | |
| | – તારાંકિત પ્રશ્નો અને તેના લેખિત જવાબો | **૩૬.** | |
| | તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાં ચાર પાનાની માહિતી સુધીના પત્રકો / પરિશિષ્ટો છાપવા | | |
| | – તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ટૂંકા હોવા જોઈએ | **૩૭.** | |
| | મૂળ પ્રશ્ન તથા તેના પર પૂછાયેલા પૂરક પ્રશ્નોના જવાબો ટૂંકા અને મુદ્દાસર હોવા જોઈએ | | |
| | – તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ટૂંકા હોવા જોઈએ | **૩૮.** | |
| | પ્રશ્નના જવાબમાં વધારે માહિતી અને વિગતો હોય તો એ ટેબલ ઉપર મૂકવાનું રાખવું જોઈએ. | | |
| | – દાખલપાત્રતા : | **૩૯.** | |
| | પ્રશ્નોની દાખલપાત્રતા સંબંધે કોઈ મુદ્દો ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહિ. | | |
| | – પૂરક પ્રશ્ન | **૪૦.** | |
| | (૧) પૂરક પ્રશ્ન મૂળ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો હોવો જોઈએ | | |
| | (૨) પૂરક પ્રશ્ન પૂછતી વખતે કોઈ વ્યંગ્યાત્મક ઉલ્લેખો કરવા જોઈએ નહિં | | |
| | – પૂરક પ્રશ્નો ટૂંકા અને મૂળપ્રશ્ન સાથે સુસંગત હોવા જોઈએ | **૪૧.** | |
| | પ્રશ્નકાળના સંચાલન માટે કાર્યશૈલી નકકી કરવાનો અધ્યક્ષશ્રીનો અધિકાર | **૪૨.** | |
| | (૧)પ્રશ્ન પૂછવા માગતા સભ્યશ્રી હાથ ઊંચો કરીને પણ અધ્યક્ષનું ધ્યાન ખેંચી શકે છે. | | |
| | (૨)સભાગૃહના સંચાલન માટે કાર્યશૈલી નકકી કરવાનો અધ્યક્ષશ્રીને અધિકાર છે. | | |
| | – પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરી | **૪૩.** | |
| | પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીમાં મંત્રીશ્રીની સંમતિથી અને અધ્યક્ષશ્રીની પરવાનગીથી અન્ય સભ્ય પ્રશ્ન પૂછી શકે છે અને મંત્રીશ્રી જવાબ આપી શકે છે. | | |
| | –પ્રભારી સભ્યની ગેરહાજરી | **૪૪.** | |

| | | | |
|---|---|---|---|
| | (૧)ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન પ્રોક્સી તરીકે અન્ય સભ્ય પૂછી શકે નહીં. | | |
| | (૨)પ્રશ્ન પૂછયા પછી પ્રભારી સભ્ય ગેરહાજર રહે તે યોગ્ય નથી . | | |
| | – પ્રશ્નના વિષયને સંબંધિત જિલ્લાના સભ્યોને પૂરક પ્રશ્નો પૂછવામાં અગ્રતા | **૪૫.** | |
| | પૂરક પ્રશ્નો પૂછવા માટે પ્રશ્નના વિષયને સંબધિત જિલ્લાના ધારાસભ્યોને અગ્રતા આપવાની પ્રથાથી અન્ય સભ્યોના અધિકારો પર કોઈ કાપ આવતો નથી. | | |
| | – પ્રશ્ન પૂછવાના અધિકારની ટીકા– ટિપ્પણ | **૪૬.** | |
| | પ્રશ્નો પૂછવા બાબતના ઈરાદાની ટીકા–ટિપ્પણ થઈ શકે નહિ | | |
| | – લેખિત રજૂઆત | **૪૭.** | |
| **વિધેયકો :** | | | |
| | –દાખલપાત્રતા | **૪૮.** | |
| | વટહુકમનું સ્થાન લેતાં વિધેયકની દાખલપાત્રતા | | |
| | –પ્રિન્ટીંગ ભૂલ | **૪૯.** | |
| | વિધેયક લાવવામાં આવે ત્યારે પહેલાં તેને બરાબર ચકાસી લેવું જોઈએ અને પછી લાવવું જોઈએ. | | |
| | –પ્રભારી સભ્ય : | **૫૦.** | |
| | બિન સરકારી વિધેયકના પ્રભારી સભ્ય ગૃહના સભ્ય ન હોવા બાબત. | | |
| | – પુનઃ વિચારણા માટે પરત કરેલ વિધેયક પાછું ખેંચવું | **૫૧.** | |
| | નામદાર રાજયપાલશ્રીએ પુનઃ વિચારણા માટે પરત કરેલ વિધેયક કોઈપણ તબકકે પાછું ખેંચી શકાય. | | |
| | – વિધાનસભાની કાયદો ઘડવાની સક્ષમતા | **૫૨.** | |
| | (૧) ગૃહની કાયદો ઘડવાની સક્ષમતાના મુદ્દે કોઈ વિધેયકને દાખલ થતું કે તેની વિચારણા કરતું અટકાવી શકાય નહીં. | | |
| | (૨)વિધેયકને દાખલ થતું કે તેની વિચારણા કરતું અટકાવવા અંગે અધ્યક્ષ કોઈ નિર્ણય કરતા નથી. | | |
| | – વિનિયોગ વિધેયક પર ચર્ચા માટે મુદ્દા આપનાર સભ્યોની ગેરહાજરી | **૫૩.** | |
| | પૂરક વિનયોગ વિધેયક પરની ચર્ચા દરમિયાન મુદ્દા આપનાર પ્રભારી સભ્યશ્રીઓએ ગૃહમાં હાજર રહેવું જોઈએ. | | |
| | –સુધારા | **૫૪.** | |
| | (૧) જૂના અધિનિયમો રદ કરતા વિધેયક પર માત્ર નકારાત્મક સુધારા આવી શકે જે નિયમ બાહય છે. | | |
| | (૨)રદ કરતાં વિધેયક સાથેની અનસૂચિમાં દર્શાવેલ અધિનિયમો પર કોઈ સુધારા સુચવી શકાય નહિ તેમજ રદ થતાં અધિનિયમો પૂરવણી રૂપે છાપી શકાય નહિ. | | |
| **વિશેષાધિકાર ભંગ :** | | | |
| | – મોક વિધાનસભા | **૫૫.** | |
| | 'મોક એસેમ્બલી' – સમાંતર વિધાનસભાથી સભાગૃહના ગૌરવને હાની પહોંચે છે | | |
| | – મોક વિધાનસભા | **૫૬.** | |
| | વિધાનસભાને લોક નજરમાં નીચે દેખાડવાના આશયથી મોક વિધાનસભાનું આયોજન થવું જોઈએ નહીં. | | |
| | – સભ્યશ્રીની ઈરાદાપૂર્વક માનહાની કરવાથી થતો વિશેષધિકારનો | **૫૭.** | |

| | | | |
|---|---|---|---|
| | ભંગ | | |
| | સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી સામે ગૃહની કાર્યવાહી દરમિયાન તેમના આઈપેડ પર અશ્લીલ તસ્વીરો જોવા બાબતમાં વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલ સમાચારથી થતા વિશેષાધિકારના ભંગ અંગે નિયમ –૨૫૩(૨) હેઠળ તપાસ વિશેષાધિકાર સમિતિને સોંપવાની જાહેરાત. | | |
| **સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો :** | | | |
| | – અધિસૂચનાઓ : | **૫૮.** | |
| | અધિસૂચનાઓ સમયસર વિધાનસભાના મેજ ઉપર મૂકાવી જોઈએ | | |
| | –સી. એ. જી. ના અહેવાલો – | **૫૯.** | |
| | બજેટ રજૂ થયા બાદ ઓડિટ અહેવાલ એક અઠવાડિયામાં રજૂ કરવા જોઈએ. | | |
| | –સી.એ.જી.ના અહેવાલો : | **૬૦.** | |
| | સી.એ.જી.ના અહેવાલો ગૃહમાં રજૂ થતા પહેલા તેમાં સમાવિષ્ટ વિગતો પ્રચાર માધ્યમોને આપવાથી સભાગૃહના ઔચિત્યનો ભંગ | | |
| | સી. એ. જી. ના અહેવાલો વિલંબથી ગૃહના મેજ પર મૂકવામાં બંધારણ કે નિયમોની કોઈ જોગવાઈનો ભંગ થતો નથી. | | |
| | – તપાસ પંચનો અહેવાલ | **૬૧.** | |
| | જસ્ટીસ નાણાવટી અને જસ્ટીસ મહેતા તપાસપંચના અહેવાલ અંગે: | | |
| | (૧)ન્યાયની વ્યવસ્થા સામે આક્ષેપો ન થાય | | |
| | (૨)પોઈન્ટ ઓફ ઓર્ડર કયા નિયમ હેઠળ ઉભો કરવાનો છે તે જણાવવું જોઈએ. | | |
| | (૩)કાગળો મેજ ઉપર મૂકવાના તબકકે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો ન કરી શકાય. | | |
| | – વાર્ષિક હિસાબો | **૬૨.** | |
| | સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો સમયસર મૂકાતા ન હોય તો તે બાબત મેજ ઉપર મૂકવાના કાગળો માટેની સમિતિના ધ્યાન પર લાવવી જોઈએ. | | |
| **સભામોકૂફીનો પ્રસ્તાવ :** | | | |
| | –લઠ્ઠાકાંડ | **૬૩.** | |
| | લઠ્ઠાકાંડના વિષય અંગે નિયમ–૧૧૬ હેઠળ સૂચના દાખલ કરી હોય ત્યારે આ વિષય પર સભામોકૂફીનો પ્રસ્તાવ દાખલ કરી શકાય નહિ. | | |
| | – લઠ્ઠાકાંડ | **૬૪.** | |
| | (૧)સંવેદનશીલ ઘટના તરફ સંવેદના વ્યકત કરવા સંયમી વ્યવહાર કરવો જોઈએ | | |
| | (૨)સૂચના દાખલ કરવા અધ્યક્ષશ્રી પર ખોટું દબાણ કરવું જોઈએ નહીં. | | |
| **સરકારી સંકલ્પ :** | | | |
| | – દાખલપાત્રતા | **૬૫.** | |
| | સબજયુડીસ બાબત | | |
| | ધારા ઘડવાની કાર્યવાહી તથા જાહેર હિતની બાબતો અંગેની ચર્ચાને સબજયુડિસનો નિયમ લાગુ પડે નહીં. | | |
| | – દાખલપાત્રતા | **૬૬.** | |
| | સબજયુડિસ બાબત | | |
| | જયાં સુધી કોઈપણ મુદ્દો ન્યાયિક સંસ્થા પાસે ચર્ચામાં ન લેવાય ત્યાં | | |

| | | | |
|---|---|---|---|
| | સુધી તે સબજ્યુડિસ બનતો નથી. | | |
| **શોકદર્શક ઉલ્લેખ :** | | | |
| | – અવસાનના સમાચારની અધિકૃતતા | **૬૭.** | |
| | વિધાનસભા સચિવાલય દ્વારા સભ્યશ્રીના અવસાનના સમાચારની અધિકૃતતાની ખાતરી થયા બાદ જ ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરી શકાય. | | |
| **સભ્યોની ગૃહમાં હાજરી :** | | | |
| | –સભાગૃહનો બહિષ્કાર | **૬૮.** | |
| | No work No pay | | |
| | સભાગૃહનો બહિષ્કાર કર્યા પછી સભ્યશ્રીઓએ નૈતિકતાના ધોરણે હાજરી પત્રકમાં સહી કરવી જોઈએ નહી – ભથ્થાં લેવા જોઈએ નહીં. | | |